દૈનિક મુંબઈ સમાચાર
R.N.I. No. 1563/1957
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 143 ■ વિક્રમ સંવત ૨૦૮૨
નિજ જયેષ્ઠ સુદ-૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 18 June 2026, Thursday ■ REGD.No. MCS/058/2024-26
ગુરુવાર, ૧૮ જૂન ૨૦૨૬, (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
લાડકી પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u







# ખલાસીઓની સંપૂર્ણ સલામતીની ખાતરી ટ્રમ્પ પાસે માગી મોદીએ

### ત્રણ ભારતીયનાં મોતનો મુદ્દો ઉઠાવ્યોઃ વડા પ્રધાનના મોંફાટ વખાણ કરતા અમેરિકાના પ્રમુખે કહ્યું કે, ભારત પર હુમલો થશે, તો અમેરિકા પડખે રહેશે


**મહારથીઓ મળ્યાઃ** ફ્રાન્સમાંજી-૭ શિખર પરિષદ દરમ્યાન અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ સાથે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી. (એજન્સી)

એવિયન-લેસ-બૈન્સ (ફ્રાંસ): અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીને બુધવારે બાંયધરી આપી હતી કે તમારા (મોદીના) શાસન વખતે ભારત પર કોઇ હુમલો કરશે, તો અમેરિકા નવી દિલ્હીને પડખે ઊભું રહેશે.

ફ્રાંસમાં જી-૭ના સભ્ય દેશોની શિખર પરિષદ વખતે મોદી સાથે યોજાયેલી દ્વિપક્ષી મંત્રણામાં ટ્રમ્પે વચન આપ્યું હતું કે ભારતના વડા પ્રધાન તરીકે મોદી હશે ત્યારે કોઇ ભારત પર હુમલો કરશે, તો અમેરિકા નવી દિલ્હીની મદદે આવશે.

ટ્રમ્પે જણાવ્યું હતું કે વડા પ્રધાન મોદી શાંત અને બહુ સરસ દેખાય છે, પરંતુ મંત્રણા વખતે ઘણું કડક વલણ અપનાવે છે. હું મોદી જેવો શાંત, સંયમમાં રહેનારો અને શક્તિશાળી નથી. મોદી ભલા અને ફરિસ્તા જેવા પરોપકારી છે. મને આશા છે કે મોદીના નેતૃત્વ હેઠળ ભારત સતત પ્રગતિ કરતું રહેશે. ભારતમાં જ્યાં સુધી મોદીનું શાસન છે ત્યાં સુધી ભારત બહુ સારી કામગીરી કરતું રહેશે. અમેરિકાના લશ્કરના હુમલામાં ત્રણ ભારતીય ખલાસીઓના થયેલા મૃત્યુ અંગે અમને દુઃખ છે.

શું પશ્ચિમ એશિયામાં નવી દિલ્હીની કોઇ ભૂમિકા છે? એવા સવાલના જવાબમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે મોદી જ્યાં સુધી ભારતના વડા પ્રધાન છે ત્યાં સુધી દરેક મોટી બાબતમાં ભારતની ભૂમિકા મહત્ત્વની રહી છે. ભારત અને અમેરિકાના સંબંધમાંના તણાવ અંગે પુછાયેલા સવાલના

(જુઓ પાનું ૪) ▶▶




# ઉદ્ધવના કેટલા સાંસદ ફૂટ્યા? ૪ કે ૬ કે ૭?

### આજે ખબર પડી જશેઃ ઉદ્ધવ સેનાએ આજની બેઠક માટે વ્હીપ જારી કર્યોઃ સંજય રાઉતે કર્યો ૫૦ કરોડમાં 'ખરીદાયા'નો દાવોઃ પત્રકાર પરિષદમાં ગાળ બોલ્યાઃ વ્હીપ અમાન્ય હોવાનો દાવો કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના રાજકારણમાં વધુ એક વખત બળવો જોવા મળ્યો છે અને આ વખતે ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળની શિવસેનાના છ સાંસદો ફૂટી ગયા હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. આ બધા વચ્ચે શિવસેના (યુબીટી) દ્વારા અપાત્રતાની કાર્યવાહી આગળ વધારવાના હેતુથી ગુરુવારે એક પાર્ટીની બેઠક માટે વ્હીપ જારી કરવામાં આવ્યો છે. આ બેઠકમાં ગેરહાજર રહેનારા સાંસદો સામે અપાત્રતાની કાર્યવાહી થઈ શકે છે. બીજી તરફ એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે આ વ્હીપ અમાન્ય છે. એટલે સ્થિતિ ગુરુવારની બેઠક બાદ જ સ્પષ્ટ થશે.

બુધવારે મોડી રાત સુધી આ ફૂટેલા સાંસદોની સંખ્યા ૪, ૬ કે ૭ છે તેની સ્પષ્ટતા થઈ નહોતી. કથિત રીતે બે બળવાખોર સાંસદ સંજય દિના પાટીલ અને ઓમરાજે નિંબાળકરે દિલ્હીમાં આવ્યા ન હોવાનો અને શિવસેના (યુબીટી) સાથે હોવાનો દાવો કર્યો હતો.

જ્યારે બીજી તરફ શિવસેના (યુબીટી)ના

(જુઓ પાનું ૪) ▶▶

# ઈરાન સાથે ડીલ ફાઈનલ નથી, ...તો ફરી બૉમ્બમારોઃ ટ્રમ્પ

## હું જ બૉસઃ જી-૭માં ટ્રમ્પની શેખી

પેરિસઃ જી-૭ સમિટના સવારના સત્રમાં મોડા પહોંચ્યા બાદ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે રૂમમાં પ્રવેશતા 'હું જ બોસ છું'ની કમેન્ટ કરી હતી.

બુધવારે ફ્રેન્ચ રિસોર્ટ ટાઉન એવિયન-લેસ-બેન્સમાં ગ્રુપ ઓફ સેવન (જી-૭)ના નેતાઓ ભેગા થયા ત્યારે, યુએસ પ્રમુખ સવારના સત્રમાં મોડા પહોંચ્યા હતા.

ટ્રમ્પે રૂમમાં પ્રવેશતા કહ્યું, ''હું જ બોસ છું,'' જ્યાં વિશ્વના સાથી નેતાઓ પહેલેથી જ બેઠા હતા. આ ટિપ્પણી સાંભળીને હાજર લોકોમાં હાસ્યનું મોજું ફરી વળ્યુ હતું.

''તમે કેમ છો?'' પૂછીને મેક્રોને ટ્રમ્પનું સ્વાગત કર્યું હતું, ટ્રમ્પે પોતાનું સ્થાન લેતા પહેલા તેનો જવાબ ''સારું, આભાર,'' કહીને આપ્યો હતો. ફ્રાન્સના પ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોન દ્વારા આયોજિત સમિટમાં પણ, ડોનલ્ડ ટ્રમ્પ જ રૂમનું નેતૃત્વ કરવા માંગતા હતા.

પેરિસઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે ઇરાન સાથેના સૂચિત કરારને હજી કોઇ અંતિમ સ્વરૂપ નથી અપાયું અને તહેરાન જો કરાર નહિ કરે અને તેનું 'સારું વર્તન' નહિ હોય, તો તેના પર ફરી બૉમ્બમારો કરીશું.

દુનિયાના બધા દેશ અમેરિકા અને ઇરાન વચ્ચે સૂચિત શાંતિ કરાર થવાની રાહ જોઇને બેઠા છે, ત્યારે ટ્રમ્પે બુધવારે ઇરાનને નવેસરથી ચેતવણી આપી હતી.

અમેરિકાના પ્રમુખે ફ્રાંસમાં જી-૭ના સભ્ય દેશોના નેતાઓની શિખર મંત્રણા વખતે જણાવ્યું હતું કે ઇરાન સાથેના સૂચિત શાંતિ કરારને કોઇ આખરી સ્વરૂપ નથી અપાયું અને તહેરાન જો તેની જવાબદારી નહિ નિભાવે તો તેના પર બૉમ્બમારો અને અન્ય હુમલા કરવાનું ફરી શરૂ કરીશું.

ટ્રમ્પે આ સંબંધમાં સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે હાલમાં તો ઇરાનની સાથે માત્ર સમજૂતી કરાર જ કરવાની તૈયાર ચાલે છે અને કરારને કોઇ અંતિમ સ્વરૂપ નથી અપાયું. જો અમને

(જુઓ પાનું ૪) ▶▶

# અમેરિકાનો ભારતને મોટો ઝટકોઃ પૅસિફિક કમાન્ડમાંથી ઈન્ડો શબ્દ હટાવી દીધો

### નકશામાં પીઓકેને કાશ્મીરનો હિસ્સો બતાવ્યું

વોશિંગ્ટનઃ અમેરિકાના યુદ્ધ વિભાગે જાહેરાત કરી હતી કે યુએસ ઈન્ડો-પૅસિફિક કમાન્ડ સત્તાવાર રીતે હવે પોતાના જૂના નામ યુએસ પૅસિફિક કમાન્ડના નામથી ઓળખવામાં આવશે. આમ સાત દાયકાથી વધુ સમયથી લશ્કરી કમાન્ડ જે નામ હેઠળ કામ કરતું હતું તે નામથી ઓળખાશે.

કમાન્ડે ઈન્ડો-પૅસિફિક ક્ષેત્રમાં પોતાના ઓપરેશન વિસ્તારના સંબંધમાં પોતાની સત્તાવાર વેબસાઇટ પર ભારતનો ખોટો નકશો પણ દર્શાવ્યો હતો. યુએસ પેસેફિક કમાન્ડની વેબસાઈટે પોતાના

(જુઓ પાનું ૪) ▶▶

# પાકિસ્તાન અને બાંગ્લાદેશમાંથી ભારતને ટાર્ગેટ કરશે હમાસ

### આ બંને દેશમાં પોતાનું નેટવર્ક હમાસે વિસ્તાર્યું હોવાનો ઈઝરાયલી રાજદૂતનો ચોંકાવનારો દાવો

નવી દિલ્હીઃ પાકિસ્તાને અમેરિકા અને ઇરાન વચ્ચે સમજૂતી કરાવવા સેતુનું કામ કર્યું છે ત્યારે ઈઝરાયલના ભારતના રાજદૂત રુવેન અઝારે ઘટસ્ફોટ કર્યો છે કે ઇઝરાયલ પાકિસ્તાન પર વિશ્વાસ રાખતું નથી અને તેની રાજદ્વારી ભૂમિકાને સાવચેતીભરી નજરથી જુએ છે.

ઇઝરાયલના ભારત ખાતેના રાજદૂતે આક્ષેપ કર્યો હતો કે હમાસને સાંકળતી પ્રવૃત્તિ પાકિસ્તાન અને બાંગ્લેદેશમાં પણ જોવા મળે છે. આ પડોશી દેશોમાંથી ભારતને ટાર્ગેટ કરવાની હમાસની મેલી મુરાદ છે. તેમણે હમાસની નેટવર્કના વિસ્તરણ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે આતંકવાદી સંગઠન હમાસનું પ્રભુત્વ મિડલ ઈસ્ટની બહાર વિસ્તરીત થઈ રહ્યું છે.

તેમણે પ્રાદેશિક મુત્સદ્દિગીરીમાં પાકિસ્તાનની મધ્યસ્થી તરીકેની ભૂમિકા અંગે નિરાશા વ્યક્ત કરી હતી. તેમણે આતંકવાદને ડામવામાં ઈસ્લામાબાદની પ્રતિબદ્ધતા અંગે સવાલ કર્યા હતા. અઝારે કહ્યું હતું કે એવા દેશો છે કે જે એમ માને છે કે શાંતિનો અર્થ ઇઝરાયલમાં જે પરિસ્થિતિ નથી એને ઉત્તેજન આપવું. આ વિસ્તારના બીજા હિતધારકોની સરખામણીમાં ઈઝરાયલનું શાંતિ અંગેનું પરિપ્રેક્ષ્ય મૂળભૂત રીતે

(જુઓ પાનું ૪) ▶▶

# પ્રતિબંધને હાઈ કોર્ટમાં પડકાર્યો ટેલિગ્રામે

નવી દિલ્હીઃ ઇન્સ્ટન્ટ મેસેજિંગ પ્લેટફોર્મ ટેલિગ્રામે આગામી નીટ-યુજી ૨૦૨૬ પુનઃપરીક્ષાના સંદર્ભમાં ભારતમાં બાવીસ જૂન સુધી તેના સંચાલનને અસ્થાયી રૂપે રોકવાના કેન્દ્ર સરકારના નિર્ણયને પડકારતી અરજી દિલ્હી હાઇકોર્ટમાં કરી છે.

એડવોકેટ માધવ ખોસલાએ ન્યાયાધીશ તેજસ કારિયાની વેકેશન બેન્ચ સમક્ષ તાત્કાલિક ધોરણે આ બાબતનો ઉલ્લેખ કર્યો હતો.

કોર્ટે આ અરજી પર દિવસના અંતમાં સુનાવણી કરવા સંમતિ આપી હતી.

કેસમાં હાજર રહેલા વકીલોના મતે, આ કામચલાઉ પ્રતિબંધથી સમગ્ર ભારતમાં ૧૫ કરોડથી વધુ ટેલિગ્રામ વપરાશકર્તાઓને અસર થઈ છે.

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ)ની વિનંતીને પગલે કેન્દ્રએ ટેલિગ્રામને બ્લોક કરવાનો આદેશ આપ્યો હતો, જેમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે ૨૧ જૂને યોજાનારી

(જુઓ પાનું ૪) ▶▶

## બંધી પાછળ રિલાયન્સ, વૉટ્સઍપનો હાથઃ ટેલિગ્રામના સીઈઓ

નવી દિલ્હીઃ ભારતમાં મેસેજિંગ એપ ટેલિગ્રામને લઈને એક નવો વિવાદ ઉભો થયો છે. ટેલિગ્રામના સીઈઓ પાવેલ દુરોવે દાવો કર્યો હતો કે ભારતમાં કંપનીની એપ પર પ્રતિબંધ મૂકવાના પ્રયાસો પાછળ વૉટ્સએપ અને રિલાયન્સ ગ્રુપનો હાથ હોઈ શકે છે. દુરોવે એવો પણ આરોપ લગાવ્યો હતો કે ટેલિગ્રામની સેવાઓને પ્રભાવિત કરવા માટે નેટવર્ક સ્તરની ગતિવિધિઓ કરવામાં આવી રહી છે. જોકે, ટેલિકોમ ઉદ્યોગના સૂત્રોએ આ આરોપોને સંપૂર્ણપણે ખોટા અને ભ્રામક ગણાવ્યા છે. સૂત્રોએ કહ્યું કે આ રિલાયન્સ ગ્રુપની બે અલગ અલગ કંપનીઓ વચ્ચે મૂંઝવણનું પરિણામ છે. ટેલિગ્રામના

(જુઓ પાનું ૪) ▶▶

# હોર્મુઝ ખોલશે તો બજારમાં ક્રૂડ તેલ વેચી શકશે ઈરાન

દુબઈઃ અમેરિકા સાથેના યુદ્ધનો અંત લાવવા માટેના કરાર પર સહી થાય કે તુરત ઇરાન હોર્મુઝ ખાડી ફરી ખોલવા તાત્કાલિક પગલાં લેશે અને તે કોઇ પણ પ્રકારના નિયંત્રણ વિના પોતાનું ખનિજ તેલ વેચી શકશે.

વૉશિંગ્ટન અને તહેરાન વચ્ચેના વચગાળાના કરારની 'લીક' થયેલી હોવાનું કહેવાતી નકલો મુજબ કરારમાં સંબંધિત જોગવાઇ છે.

સ્વિટ્ઝર્લેન્ડમાં શુક્રવારે યોજાનારા ખાસ કાર્યક્રમમાં અમેરિકા અને ઇરાન વચ્ચે આ કરાર પર સત્તાવાર સહીસિક્કા કરાશે.અમેરિકા યુદ્ધ બાદ ઇરાનને પુનર્નિર્માણ માટે ઓછામાં ઓછા ૩૦૦ અબજ ડૉલર આપવા તૈયાર થયું હોવાનું કહેવાય છે.

ઇરાનના અણુ-કાર્યક્રમને લગતી જોગવાઇ ધરાવતો અંતિમ કરાર થઇ જાય, તો અમેરિકા અને સંયુક્ત રાષ્ટ્રસંઘ તહેરાન પર લગાવેલા બધા પ્રતિબંધ ઉઠાવી લેશે.

ઇરાન માટે આ બહુ મોટી જીત છે કારણ કે તેના પરના આર્થિક પ્રતિબંધનો લીધે ન તેની સંપત્તિઓ વેચી શકતું હતું કે ન એ ક્રૂડ તેલ ખૂલ્લી બજારમાં વેચી શકતું હતું.

જોકે અમેરિકા સાથેની આ સમજૂતીને લીધે ઇરાનની આવકમાં મોટો વધારો થવાની પૂરેપૂરી શક્યતા છે.

અગાઉ, અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે પ્રમુખપદની પ્રથમ મુદત વખતે ઇરાન સાથેના ૨૦૧૫ના કરારને 'સૌથી ખરાબ' ગણાવીને તેમાંથી નીકળી જવાની જાહેરાત કરી હતી.

ઇરાન સાથેના સૂચિત કરારની વૉશિંગ્ટનમાં જ ઘણી

(જુઓ પાનું ૪) ▶▶

# સાયબર ક્રિમિનલ્સ પરોપજીવી, જેલમાં રહે એ જ સારુંઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે બુધવારે સાયબર છેતરપિંડીના એક આરોપીને જામીન આપવાનો ઇનકાર કર્યો હતો. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું કે 'સાયબર ગુનેગારો પરોપજીવી' હોય છે જે લોકો પાસેથી મોટી રકમ પડાવી લે છે અને તેમને જેલમાં રાખવાથી જ સમાજનું ભલું થાય છે'

સુપ્રીમ કોર્ટે બુધવારે કહ્યું કે સાયબર ગુનેગારો ''પરોપજીવી'' હોય છે જેઓ નિર્દોષ રોકાણકારો સાથે છેતરપિંડી કરીને રૂપિયા પડાવે છે અને આપણે તેમની સાથે ખૂબ જ કડક વલણ રાખવું પડશે. આ ટિપ્પણીઓ ચીફ જસ્ટિસ સૂર્યકાન્ત અને જસ્ટિસ વી.મોહન્નાની

(જુઓ પાનું ૪) ▶▶

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# હમાસ ભારતમાં હુમલો કરી શકે, ઈઝરાયલની વાતમાં દમ છે

**ઇરાન** સાથેના યુદ્ધવિરામને મામલે અમેરિકા સામે બાંયો ચડાવીને બેઠેલા ઈઝરાયલે ચેતવણી આપી છે કે, ઈઝરાયલ પર ભીષણ આતંકવાદી હુમલો કરનારું સંગઠન હમાસ પાકિસ્તાન અને બાંગ્લાદેશની મદદથી ભારત પર મોટા હુમલાની ફિરાકમાં છે. ભારતમાં ઇઝરાયલના રાજદૂત, રુવેન અઝારે દાવો કર્યો છે કે, હમાસના આતંકવાદીઓના પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં આંટાફેરા વધી ગયા છે. હમાસના આતંકવાદીઓ પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં છાવણીઓ બનાવીને સક્રિય છે અને ભારતમાં ગમે ત્યારે આતંકી હુમલો કરી શકે છે. અઝારના દાવા પ્રમાણે, ઈઝરાયલ લાંબા સમયથી પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં હમાસની પ્રવૃત્તિઓ પર નજર રાખીને બેઠું છે. તેમાં ખબર પડી છે કે, હમાસનું હવે પછીનું ટાર્ગેટ ભારત છે.

અઝારના કહેવા પ્રમાણે તો, ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના દિવસે ઈઝરાયલમાં કરેલા આતંકવાદી હુમલા પછી હમાસના આતંકવાદીઓની હિંમત બહુ વધી ગઈ છે. તેમને એમ જ લાગે છે કે, આપણે ઈઝરાયલને રગદોળી શકીએ તો પછી દુનિયામાં ગમે ત્યાં આવા હુમલા કરી શકીએ. પોતાની હિંમતની ચકાસણી માટે હમાસે હવે ભારતને પસંદ કર્યું છે તેથી ભારતે અત્યંત સતર્ક રહેવું જરૂરી હોવાનો અઝારનો દાવો છે.

હમાસે ૭ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ ઇઝરાયલ પર અત્યાર સુધીનો સૌથી મોટો આતંકવાદી હુમલો કરીને ૧૨૦૦ લોકોને મોતને ઘાટ ઉતારેલા. હમાસે ઈઝરાયલને ઊંઘતું ઝડપીને એક સાથે જમીન, સમુદ્ર અને હવામાંથી ઇઝરાયલ પર હુમલો કરીને કાળો કેર વર્તાવેલો. હમાસનો શિકાર બનેલા ૧,૨૦૦ લોકોમાંથી મોટા ભાગના સામાન્ય નાગરિકો હતા ને કેટલાક વિદેશીઓ પણ હતી. આ બધાંની જાહેરમાં માથાં કાપીને કે લાઈનમાં ઊભા રાખીને ગોળીઓ મારીને નિર્દયતાથી હત્યા કરવામાં આવી હતા. હમાસના આતંકવાદીએ ઘણી યુવતીઓને હવસનો શિકાર બનાવીને બળાત્કાર કરેલા અને કેટલીક વિદેશી યુવતીઓ પર બળાત્કાર કરીને હત્યા કર્યા પછી તેમના મૃતદેહની સામે નગ્નાવસ્થામાં પરેડ પણ કરી હતી.

હમાસના આતંકવાદી કેટલાક વિદેશીઓ સહિત લગભગ ૨૫૦ લોકોને ઉઠાવી પણ ગયા હતા અને બે વર્ષ સુધી બંદી બનાવીને રાખ્યા હતા. આ બંદીઓ પર અમાનવીય અત્યાચારો કરાતા હતા અને હમાસે ક્રૂરતાની તમામ હદો વટાવી દીધેલી. ઈઝરાયલે સતત બૉમ્બમારો કરીને હમાસના આતંકવાદી ઠેકાણાં અને હમાસનું શાસન હતું એ ગાઝા પટ્ટીને ખેદાનમેદાન કરી નાંખ્યું પછી હમાસે ઘૂંટણીયે પડીને ઈઝરાયલીઓને છોડવા પડ્યા. ઈઝરાયલના રાજદૂતે આ ઘટનાનો ઉલ્લેખ કરીને ભારતને ચેતવ્યું છે.

ઈઝરાયલના રાજદૂતે બે દિવસ પહેલાં ટીવી ચેનલને આપેલા ઈન્ટરવ્યૂમાં આ વાત કરેલી. ભારત સરકારે તેની સામે કોઈ પ્રતિક્રિયા આપી નથી ને એ સ્વાભાવિક છે. આ બધા ઈન્ટેલિજન્સ ઈનપુટ્સ જાહેરમાં ચર્ચવાના વિષયો નથી. ભારત સરકારને આ પ્રકારની ઘણી ચેતવણીઓ મળતી હોય છે ને તેનું શું કરવું તેનો નિર્ણય સરકાર પોતાની રીતે લેતી જ હોય છે. સરકારે શું કાર્યવાહી કરી એ જાહેર કરવાની ના હોય કેમ કે રાષ્ટ્રીય સુરક્ષા અત્યંત સંવેદનશીલ મુદ્દો છે. આ કારણે ભારત કોઈ પણ પ્રતિક્રિયા આપ્યા વિના બેસી રહે તેમાં કશું ખોટું નથી. ઈઝરાયલે રાબેતા મુજબ ખાનગીમાં આ ઈનપુટ્સ આપ્યા જ હશે ને ભારતે તેને ગંભીરતાથી લઈને પોતે લેવાનાં પગલાં લીધાં જ હશે. આ તો અઝારે ઈન્ટરવ્યૂમાં વાત કરી તેથી આપણને હમાસ તરફથી ખતરો હોવાની ખબર પડી, બાકી આ વાતની ખબર પણ ના થઈ હોત.

ઈઝરાયલના રાજદૂત ચોક્કસ વ્યૂહરચનાના આધારે આ બધી માહિતી આપી રહ્યા છે. ઈઝરાયલ ઈરાન સામે યદ્ધવિરામ માટે તૈયાર નથી ને પોતાને કનડતાં આતંકવાદી સંગઠનોને સાવ નેસ્તનાબૂદ કરીને જ જંપ લેવા માગે છે તેથી પોતાની તરફેણમાં માહોલ ઊભો કરવા મથે છે. ભારત સાથે ઈઝરાયલના વરસોથી સારા સંબંધ છે અને બંને મુસ્લિમ આતંકવાદીઓથી ત્રસ્ત છે તેથી ઈઝરાયલ આતંકવાદ સામેની લડાઈમાં ભારતને પોતાની સાથે રાખવા માગે છે. અત્યારે ભારત તટસ્થ છે કેમ કે ઈરાન અને અમેરિકા-ઈઝરાયલ બંને સાથે ભારતને સારા સંબંધો છે. ભારતને હમાસનો ડર બતાવાય તો ભારત ઈઝરાયલ ભણી ઢળી શકે એવી પણ ઈઝરાયલની ગણતરી હોઈ શકે છે.

પાકિસ્તાન-બાંગ્લાદેશ સાથેની મિલિભગતમાં હમાસ ભારત પર હુમલાની ફિરાકમાં હોવાની ઈઝરાયલની વાત સાવ અધ્ધરતાલ પણ નથી કેમ કે બાંગ્લાદેશ અને પાકિસ્તાન બંનેમાં ભારત વિરોધી માહોલ બહુ પ્રબળ છે. પાકિસ્તાની સરકાર અત્યારે પાકિસ્તાન આર્મીની તાબેદાર છે અને લશ્કરી વડા ફિલ્ડ માર્શલ અસીમ મુનીરના ઈશારે વર્તે છે. બાંગ્લાદેશના વડાપ્રધાન તારીક રહેમાન ભારત વિરોધી નથી પણ બાંગ્લાદેશનું આર્મી ભારત વિરોધી છે. બાંગ્લાદેશનું આર્મી પાકિસ્તાનના લશ્કરી અધિકારીઓ અને આઈએસઆઈને લાલ જાજમ પાથરીને આવકારી રહ્યું છે. તારીક રહેમાન વડા પ્રધાન બન્યા એ પહેલાં જ પાકિસ્તાન આર્મી અને આઈએસઆઈ બાંગ્લાદેશમાં ઘૂસી ગયેલું ને તેમને હાંકી કાઢવા તારીક રહેમાનનું ગજું નથી. પાકિસ્તાન આર્મી અને આઈએસઆઈની મદદથી હમાસ પણ પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં ઘૂસી ગયું હોય એ શક્યતા નકારી ના શકાય.

અત્યારે પાકિસ્તાન-બાંગ્લાદેશ અને હમાસ બંનેને એકબીજાની જરૂર છે. પાકિસ્તાનની ભારત સામે સીધા જંગની તાકાત નથી. પાકિસ્તાન પાંચમી કતારિયાઓને આગળ કરીને જ ભારત સામે યુધ્ધ લડે છે ને આતંકવાદ ફેલાવે છે. હમાસ તેમનો હાથો બનવા તૈયાર છે તો તેમને શો વાંધો હોય?

બાંગ્લાદેશમાં શેખ હસીનાને ઉથલાવ્યા પછી મુસ્લિમ કટ્ટરવાદીઓ સત્તા કબજે કરવાનાં સપનાં જોતા હતા. બાંગ્લાદેશમાં સત્તા મળે તો પાકિસ્તાનની મદદથી ભારતને રગદોળવાનાં શેખચલ્લી જેવાં દિવાસ્વપનોમાં કટ્ટરવાદીઓ રાચતા હતા. આર્મીએ પણ કટ્ટરવાદીઓને ગાદી પર બેસાડવા માટે છેક પૂંછડા લગીનું જોર લગાવી દીધેલું પણ બાંગ્લાદેશી પ્રજાએ શાણપણ બતાવીને કટ્ટરવાદી જમાતના બદલે રહેમાનની બાંગ્લાદેશ નેશનલ પાર્ટીને સત્તા સોંપતાં કટ્ટરવાદીઓ અસ્તિત્વ ટકાવવા ફાંફાં મારી રહ્યા છે.

બાંગ્લાદેશની સરકાર તરફથી ભારત વિરોધી પ્રવૃતિઓ માટે સીધી કોઈ મદદ મળવાની નથી તેથી આર્મી અને પાકિસ્તાનના સહારે મનસા પૂરી કર્યા વિના છૂટકો નથી. ઈઝરાયલે મારી મારીને સુવ્વર બનાવી દેતાં હમાસના આતંકીઓ પણ ભાગતા થઈ ગયા છે. પહેલાં હમાસના આતંકી મિડલ-ઈસ્ટના દેશોમાં પડ્યાપાથર્યા રહેતા પણ ઈઝરાયલ ત્યાં પણ બોમ્બમારો કરી રહ્યું છે તેથી તેમને સલામત ઠેકાણું જોઈએ છે. બાંગ્લાદેશ અત્યારે તેમના માટે સલામત ઠેકાણું છે. આ સલામતીના બદલામાં ભારતમાં થોડા હુમલા કરવા પડ તો તેના માટે હમાસ તૈયાર જ હોય એ જોતાં ઈઝરાયલની ચેતવણી સાવ મોં-માથા વિનાની નથી જ.

ભારત આ ધમકીઓને પહોંચી વળવા પૂરેપૂરું સક્ષમ છે. ભૂતકાળમાં અલ કાયદા અને ઈસ્લામિક સ્ટેટ સહિતનાં આતંકવાદી સંગઠનો ભારતમાં હુમલાની ચેતવણી આપી ચૂક્યાં છે પણ કદી હુમલો ના કરી શક્યાં. પાકિસ્તાનનાં પીઠ્ઠુ આતંકવાદી સંગઠનોને પણ ભારત ખોખરું કરી જ રહ્યું છે એ જોતાં હમાસ કોઈ ગુસ્તાખી કરશે તો તેની હાલત પણ ખરાબ થશે જ. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મ ઋતુ, ગુરુવાર, તા. ૧૮-૬-૨૦૨૬, વિનાયક ચતુર્થી, ગુરુ પુષ્યામૃત યોગ

- ભારતીય દિનાંક ૨૮, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, નિજ જયેષ્ઠ સુદ -૪
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે નિજ જયેષ્ઠ, તિથિ સુદ-૪
- પારસી શહેનશાહી રોજ ૮મો દએપઆદર, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૮મો દએપઆદર, માહે ૧૨મો સ્પેન્દાર્મદ સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૩૦મો અનેરાન, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨જો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- મીસરી રોજ ૩જો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- નક્ષત્ર પુષ્ય સવારે ક. ૧૧-૩૧ સુધી, પછી આશ્લેષા
- ચંદ્ર કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૩, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૬, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૫, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૫, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : બપોરે ક. ૧૪-૩૪, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૩૨ (તા. ૧૯)
- ઓટઃ સવારે ક. ૦૭-૪૯, રાત્રે ક. ૨૦-૫૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮,'પરાભવ'નામ સંવત્સર, નિજ જયેષ્ઠ શુક્લ - ચતુર્થી. વિનાયક ચતુર્થી, ગુરુ અર્જુનદેવ શહીદદિન (શીખ), ઉમા ચતુર્થી (બંગાળ-ઓરિસ્સા), ભદ્રા પ્રારંભ ક. ૦૮-૧૩થી સાંજે ક. ૧૮-૫૮, ગુરુ પુષ્યામૃત યોગ સૂર્યોદયથી ૧૧-૩૧. સૂર્ય મહાનક્ષત્ર મૃગશીર્ષ વાહન, દેડકો.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ ગુરુ-શનિ ગ્રહદેવતાનું પૂજન, પીપળાનું પૂજન, આજ રોજ લગ્નમુહૂર્ત ગ્રાહ્ય નથી. વિનાયક ચતુર્થીની ગણેશ મંદિરોમાં પૂજા, વિદ્યારંભ થઈ શકે. ચંદ્રબળ જોઈ સીમંત સંસ્કાર સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, શ્રી ગણેશપૂજા નિમિત્તે નવાં વસ્રો, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, પશુ લે-વેંચ, નૌકા બાંધવી, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, સર્પપૂજા, બુધ ગ્રહદેવતાનું પૂજન, ઔષધ ઉપચાર, માલ વેંચવો, સ્થાવર લેવડદેવડ, ઘર-ખેતર જમીન, મકાન લેવડદેવડ, પ્રાણી પાળવા.
- આચમનઃ ચંદ્ર-શુક્ર યુતિ ચોખલિયા, ચંદ્ર-શનિ ત્રિકોણ કામમાં વ્યસ્ત રહેનારા.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર યુતિ, ચંદ્ર-શનિ ત્રિકોણ. ગુરુ પુષ્ય નક્ષત્ર પ્રવેશ, બુધ પુનર્વસુ યુતિ.
- ગ્રહગોચરઃ સૂર્ય-મિથુન, મંગળ-મેષ, માર્ગી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કર્ક, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# ધર્મની સાચી સમજ આપનારા બે પ્રસંગોઃ અલ્લાહના અસ્તિત્વનો સચોટ પુરાવોઃ અશિષ્ટો પાસેથી શીખવા મળ્યા શિષ્ટાચારના પાઠ

**એક** નાસ્તિકે એક આસ્તિકને આ મુજબના ત્રણ સવાલો પૂછયાઃ

૧. અલ્લાહનું અસ્તિત્વ છે તોતે જોઈ શકાતો કેમ નથી?

૨. શેતાન નામે ઈબ્લિસ જ્યારે કે અગ્નિનો જ બનેલો છે તો પછી જહન્નમ, દોઝખમાં નાખવાથી તેની સજા દુઃખદાયી કઈ રીતે બની શકે? અને

૩. જ્યારે કે દરેક નેક અને બદ, સારા અને ખરાબ કાર્યો કરવાનું પરવરદિગાર, સૃષ્ટિના સર્જકની ઈચ્છાને આધિન, તેની મરજી પર અવલંબતી હોય તો પછી ઈન્સાનને શા માટે ગુનેગાર ગણવામાં આવે છે?

આસ્તિકે આ ત્રણે સવાલો સાંભળી લીધા અને પછી જબાનથી જવાબ આપવાને બદલે માટીનું એક ઢેફું જોરથી પેલા નાસ્તિકના માથામાં માર્યું અને ચૂપચાપ બેસી રહ્યો.

નાસ્તિકે અદાલતમાં ફરિયાદ કરી, પરિણામે વાદી અને પ્રતિવાદી - આસ્તિક અને નાસ્તિક બંને કોર્ટમાં ઊભા રહ્યા. ન્યાયાધીશે આસ્તિકને પૂછયું કે તમે પેલાને સવાલના જવાબ આપવાને બદલે માટીનું ઢેફું કેમ માર્યું? આ માટે તમને સજા કેમ ન કરવી?

આસ્તિકે જવાબ આપ્યો કે નામદાર હકીકતમાં મેં એને માર્યો નથી પરંતુ એ નિમિત્તે એના ત્રણે સવાલોના જવાબ આપ્યા છે. ન્યાયાધીશે આ બાબત વિસ્તારથી ખુલાસાવાર સમજાવવા માટે આસ્તિકને આજ્ઞા કરી, એ પરથી આસ્તિકે જવાબ આપ્યો કે નાસ્તિક ભાઈનો પહેલો સવાલ એ હતો કે અલ્લાહનું અસ્તિત્વ છે તો જોઈ શકાતો કેમ નથી? આ માટે હું એ ભાઈને જ પૂછીશ કે એને માટીના ઢેફાથી ઘા લાગવાના કારણે થતું દર્દ શા માટે જોઈ શકાતું નથી? અને જે કંઈ દેખાય છે તે ન તો ઘાનો માર છે કે ન તો તેનું દરદ, પરંતુ ઘા લાગવાની અસર જ છે. એમનો બીજો સવાલ એ હતો કે શેતાન આગનો બનેલો છે અને જહન્નમમાં પણ આગ છે તો એમાં ફેંકવાથી એને દરદ અને સજા શી રીતે થશે? તો હું એ ભાઈને પૂછું છું કે જ્યારે પોતે જ (નાસ્તિક) માટીનો બનેલો છે તો આ માટીના ઢેફાએ એને કેવી રીતે ઈજા પહોંચાડી? ત્રીજો સવાલ એ હતો કે સારા અને ખરાબ બધા જ કાર્યો પરવરદિગારની મરજી હોય તો જ માણસ કરી શકે તો પછી ઈન્સાનને તેના ગુના માટે કેમ સજા આપવી જોઈએ? શા માટે જવાબદાર ગણવો? એના જવાબમાં મારી સચોટ દલીલ એ છે કે ઢેફાનું મારવું પણ અલ્લાહ તરફથી નિમિત્ત હતું તો પછી મારા વિરુદ્ધ નાસ્તિકભાઈ અદાલતમાં કેમ દોડી આવ્યા?

ન્યાયાધીશ આ ત્રણે સવાલોના જવાબો સાંભળી ખૂબ જ નવાઈ પામ્યા અને પેલા નાસ્તિકની ફરિયાદ રદ કરી. સાચે જ ઈલાહી હસ્તીનો સચોટ પુરાવો આ દાખલો પૂરો પાડી જાય છે.

* * *

### અશિષ્ટો પાસેથી શીખવા મળ્યા શિષ્ટાચારના પાઠ

એક દિવસ શેખ સા'દીસાહેબ પોતાના મુલાકાતીઓ સાથે બેઠા હતા ત્યારે એક ભાઈએ તેમને પૂછયું - શેખ સાહેબ, સભ્યતા અને શિષ્ટાચાર આપે કોની પાસેથી શીખ્યા? શેખ સા'દીએ જવાબ આપ્યો કે અસભ્યો અને અશિષ્ટોએ મને સભ્યતા અને શિષ્ટતા શીખવાડી છે.

પેલો શખસ જેણે સવાલ પૂછયો હતો તે હસી પડયો. બોલ્યો, શેખ સા'બ! તમેય શું મજાક કરી રહ્યા છો. અસભ્ય અને અશિષ્ટ લોકો તે શું કોઈને સભ્યતા અને શિષ્ટતા શીખવતા હશે?

શેખ સા'દી ગંભીર બની ગયા. બોલ્યા - ના ભાઈ, હું મશ્કરી નથી કરતો. મેં જે કાંઈ કહ્યું તે સાચું જ કહ્યું છે.

પણ કઈ રીતે? પેલા માણસે પૂછયું.

જવાબમાં શેખ સા'દીએ કહ્યું - અસભ્ય અને અશિષ્ટ લોકો જે કાંઈ કરતા હોય છે તેનાથી હું સેંકડો જોજન દૂર રહું છું જ્યારે આથી વિપરીત તે લોકો જે કંઈ નથી કરતા તે હું તરત અપનાવી લઉં છું અને કરવાનું નથી ચૂકતો. તમે પણ લોકોની સારી આદતો - ટેવોને, સારા કાર્યોને - સારા આચરણોને ઝટ અપનાવી લેતા શીખો. જ્યારે બીજી તરફ લોકોના ખરાબ વિચારો, ખરાબ આચરણોથી હંમેશાં દૂર રહો.

### સનાતન સત્યઃ

વહાલા વાચક બિરાદરો! અશિષ્ટો પાસેથી જ શીખવા મળતા હોય છે શિષ્ટાચારના પાઠ જેનો અનુભવ સાત દાયકા ઉંમરના વટાવી ચૂકેલા આ કોલમનિષ્ટને આજે પણ શીખવા મળે છે.

વિણેલા મોતીઃ

કદી પણ માયુશ, નિરાશ થશો નહીં, અલ્લાહ પર એતાબ, ભરોસો, વિશ્વાસ રાખશો તો ગમે ત્યાંથી અચાનક સારો વળાંક આવે જ છે.

* સબ્ર કરો

* માયુશી, નિરાશા શેતાન દ્વારા ફેલાવેલી માયાજાળ છે. અલ્લાહને ત્યાં દેર છે, અંધેર નથી જ...!

**ધર્મજ્ઞાન**

...'અને ખરેખર અમે (પાક, પવિત્ર) કુરાનને બોધ ગ્રહણ કરવા માટે સહેલું કરી દીધું, તો હવે છે કોઈ બોધ ગ્રહણ કરનાર...?' - હદીસ

સાપ્તાહિક સંદેશઃ

* નેકી, ભલાઈ, ભલમનસાઈ, પ્રમાણિકતા, સજજનતા, સત્ય કરવા માટે કોઈને કોઈ બહાનું, અવસર શોધતા રહો.

* પૂરું યુદ્ધ ના કરો, થોડીક સુલેહની પણ ગુંજાઈશ રાખો. ■

# વારા પછી...: સમાજવાદી પક્ષમાં ભંગાણની તૈયારી

નવી દિલ્હીઃ સમાજવાદી પાર્ટી (એસપી)માં મોટી ફાટફૂટ થવાની છે એવા ભાજપના નેતા ઓમપ્રકાશ રાજભરના દાવાને પક્ષના અધ્યક્ષ અખિલેશ યાદવે રદિયો આપ્યો હતો. હવે ઉત્તર પ્રદેશનો વારો છે એવી રાજભરની ટિપ્પણીનો જવાબ આપતાં અખિલેશ યાદવે કહ્યું હતું કે દાણા ઔર ગાના, કબ તક ચલેગે યે અફસાના (ક્યાં સુધી લાલચ અને સરાહનાની સ્ટોરી ચાલશે?)

સમાજવાદી પાર્ટીના પ્રમુખે કહ્યું હતું કે ભાજપે રાજકીય રણનીતિ તરીકે તીરાડ અને પક્ષપલટાનો ઉપયોગ કર્યો છે. ભાજપે આ અગાઉ પણ અનેક પક્ષોમાં ભંગાણ પાડ્યું છે. ભાજપે સમાજવાદી પક્ષના વિધાનસભ્યો, વિધાન પરિષદના સભ્યો અને રાજ્યસભામાં જનારા નેતાઓને ફોડી નાખ્યા છે. આ લોકો હંમેશાં લાલચ અને આંતરિક ખેંચતાણથી પ્રેરેલા હોય છે. જોકે તેમણે દાવો કર્યો હતો કે સમાજવાદી પાર્ટી આવા પડકારોનો સામનો કરવા સંપૂર્ણ રીતે સજ્જ છે. અખિલેશે કહ્યું હતું કે રાજકીય ચડાવઉતાર છતાં એસપી સશક્ત પક્ષ રહ્યો છે. તેમણે કહ્યું હતું કે સમાજવાદી પાર્ટીનું સંગઠન મજબૂત છે. કોઈ પણ રાજકીય પક્ષની જેમ આ પક્ષને તેની યાત્રા દરમિયાન ચડાવઉતાર જોવા મળ્યા છે. અમે ભાજપને પડકાર ફેંકવા તૈયાર છીએ. એસપી મોટી ફાટફૂટને આરે છે અને આ પક્ષના અનેક નેતાઓ ભાજપમાં જોડાશે એવી રાજભરની ટિપ્પણી બાદ અખિલેશે આ જવાબ આપ્યો હતો.

રાજભરે એક્સ પર મૂકેલી પોસ્ટમાં દાવો કર્યો હતો કે એસપીના નેતા રામગોપાલ યાદવે કેન્દ્રના ગૃહપ્રધાન અમિત શાહને એક પત્ર સુપરત કર્યો છે. જોકે રાજભરે આ કથિત પત્રના કોઈ પુરાવા કે વિગતો આપી નહોતી.

રાજભરે આક્ષેપ કર્યો હતો કે કથિત ખાણ અને ગોમતી રિવરફ્રન્ટ કૌભાંડને લીધે આખી એસપી દબાણ હેઠળ છે અને આખી એસપી ભાજપમાં જોડાવવા માગે છે.

# રામમંદિરમાં ચોરીચપાટીઃ ટ્રસ્ટના ટોચના અધિકારીઓની પૂછપરછ

અયોધ્યા (ઉત્તર પ્રદેશ) : ઉત્તર પ્રદેશ સરકારે અયોધ્યાના રામમંદિરમાં દાનમાં આપેલા નાણાંની ચોરી અને શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની ગેરરીતિની તપાસ કરવા નિમેલી સ્પેશ્યલ ઇન્વેસ્ટિગેશન ટીમ (ખાસ તપાસ ટુકડી, સિટ)એ ટ્રસ્ટના મહામંત્રી ચંપત રાઈ અને વહીવટકાર ગોપાલ રાવની પૂછપરછ કરી હતી. તપાસ ટીમે નાણાં ગણવામાં સંડોવાયેલા અને ટ્રસ્ટના રેકોર્ડ રાખનારાની પૂછપરછ કરી હતી.

સૂત્રોએ કહ્યું હતું કે રાઈ અને રાવની દાનના નાણાં, મંદિર અંગેની વ્યવસ્થા અને એમાં સંડોવાયેલા લોકો અંગે પૂછપરછ કરાઈ હતી. તપાસ ટીમમાં લખનઊ ડિવિઝનલ કમિસનર વિજય વિશ્વાસ પંત, ઈન્સ્પેકટર જનરલ (આઈજી) કિરણ એસ. અને નાણાંના ખાસ સચિવ નીલ રતનનો સમાવેશ થાય છે. રાઈ અને રાવની અલગ પૂછપરછ કરાઈ હતી અને આ વખતે સુરક્ષા એજન્સી સાથે સંકળાયેલા લોકોને દૂર રખાયા હતા.

ટીમે સીસીટીવી ફૂટેજ સહિત અનેક રેકર્ડ તપાસ્યા હતા. ટીમે દાનપેટીનું નિરીક્ષણ કર્યું હતું અને પેટીની સંખ્યા ગણી હતી. ટીમે આખા પ્રક્રિયાના રેકર્ડ તેના કબજામાં લીધા હતા.

ટીમના વડા પંતે ભોયતળિયેના રામલલાના ગર્ભગૃહ નજીકના રૂમનું નિરીક્ષણ કર્યું હતું જ્યાં દાનમાં મળેલી ઝવેરાત અને બીજી ધાતુઓ રાખવામાં આવે છે. ટીમે આ જવાબદારી નિભાવતા કૃષ્ણદેવ તીવારીની પૂછપરછ કરી હતી ટીમના સભ્યો સાંજ સુધી મંદિરના પરિસરમાં હતા.

અધિકારીઓએ કહ્યું હતું કે ટ્રસ્ટ, સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા અને ગણતરી કરતી એજન્સીના ૪૦ સભ્યો નાણાડ ગણવામાં સંડોવાયેલા છે જે બે પાળીમાં કામ કરે છે.

ત્રણ વ્યક્તિએ વિવિધ પોલીસ સ્ટેશનમાં આ બાબતમાં એફઆઈઆર નોંધાવ્યો છે. જોકે પોલીસે કોઈ કેસ નોંધ્યો નથી. (એજન્સી)

# 'નીટ'ની ફેરપરીક્ષાનું દબાણ સહન ન થતાં ૨૩ વર્ષની રિયાની આત્મહત્યા

દેહરાદૂનઃ 'નીટ'ની પરીક્ષા આપવા ઈચ્છુક ૨૩ વર્ષની ઉમેદવારે દેહરાદૂનના ચંદ્રબાની વિસ્તારસ્થિત પોતાનાં નિવાસસ્થાને મંગળવારે સવારે કથિત આત્મહત્યા કરી જીવન ટૂંકાવ્યું હોવાનું પોલીસે કહ્યું હતું.

મૃતકને રિયા તરીકે ઓળખી કાઢવામાં આવી હતી. રિયા મેડિકલ ઍન્ટ્રન્સ એક્ઝામની તૈયારી કરી રહી હતી અને તે 'નીટ'ની ફેરપરીક્ષાનાં દબાણ હેઠળ હોવાનું જાણવા મળ્યું હતું.

અધિકારીઓના જણાવ્યા અનુસાર રિયા હોશિયાર વિદ્યાર્થિની હતી. ૧૨મા ધોરણમાં તેણે ૯૬.૭ ટકા મેળવ્યા હતા અને બાદમાં કૉલેજમાં તે ટૉપર રહી હતી.

ઘટનાસ્થળેથી મળી આવેલી સ્યૂસાઈડ નૉટમાં રિયાએ લખ્યું હતું 'મોમ ઍન્ડ ડેડ, આ લવ યુ ઍન્ડ આઈ એમ સૉરી'. સ્યૂસાઈડ નૉટમાં તેણે અભ્યાસમાં ધારી સફળતા મળી હોવા અંગે તેણે નિરાશા અમે હતાશા વ્યક્ત કર્યા હતાં.

સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં સર્કલ ઑફિસર (સીઓ) સદર અનિકેત કંદારીએ કહ્યું હતું કે મંગળવારે સવારે આ કરુણાંતિકા સર્જાઈ હતી. ચંદ્રાબાનીમાં ૨૩ વર્ષની રિયાએ આત્મહત્યા કરી લીધી હોવાની પટેલ નગર પોલીસ સ્ટેશનને માહિતી મળી હતી.

તપાસમાં જાણવા મળ્યું હતું કે સવારે સાડાદસ વાગ્યે માતાએ નાસ્તા માટે રિયાને બોલાવી હતી, પરંતુ તેણે દરવાજો નહોતો ખોલ્યો. પિતાને બોલાવ્યા બાદ દરવાજો ખોલવામાં આવ્યો હતો. જોકે ત્યાં સુધીમાં રિયાએ ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. (એજન્સી)

# જગતની પ્રગતિ માટે જરૂરી ભારતનો વિકાસઃ ભાગવત

ઉદયપુરઃ ભારતની પ્રગતિને અટકાવવા અને નબળું પાડવા દેશવિદેશમાં ભારત અંગે ભ્રામક વિગતો ફેલાવવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે, એમ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતે બુધવારે કહ્યું હતું.

ભાગવતે ભારપૂર્વક કહ્યું હતું કે ભારતની પ્રગતિ માત્ર ભારત માટે જ નહીં, પરંતુ સંપૂર્ણ વિશ્વના કલ્યાણ માટે પણ જરૂરી છે.

મહારાણા પ્રતાપ જયંતીની ઉજવણી નિમિત્તે અહીં યોજવામાં આવેલા એક કાર્યક્રમને સંબોધન કરતાં તેમણે કહ્યું હતું કે ભારતની પ્રગતિનો વિરોધ કરતા લોકો તેને અટકાવવા વિવિધ માર્ગ અપનાવી રહ્યા છે.

એવા અનેક લોકો છે જે ભારત પ્રગતિ કરે એવું નથી ઈચ્છતા અને તેની ખાતરી કરવા તેઓ દેશવિદેશમાં ભારત અંગે ભ્રામક વાતો ફેલાવતા રહે છે, એમ તેમણે કહ્યું હતું.

આ લોકો પાસે સત્તા. આર્થિક તાકાત અને સંસ્થાકીય ક્ષમતા બધું જ છે, આમ છતાં આપણે આપણાં મૂલ્યો પર અડગ રહેવાનું છે, એમ તેમણે કહ્યું હતું. મજબૂત ભારત વિશ્વ માટે પણ જરૂરી છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

# શાંતિકરાર કરશે ટ્રમ્પ અને નેતન્યાહુની દોસ્તીની કસોટી

વૉશિંગ્ટનઃ ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ ગયા વર્ષે કહ્યું હતું કે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ વાઈટ હાઉસમાં રહેલા ઈઝરાયલના સૌથી મોટા મિત્ર છે. હવે ટ્રમ્પ ઇરાન સાથેના યુદ્ધને ખતમ કરવા ડીલ કરવાના છે ત્યારે તેઓ નેતન્યાહુ વિરુદ્ધ જાહેરમાં એવો આલાપ કરી રહ્યા છે જે અમેરિકાના બીજા કોઈ નેતાએ કર્યો નથી.

નેતન્યાહુના શાસને અમેરિકાના ચાર પ્રમુખ જોયા છે અને તેમણે કોઈ તબક્કે બધા પ્રમુખોને નિરાશ કર્યા છે. જોકે કોઈએ પણ ટ્રમ્પની જેમ નેતન્યાહુને આવા જાહેરમાં ઘઘલાવ્યા નથી. ટ્રમ્પ અને નેતન્યાહુએ ૨૮ ફેબ્રુઆરીએ ઇરાન પર સહિયારો હુમલો કર્યો હતો.

ટ્રમ્પે તાજેતરમાં ઇઝરાયલના લેબેનોન પરના હુમલાની ટીકા કરી એટલે અમેરિકા અને ઇઝરાયલ વચ્ચે તંગદિલી વધી છે. ઇઝરાયલના લેબેનોન પરના હુમલાને લીધે વૉશિંગ્ટન અને ઇરાન વચ્ચેની વાતચીત તૂટી જાય એવા સંજોગો ઊભા થયા છે. ઘરઆંગણે ટ્રમ્પ યુદ્ધ સામે મોટો રાજકીય આક્રોશનો સામનો કરી રહ્યા છે. અમેરિકામાં યુદ્ધ અપ્રિય બની ગયું છે અને ગેસોલિનના ભાવ વધી ગયા છે.

છેલ્લા બે દાયકાથી મધ્ય પૂર્વના ડેમોક્રેટિક અને રિપબ્લિક વહીવટીતંત્રના સલાહકાર આરોન ડેવિડ મિલરે કહ્યું હતું કે જો નેતાન્યાહુ ટ્રમ્પ જે ઈચ્છે છે એની આડે આવશે તો એનો ટ્રમ્પ ફાયદા માટે ઉપયોગ કરશે.

શુક્રવારે ફ્રાન્સના લુઝેમ સિટીમાં બર્ગેનસ્ટોક રિસોર્ટમાં ચાલતી જી-૭ શિખર પરિષદ દરમિયાન આ કરાર થાય એવી સંભાવના છે. ટ્રમ્પે કહ્યું છે કે તે નેતન્યાહુની તાજેતરની હિલચાલોથી નારાજ છે. ટ્રમ્પે તો દાવો કર્યો હતો કે અમેરિકા વિના ઈઝરાયલનું અસ્તિત્વ નથી. મારા વિના ઈઝરાયલ હોત જ નહીં, કારણ કે બીજા કોઈ પ્રમુખે મેં જે કર્યું છે એ કરવા તૈયાર થયા નહોતા. મારે બીબી (નેતન્યાહુ) સાથે સારા સંબંધ છે, પરંતુ બીબીએ લેબેનોન અંગે વધુ જવાબદાર થવું જોઈએ.

વૉશિંગ્ટનમાં હંમેશાં બન્ને મોટા પક્ષોએ ઇઝરાયલને ટેકો આપ્યો છે. જોકે તાજેતરના વર્ષોમાં ઈઝરાયલે પેલેસ્ટાઈનમાં જે કર્યું અને ખાસ કરીને ગાઝા યુદ્ધમાં એનાથી લિબરલ નારાજ છે. હવે રૂઢિચુસ્તવાદીઓ પણ ઇઝરાયલને સતત ટેકો આપવાનો વિરોધ કરી રહ્યા છે. યહૂદી લોકો પ્રત્યે દ્વેષના મુદ્દે ડાબેરી અને જમણેરીમાં ચિંતા પ્રવર્તે છે. (એજન્સી)

# મોનોરેલ શરૂ થતાં ભાડામાં મોટો વધારો થવાની શક્યતા

મુંબઈઃ છેલ્લા નવ મહિનાથી બંધ ચેમ્બુર-જેકબ સર્કલ મોનોરેલ ટૂંક સમયમાં ફરી શરૂ થઈ શકે છે. જો કે, આ સાથે જ તેના ટિકિટ દરોમાં વધારો થવાની સંભાવના છે. હજુ સુધી અંતિમ નિર્ણય લેવાયો નથી, પરંતુ જો આ ભાવ વધારો લાગુ થશે તો મુસાફરો પર બોજ વધશે.

દેશની પ્રથમ મોનોરેલ તરીકે ઓળખાતી ચેમ્બુર-જેકબ સર્કલ મોનોરેલ ભારે ખોટ અને અકસ્માતોને કારણે સપ્ટેમ્બર ૨૦૨૫માં બંધ કરી દેવામાં આવી હતી. એ પછી મોનોરેલ રૂટ અને તેની સિસ્ટમના આધુનિકીકરણનું કામ હાથ ધરવામાં આવ્યું હતું, હવે તે પૂર્ણ થઈ ગયું છે. જૂનના અંતમાં અથવા જુલાઈની શરૂઆતમાં મોનોરેલ સેવામાં પાછી ફરે તેવી શક્યતા છે.

આધુનિકીકરણના કામ પાછળ મોટો ખર્ચ થયો છે અને આ ખર્ચને સરભર કરવા માટે એમએમઆરડીએ ટિકિટ દરમાં વધારો કરવાનું વિચારી રહ્યું હોવાનું જાણવા મળ્યું છે. હાલમાં ત્રણ કિમી માટે ૧૦ રૂપિયા, ત્રણથી ૧૨ કિમી માટે ૨૦ રૂપિયા, ૧૨થી ૧૮ કિમી માટે ૩૦ રૂપિયા અને ૧૮ કિમી માટે ૪૦ રૂપિયા ટિકિટ દર છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ શરૂઆતના ત્રણ કિમી માટે ૧૦ રૂપિયા, ત્રણ થી છ કિમી માટે ૨૦ રૂપિયા, છથી નવ કિમી માટે ૪૦ રૂપિયા, ૧૨ થી ૧૫ કિમી માટે ૫૦ રૂપિયા અને ૧૫ થી ૧૮ કિમી માટે ૭૦ રૂપિયા નક્કી કરવામાં આવે તેવી શક્યતા છે. ■

# સામાજિક, રાજકીય આંદોલનો દરમિયાન દાખલ કરાયેલા ૪૪ કેસ પાછા ખેંચવાનો કેબિનેટ સબ-કમિટીનો નિર્ણય

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યમાં ધાર્મિક, રાજકીય અને સામાજિક આંદોલનો દરમિયાન દાખલ કરાયેલા ૪૪ કેસ પાછા ખેંચવાનો નિર્ણય કેબિનેટ સબ-કમિટીએ લીધો છે અને સરકારને પણ આ ભલામણ કરી છે, એમ સાંસ્કૃતિક બાબતોના પ્રધાન અને આ સબ-કમિટીના અધ્યક્ષ આશિષ શેલારે જણાવ્યું હતું.

રાજ્યમાં રાજકીય અને સામાજિક આંદોલનો દરમિયાન દાખલ કરાયેલા કેસ પાછા ખેંચવા માટે ઇલેક્ટ્રોનિક્સ, માહિતી ટેકનોલોજી અને આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ ખાતાના પ્રધાન અને આશિષ શેલારના અધ્યક્ષપદે એક કેબિનેટ સબ-કમિટીની રચના કરવામાં આવી છે. બુધવારે સહ્યાદ્રી ગેસ્ટ હાઉસ ખાતે એક બેઠક યોજાઈ હતી. આ અગાઉની બેઠકમાં ૭૭ કેસ પાછા ખેંચવામાં આવ્યા હતા. બુધવારે ૪૪ કેસ પાછા ખેંચવાની ભલામણ કરવામાં આવી હતી.

આ સમિતિની બેઠકમાં, પોલીસમાં દાખલ કરાયેલા ૧૩૩ અરજદારોમાંથી ૪૪ અરજદારો સામેના કેસ પાછા ખેંચવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ બેઠકમાં કાયદો અને ન્યાય વિભાગના મુખ્ય સચિવ, કાર્યવાહી નિયામક, ગૃહ વિભાગના અધિકારીઓ અને રાજ્યના વરિષ્ઠ પોલીસ અધિકારીઓ હાજર રહ્યા હતા.

સરકારની નીતિ હેઠળ મહિલાઓ વિરુદ્ધના ગુનાઓ, ગંભીર કેસો, વ્યક્તિગત અને દીવાની કેસો માફ કરી શકાતા નથી. તેથી, આવા કેસોમાં કેસ પાછા ખેંચવાનો સ્પષ્ટ ઇનકાર કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત, સરકારના નિર્ણય અને સુપ્રીમ કોર્ટના નિર્દેશો અનુસાર, વિધાનસભ્યો, ભૂતપૂર્વ વિધાનસભ્યો, સાંસદો અને ભૂતપૂર્વ સાંસદો સંબંધિત કેસોમાં, અંતિમ નિર્ણય બોમ્બે હાઇકોર્ટમાં જ લેવાનો રહેશે. તે દિશામાં પણ પગલાં લેવામાં આવી રહ્યા છે.

કેબિનેટ સબ-કમિટી દ્વારા મળેલા ૧૩૩ અરજદારોમાંથી, ૧૪ અરજીઓ પર પુનર્વિચાર કરવાની ભલામણ કરવામાં આવી છે અને આ કેસો ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસની અધ્યક્ષતામાં નિયુક્ત પ્રાદેશિક સમિતિ સમક્ષ મૂકવામાં આવશે. ઉપરાંત, ૩૫ કેસોમાંથી, કેટલાક કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો જ્યારે ૩૨ કેસો સમિતિના કાર્યક્ષેત્રમાં નહોતા. બુધવારે મળેલા કેસોમાંથી, ફક્ત ૮ કેસો પેન્ડિંગ છે.

સામાજિક કાર્યકરો, રાજકીય પક્ષના કાર્યકરો, વિરોધીઓ અને વૈચારિક ચળવળોમાં ભાગ લેનારાઓ સામે કોઈ કારણ વગર કેસ દાખલ કરવામાં આવ્યા હતા. આવા બિનજરૂરી કેસોમાંથી તેમને મુક્ત કરવાની જવાબદારી સરકારની છે. પાછા ખેંચવામાં આવેલા કેસોમાં ગણેશોત્સવ, નવરાત્રી, દહીં હાંડી, સામાજિક કાર્યક્રમો, ગૌરક્ષા આંદોલન અને મજૂર આંદોલનને લગતા વિવિધ કેસોનો સમાવેશ થાય છે. ■

# 'સાંસદ બન્યા પછી આર્થિક નુકસાન થયું'

## લાતુર કૉંગ્રેસના સાંસદના નિવેદનથી આશ્ચર્ય!

લાતુરઃ મહારાષ્ટ્રમાં મોટા રાજકીય ભૂકંપ વચ્ચે લાતુરના કોંગ્રેસના સાંસદ શિવાજીરાવ કાલગેએ જણાવ્યું છે કે સાંસદ બનવાના કારણે તેમને આર્થિક નુકસાન થયું છે.

સાંસદ શિવાજી કાલગે ૨૦૨૪ માં લાતુર લોકસભા મતવિસ્તાર (અનુસૂચિત જાતિ માટે અનામત બેઠક) માંથી કોંગ્રેસની ટિકિટ પર ચૂંટાયા હતા. તેમના સંસદીય ભૂમિકાને કારણે નાણાકીય નુકસાનનો દાવો કરતા નિવેદને રાજકીય વર્તુળોમાં આશ્ચર્ય સર્જ્યું છે.

ડો. કાલગે એક નેત્ર ચિકિત્સક છે જે લાતુરમાં હોસ્પિટલ ચલાવે છે, જ્યાં તેમની સંપર્ક કચેરી પણ આવેલી છે. હાલમાં તેમનો એક વીડિયો વાયરલ થયો છે જેમાં તેમણે જણાવ્યું હતું કે તેમણે ૨૦૨૩-૨૪ નાણાકીય વર્ષ દરમિયાન આશરે ₹૩૬ લાખ આવકવેરો ચૂકવ્યો હતો, જે આવક ઘટતા ૨૦૨૪-૨૫ નાણાકીય વર્ષ દરમિયાન ઘટીને લગભગ ₹૮.૭૫ લાખ થઇ ગયો. તેમણે જણાવ્યું હતું કે ડોક્ટર તરીકે , તેઓ દર્દીઓ માટે પૂરતો સમય ફાળવી શકતા નથી તેમજ પૂર્ણ સમય હોસ્પિટલનું સંચાલન કરી શકતા નથી. આ નિવેદન પછી, તેમને સોશિયલ મીડિયા પર ટીકાઓનો સામનો કરવો પડ્યો છે.

સાંસદ પદ એ નાણાકીય લાભ અને નુકસાનને ધ્યાનમાં રાખીને સ્વીકારવાનું પદ નથી, પરંતુ લોકોની અપેક્ષાઓ અને જવાબદારીઓ સાથે સંબંધિત પદ છે. તેથી, પ્રશ્ન પૂછવામાં આવી રહ્યો છે કે શું ચૂંટણી લડતા પહેલા નાણાકીય નુકસાનની અપેક્ષા નહોતી. શરૂઆતથી જ સ્પષ્ટ હતું કે ડોક્ટર તરીકે દર્દીઓ માટે સમય ફાળવી શકાશે નહીં, તે જોતાં જનપ્રતિનિધિ બનવાનો નિર્ણય શા માટે લેવામાં આવ્યો તે અંગે પણ ચર્ચા થઈ રહી છે.

તેમજ સાંસદ બન્યા પછી મતવિસ્તાર માટે કેટલો સમય ફાળવ્યો અને કયા મોટા વિકાસ કાર્યો કર્યા અંગે પણ પ્રશ્નો પુછાઈ રહ્યા છે. ■

# ફાધર્સ ડેઃ બાળકોને ખરાં અર્થમાં મળતો નાણાકીય વારસો



**બોનિફેસ નોરોન્હા, હેડ ડિજિટલ, એક્સિસ મ્યુચ્યુઅલ ફંડ**

ભારતમાં પેઢીઓથી પિતાઓનું મૂલ્યાંકન પોતાના પરિવારોની જરૂરિયાતો પૂરી કરવાના દ્રષ્ટિકોણથી થઈ રહ્યું છે. સ્થિર આવકનો સૌથી મોટો સ્રોત. પોતાની માલિકીનું ઘર. ભવિષ્ય માટે સોનું ભેગું કરવું. સલામતી માટે વીમો. બાળકોનાં શિક્ષણ માટે બચત. આગામી પેઢી સુખ-સુવિધાઓ અને તક. ઝડપથી વધારે સારું જીવન જીવી શકે એ માટે પિતા દાયકાઓ સુધી વિવિધ કામગીરીઓ કરવા અનેક ત્યાગ ચૂપચાપ કરે છે. પરંપરાગત રીતે વારસાનો અર્થ કોઈ વ્યક્તિ પોતાની પાછળ કેટલી ભૌતિક સંપત્તિ છોડીને જાય છે એના સુધી મર્યાદિત રહ્યો છે, પરંતુ આજના ભારતમાં નાણાકીય વારસાના અર્થમાં પરિવર્તનની શરૂઆત થઈ ગઈ છે. હવે પોતાના બાળકો માટે સૌથી વધુ ટકાઉ વારસાનો અર્થ ભૌતિક સંપત્તિઓ કે સંચિત સંપત્તિ પૂરતો મર્યાદિત રહ્યો નથી. હકીકતમાં હવે બાળકો માટે સૌથી મહત્ત્વપૂર્ણ વારસો છે - પિતાનો નાણાકીય અભિગમ. આ પરિવર્તન રોકાણ કરવાની રીતોમાં આવેલા ફેરફારોને કારણે થયું છે. એક સમયે જે નિર્ણય સીમાચિહ્નરૂપ ગણાતો હતો, એ જ નિર્ણય આજકાલ રોજિંદા આદત બની ગઈ છે. અગાઉ સારી એવી બચત કર્યા પછી વધારાની રકમનું રોકાણ કરવામાં આવતું હતું. હાલ કમાણી અને ખર્ચની સાથે સાથે નાની-નાની રકમ સાથે પણ રોકાણની શરૂઆત થઈ શકે છે.

★ **માઇક્રો ઇન્વેસ્ટિંગ અને નાની રકમ સાથે શરૂઆત કરવાની તાકાતઃ** અહીં માઇક્રો-ઇન્વેસ્ટિંગ (ઓછી રકમ સાથે રોકાણ) મહત્ત્વપૂર્ણ બની જાય છે. તેનો સંબંધ ઓછી રકમ સાથે રોકાણ કરવા સાથે જ સંબંધિત નથી, પરંતુ આ નાણાં પ્રત્યે લોકોને મૂળભૂત અભિગમ કેવી રીતે બદલાયો છે એની સાથે સંબંધિત છે. ઉચિત સમય કે મોટી બચતની રાહ જોયા વિના લોકો ઝડપથી રોકાણની શરૂઆત કરી શકે છે અને ધીમે ધીમે આગળ વધી શકે છે. જોકે, નાની રકમ આ વાતનો નાનો ભાગ જ છે. લાંબા ગાળાની સફળતા હકીકતમાં રોકાણની આદતને જાળવી રાખવાની ક્ષમતાથી નક્કી થાય છે. પરિણામે સતત રોકાણ કરવું હવે ફક્ત ઇરાદો રહ્યો નથી. આ નાણાકીય નિર્ણય લેવાની રીતનો એક મહત્ત્વપૂર્ણ ભાગ બનતો જાય છે. હાલ ભારતીય પરિવારો માટે એ સવિશેષ મહત્ત્વ ધરાવે છે. બાળકો પોતાના માતાપિતાની ટેવ જોઈને જ શીખી શકે છે, જ્યારે બાળકો જુએ છે કે, તેમના માતાપિતા નિયમિત રીતે રોકાણ કરે છે ભલે નાની રકમનું જ રોકાણ કેમ ન હોય ત્યારે તેમને સંપત્તિનું સર્જન કરવું એ સતત ચાલતી પ્રક્રિયા છે, એક વારનો નિર્ણય નથી એ વાત સારી રીતે સમજાય છે.

★ **તારણઃ** આ ફાધર્સ ડે પર કદાચ એ સમજવું જરૂરી છે કે, પિતાનો વારસો હવે આગામી પેઢીઓને સુપરત થતી સંપત્તિથી જ નક્કી થતો નથી. રોકાણની સફર ખરેખર શરૂ કરવી, અનિશ્ચિતતાના સમયમાં ધીરજ રાખવી અને લાંબા ગાળાના લક્ષ્યાંકો હાંસલ કરવા સતત આગેકૂચ કરવી.

Axis Bank Ltd. is not liable or responsible for any loss or shortfall resulting from the operation of the scheme. Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.

# મિત્રની હત્યાના કેસમાં આઠ વર્ષ બાદ શખસ નિર્દોષ જાહેર

થાણેઃ થાણે સેશન્સ કોર્ટે ૨૦૧૮માં મિત્રની હત્યા કરવાના આરોપનો સામનો કરી રહેલા ૫૩ વર્ષના શખસને નિર્દોષ જાહેર કર્યો હતો. કોર્ટે નોંધ્યું હતું કે તપાસકર્તા પક્ષ કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયો છે. જજ આર.ડી. સાવંતે મંગળવારે સંભાજી હરિભાઉ ધોકરેને નિર્દોષ છોડ્યો હતો. તપાસકર્તા પક્ષના જણાવ્યા મુજબ ૩૦ જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ કલવા વિસ્તારમાં રિક્ષા સ્ટેન્ડ નજીક થયેલા વિવાદ દરમિયાન સંભાજી ધોકરેએ રાજેશ ચંદ્રકાંત કદમ પર પથ્થર ફેંક્યો હતો, જેમાં કદમના માથામાં ઇજા થઇ હતી અને ૧૧ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ જે. જે. હોસ્પિટલમાં કદમનું મૃત્યુ થયું હતું.

જજે નોંધ્યું હતું કે કોઇ સાક્ષીદાર નહોતા. વધુમાં તપાસકર્તા પક્ષ પોસ્ટમોર્ટમ કરનારા મેડિકલ ઓફિસરની તપાસ કરવામાં નિષ્ફળ ગયો હતો.

કોર્ટે પુરાવા તરીકે હોસ્પિટલમાં મૃતક દ્વારા આપવામાં આવેલા નિવેદનને પણ ફગાવી દીધું હતું. નિવેદન એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ સમક્ષ નોંધવામાં આવ્યું નહોતું અને તેને મેડિકલ ઓફિસરનું કોઇ સમર્થન નહોતુ. આથી તેને ડાઇંગ ડેક્લરેશન તરીકે ન ગણી શકાય, એમ કોર્ટે કહ્યું હતું. પાંચ વર્ષ જેલમાં વિતાવનારા ધોકરે શંકાનો લાભ મળવાને પાત્ર કોર્ટે હોવાનું જણાવ્યું હતું અને તેને તમામ આરોપમાંથી મુક્ત કર્યો હતો. (પીટીઆઇ)■

# હાર્બર રૂટ પર રેલવે ફેરિયાઓને સત્તાવાર માન્યતા

## ઓળખ માટે લીલા રંગના ટી-શર્ટ અને ઓળખ કાર્ડ



(અમય ખરાડે)

પનવેલઃ છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ, પનવેલ-થાણે અને પનવેલ-ઉરણ હાર્બર રૂટ પર સ્થાનિક રેલવે ટ્રેનોમાં મુસાફરોને માલ વેચતા ફેરિયાઓને હવે રેલવે વહીવટીતંત્ર દ્વારા સત્તાવાર માન્યતા આપવામાં આવી છે. અનધિકૃત ફેરિયાઓને નિયંત્રિત કરવા અને અધિકૃત વેચનારને સરળતાથી ઓળખવા માટે રેલવેએ તેમને લીલા રંગના ટી-શર્ટ અને ઓળખ કાર્ડ પૂરા પાડ્યા છે. આ યોજના હેઠળ અધિકૃત ફેરિયાઓને ચાલતી લોકલ ટ્રેનોમાં વેચાણ કરવાની મંજૂરી આપવામાં આવી છે અને આ માટે તેમણે દરરોજ રેલવેને ૫૦૦ રૂપિયા ફી ચૂકવવી પડશે. તે મુજબ એક મહિના માટે લગભગ ૧૫,૦૦૦ રૂપિયા ફી રેલવે વહીવટીતંત્રમાં જમા કરાવવાની રહેશે.

રેલવે વહીવટીતંત્રની આ પહેલ અનધિકૃત ફેરિયાઓને કાબૂમાં લેવામાં મદદ કરશે અને મુસાફરો માટે અધિકૃત વેચનારને ઓળખવામાં સરળતા રહેશે. ઉપરાંત ફેરિયા વ્યવસાયને વધુ સંગઠિત અને નિયમનકારી બનાવવાના સંદર્ભમાં આ નિર્ણય મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ■

# હવે વસઈ-વિરારમાં પણ પાણી કાપનું સંકટ

વસઈઃ અલ નિનો અને આઇઓડીની અસરને કારણે મીરા-ભાયંદરમાં પાણી કાપ લાગુ કરવામાં આવ્યો છે, ત્યારે હવે વસઈ-વિરાર શહેરને પાણી પૂરું પાડતા ડેમોમાં પાણીનો સંગ્રહ ઘટી રહ્યો હોવાને કારણે વસઈ-વિરારમાં પણ આગામી સમયમાં પાણીકાપ લાગુ કરવાના સંકેત પાલિકાએ આપ્યા હતા.

બારવી ડેમમાંથી થાણે અને મીરા-ભાયંદર સહિતના શહેરોને પાણી પૂરું પાડવામાં આવે છે, પરંતુ અલ નિનો અને આઇઓડીના સંકટને કારણે ઓગસ્ટ ૨૦૨૬ સુધી વીસ ટકા પાણી કાપ મુકાયો છે. આ અંતર્ગત મીરા-ભાયંદરમાં ૧૫ દિવસે એકવાર પાણી પુરવઠો બંધ રહેશે. બીજી તરફ, આગામી સમયમાં વસઈ વિરાર શહેરમાં પણ પાણીકાપ લાગુ કરવામાં આવી શકે છે, તેવા સંકેતો હવે પાલિકા તરફથી આપવામાં આવી રહ્યા છે. વસઈ-વિરાર શહેરને પેલ્હાર, ઉસગાંવ અને સૂર્યા પાણી પુરવઠા યોજનાઓમાંથી દરરોજ આશરે ૪૦૦ મિલિયન લીટર પાણી પૂરું પાડવામાં આવે છે. મહારાષ્ટ્ર સરકાર દ્વારા પાણીની અછત નિવારણ, ઉપલબ્ધ જળસાઠાનું આયોજનબદ્ધ સંચાલન અને પાણીના કરકસરભર્યા ઉપયોગ અંગે આપવામાં આવેલા નિર્દેશોની પૃષ્ઠભૂમિ પર, મહાનગરપાલિકાના કમિશનરે પાણી પુરવઠા વ્યવસ્થાની સમીક્ષા કરી હતી, જેમાં જાણવા મળ્યું હતું કે, ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે ડેમોમાં પાણીનો સંગ્રહ નોંધપાત્ર રીતે ઘટ્યો છે, જે જુલાઈના અંત સુધી જ ચાલે તેમ છે. તેથી આગામી સમયમાં પાણી કાપ અંગે નિર્ણય લેવાઈ શકે છે અને એ માટે પાલિકાએ નાગરિકોને પાણીનો કરકસરભર્યો ઉપયોગ કરવાની અપીલ કરી હતી. ■

# જે.જે. હૉસ્પિટલમાં દર્દીઓના સગાંવહાલાંના મોબાઈલ ચોરનાર યુવક પોલીસના સકંજામાં

મુંબઈઃ દક્ષિણ મુંબઇમાં આવેલી જે. જે. હોસ્પિટલમાં દર્દીઓના સગાંવહાલાંના મોબાઇલ ચોરનારા ૨૪ વર્ષના યુવકે પોલીસે ઝડપી પાડ્યો હતો અને તેની પાસેથી ચોરીના સાત મોબાઇલ હસ્તગત કરવામાં આવ્યા હતા.

પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ સાગર શ્યામ પારખે તરીકે થઇ હોઇ તે માનખુર્દ સ્થિત મહારાષ્ટ્રનગરમાં આવેલી માયા ચાલનો રહેવાસી છે. જે.જે. માર્ગ પોલીસ સ્ટેશનમાં દાખલ મોબાઇલ ચોરીના કેસની તપાસ કરનારી પોલીસે મંગળવારે ઘટનાસ્થળના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસતાં શકમંદ નજરે પડ્યો હતો. પોલીસે આ ફૂટેજના આધારે તેની શોધ ચલાવી હતી. દરમિયાન શકમંદ ફરી જે. જે. હોસ્પિટલના પરિસરમાં ચોરીના ઇરાદે આવવાનો હોવાની માહિતી મળતાં પોલીસ ટીમે છટકું ગોઠવ્યું હતું.■

**શ્રી કચ્છી ભાનુશાલી સેવા સમાજ ટ્રસ્ટ**

પુના - રાવેત કુમાર ભાનુશાલી હોસ્ટેલ માટે વોર્ડન / ગૃહપતિ જોઈએ છે.

સંપર્ક : કિરણ માવ (98194 45876)

રમણીક ખીચડા (90290 30770)

email : bhanusamaj@gmail.com

આકર્ષક પગાર સાથે રહેવાની વ્યવસ્થા સંસ્થા તરફથી મળશે.




# વિવિધ બંદરોને સમૃદ્ધિ એક્સપ્રેસવે સાથે જોડવા માટે ખાસ રેલ ફ્રેઈટ કોરિડોર

પુણેઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે જવાહરલાલ નેહરુ પોર્ટ ટ્રસ્ટ અને આગામી વાઢવણ પોર્ટ જેવા બંદરોને સમૃદ્ધિ એક્સપ્રેસવે સાથે જોડવા માટે એક સમર્પિત રેલ ફ્રેઇટ કોરિડોર બનાવવાનો વિચાર રજૂ કર્યો, અને કહ્યું કે તેનાથી લોજિસ્ટિક્સનો ખર્ચ સાત કે આઠ ટકા સુધી ઘટશે.

પુણેમાં ઇલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ કંપની જબિલની નવા મેન્યુફેક્ચરિંગ યુનિટના ઉદ્ઘાટન પ્રસંગે બોલતા ફડણવીસે જણાવ્યું હતું કે પ્રસ્તાવિત કોરિડોર મહારાષ્ટ્રના બંદરોને આંતરદેશીય બંદરો અને ઔદ્યોગિક કેન્દ્રો સાથે જોડશે.

મુખ્ય પ્રધાને કહ્યું કે તેમણે આ પ્રસ્તાવ પર રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવ સાથે ચર્ચા કરી હતી જેઓ પણ આ કાર્યક્રમમાં હાજર હતા.

તેમણે કહ્યું કે પ્રસ્તાવિત નેટવર્ક જાલના અને વર્ધા ડ્રાય પોર્ટને જોડશે અને પછી ગઢચિરોલી સુધી વિસ્તરશે, જેને તેમણે ''ભારતનું નવું સ્ટીલ શહેર'' તરીકે વર્ણવ્યું હતું. ફડણવીસના મતે મહારાષ્ટ્રમાં બંદર-સંચાલિત વિકાસથી અત્યાર સુધીમાં રાજ્યના માત્ર ૧૫ ટકા લોકોને જ ફાયદો થયો છે, પરંતુ પ્રસ્તાવિત કનેક્ટિવિટીથી મહારાષ્ટ્રના લગભગ ૭૫ ટકા લોકોને ફાયદો થશે. તમે ગમે ત્યાં ઉદ્યોગ સ્થાપો અને તમારી પાસે સમર્પિત બંદર જોડાણ હોય- તે અમારું સ્વપન છે, તેમણે કહ્યું હતું.

મહારાષ્ટ્રમાં જબીલના વિસ્તરણની પ્રશંસા કરતા તેમણે કંપનીને સરકારી સમર્થન અને વ્યવસાય કરવા સરળતાની ખાતરી આપી. અમે ઉદ્યોગોને અમારા ભાગીદાર માનીએ છીએ. અમે તમારી સાથે ભાગીદારી કરવા અને તમારો સાથ આપવા માટે અહીં છીએ. તમને કોઈપણ સમસ્યા આવે, ફક્ત અમને જણાવો, એમ તેમણે કહ્યું હતું. ■

# પાણીની કટોકટીઃ નવી મુંબઈમાં ૧૦૦ જેટલા પારંપરિક કૂવા સક્રિય કરાયાં

થાણેઃ નાગરિક સંસ્થા દ્વારા એક તત્કાલીન પહેલ શરૂ કરવામાં આવી છે, જેમાં ૧૦૦ જેટલા પારંપરિક કુવાઓને શહેરમાં પાણી પુરવઠો પહોંચાડવા માટે ફરી સક્રિય કરવામાં આવ્યા છે. મોરબે ડેમનું જળ સ્તર ચિંતાજનક રીતે ઘટ્યું છે, જે લગભગ ૧૨.૭૩ ટકા જેટલું નીચે આવ્યું છે.

અલ-નિનોની અસરના કારણે નબળા ચોમાસાની આગાહી હોવાથી પાલિકા દ્વારા ૧૦ ટકા જેટલો પાણીકાપ લાગુ કરવાની ફરજ પડી છે. જળાશયોના ઘટતા જતા સ્તરને લીધે મ્યુનિસિપલ કમિશ્નર ડો. કૈલાશ શિંદેએ પાણી પુરવઠા વિભાગને તાત્કાલિક સર્વેક્ષણ, કાપ દૂર કરવા અને પરંપરાગત કુવાઓને પુનઃસ્થાપિત કરવા નિર્દેશ આપ્યો છે, જેથી કુદરતી રીતે સંચિત થયેલા ભૂગર્ભજળના સ્રોતનો ઉપયોગ કરી શકાય.

નવી મુંબઈ પાલિકા દ્વારા એક સત્તાવાર જાહેરાતમાં જણાવવામાં આવી છે કે પાલિકા દ્વારા હાઉસિંગ સોસાયટીઓ અને સ્થાનિક જન પ્રતિનિધિઓના સહયોગથી શક્ય હોય ત્યાં કૂવાના પાણીના ઉપયોગને પ્રોત્સાહિત કરવામાં આવશે.

એ જ સમયે પારસિક ગ્રીન્સ અને નેટકન્ટેન્ટ ફાઉન્ડેશનના પર્યાવરણવિદોએ આ પાણીની કટોકટીને એક વેક-અપ કોલ ગણાવ્યો હતો. એનએમએમસીને આગામી તમામ પુનર્વિકાસ પ્રોજેક્ટસમાં ફરજીયાત વરસાદી પાણીના સંગ્રહ અને ભૂગર્ભજળ રિચાર્જ સિસ્ટમનો કડક અમલ કરવા વિનંતી કરી હતી જેથી વરસાદના પાણીને દરિયામાં અનિયંત્રિત રીતે વહેતુ અટકાવી શકાય.■

# 'દીવા રેલવે સ્ટેશન પર યમરાજ'

## પ્રવાસીઓને પાટા ન ઓળંગવા માટે વિશેષ ઝુંબેશ

થાણેઃ જીઆરપી દ્વારા બુધવારે દીવા રેલવે સ્ટેશન પર સવારના ભીડભાડના સમયે ટ્રેક ક્રોસિંગને રોકવા તેમજ સલામત મુસાફરીને પ્રોત્સાહન આપવા માટે જનજાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું.

આ અભિયાન અંતર્ગત એક 'યમરાજ' નો પોશાક પહેરેલી વ્યક્તિએ પ્રવાસીઓને ટ્રેક ઓળંગતા અટકાવ્યા હતા. તેમણે પ્રવાસીઓને ગુલાબ આપી સલામતી અંગે સલાહ પણ આપી હતી. આ ગેરકાયદેસર ક્રોસિંગને રોકવા માટે પ્લેટફોર્મ નં. ૩-૪ પર માનવ સાંકળ પણ બનાવવામાં આવી હતી.

સિનિયર ઇન્સ્પેક્ટર અર્ચના ડુસાનેએ જણાવ્યું હતું કે, 'અમે મેગાફોનનો ઉપયોગ કરી રહ્યા છીએ, પત્રિકાઓનું વિતરણ પણ કરી રહ્યા છીએ અને પ્રવાસીઓને યાદ અપાવી રહ્યા છીએ કે કોઈ તેમની ઘરે રાહ જોઈ રહ્યું છે. જો એક ટ્રેન રવાના થઈ જશે, તો બીજી આવશે.' ■

# પુરુષ

## મેલ મેટર્સ

અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

# હવેની મહિલાઓ વધુ પડતી ડિમાન્ડિંગ થઈ રહી છે?

લગ્ન એ બે પરિવાર-બે વ્યક્તિ અને બે ભિન્ન સંસ્કારનું મિલન છે. ભારતીય સમાજમાં લગ્નની સંસ્થાને અત્યંત પવિત્ર અને અતૂટ માનવામાં આવી છે, જ્યાં પરસ્પર સમજણ, ત્યાગ અને સહયોગ પાયાના પથ્થર રહ્યા છે. જોકે વિતેલાં થોડાં વર્ષોમાં આ પવિત્ર સંબંધના માપદંડ અને અપેક્ષામાં એક એવો આર્થિક વળાંક આવ્યો છે જેણે આખા સામાજિક માળખાને હચમચાવી દીધું છે.

આજે મધ્યમવર્ગીય પરિવારોમાં એક ગંભીર ચર્ચા ચાલી રહી છે કે શું બદલાતા સમય સાથે યુવતીઓની અપેક્ષાઓ લગ્નને લઈને વાસ્તવિકતા કરતાં વધુ પડતી ‘ડિમાન્ડિંગ’ કે ભૌતિકવાદી થઈ રહી છે?

આ પ્રશ્ન માત્ર કોઈ વ્યક્તિગત કટાક્ષ નથી, પણ વર્તમાન સમયની એક એવી કડવી સામાજિક હકીકત છે જેનો સામનો આજે અનેક પરિવારો કરી રહ્યા છે.

આ સંદર્ભે લગ્નની જે રીતની વાતો ચાલતી હોય એમાં કે પછી આસપાસના સમાજમાં એક વિચિત્ર અને આઘાતજનક ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. અનેક કિસ્સાઓમાં એવું જોવામાં આવે છે કે છોકરીઓ પોતાના પિતાના ઘરે અત્યંત સામાન્ય આર્થિક સ્થિતિમાં ઉછરી હોય છે. પિતા સામાન્ય નોકરી કરતા હોય, ટૂંકા બજેટમાં આખું ઘર ચાલતું હોય અને કદાચ બે રૂમના નાના ઘરમાં આખો પરિવાર વર્ષોથી ગુજારો કરતો હોય, છતાં જ્યારે પોતાનાં લગ્નની વાત આવે ત્યારે અપેક્ષાનું આકાશ એકાએક બદલાઈ જાય છે.



કન્યા પક્ષ તરફથી પહેલી શરત અથવા અપેક્ષા એવી રાખવામાં આવે છે કે સાસરું અત્યંત સદ્ધર હોવું જોઈએ. છોકરાનું પોતાનું આલીશાન ઘર હોવું જોઈએ, જેમાં અમુક ચોક્કસ સંખ્યાના બેડરૂમ હોય, લક્ઝુરિયસ ગાડી હોય અને જો વીક-એન્ડ ગાળવા માટે ફાર્મહાઉસ હોય તો સોનામાં સુગંધ ભળે! પિતાના ઘેર જે સુવિધાઓ ક્યારેય જોઈ નથી કે ભોગવી નથી તે તમામ સુખ અને વૈભવ લગ્ન થતાંની સાથે જ પહેલા દિવસથી સાસરામાં તૈયાર જોઈએ... આ એવી એક અદૃશ્ય પણ મક્કમ જીદ આજના સમયમાં વધતી જાય છે.

આ આખી માનસિકતાના કારણે સામાજિક સંતુલન બગડ્યું છે. છોકરી ભલે પોતે સામાન્ય ભણેલી હોય કે સામાન્ય નોકરી કરતી હોય, પરંતુ તેને પતિ તરીકે મલ્ટિનૅશનલ કંપનીમાં ઊંચા પેકેજવાળો, ક્લાસ-વન ઑફિસર અથવા તો કરોડોનું ટર્નઓવર ધરાવતો બિઝનેસમૅન જ જોઈએ છે. આ ભૌતિકવાદી આંધળી દોટના કારણે અનેક જ્ઞાતિઓ અને સમાજોમાં એક ગંભીર કટોકટી ઊભી થઈ છે. આજે અસંખ્ય મધ્યમવર્ગીય છોકરાઓ, જેઓ સ્વભાવે સારા છે, વ્યસનમુક્ત છે, મહેનતુ છે અને સન્માનજનક કમાણી કરે છે તેઓ માત્ર એટલા માટે કુંવારા બેઠા છે કારણ કે તેઓ આ ‘હાઈ-ફાઈ’ માપદંડોમાં ફિટ બેસતા નથી. કોઈ છોકરો મહિને પચાસ-સિત્તેર હજાર કમાતો હોય, પણ જો તેનું ઘર નાનું હોય કે તેની પાસે લક્ઝરી કાર ન હોય તો તેનો બાયોડેટા પહેલા જ રાઉન્ડમાં રિજેક્ટ કરી દેવામાં આવે છે. પરિણામે, મધ્યમ વર્ગના લાયક અને સંસ્કારી યુવાનોની લગ્નની ઉંમર વધતી જાય છે અને તેમનાં માતા-પિતા ચિંતામાં ડૂબી રહ્યાં છે.

આ પરિસ્થિતિ પાછળ સોશ્યલ મીડિયા, દેખાડો અને કન્ઝ્યુમરિઝમ મોટો ભાગ ભજવે છે. ઇન્સ્ટાગ્રામ અને ફેસબુક પર લક્ઝરી લાઇફસ્ટાઇલ, મોંઘી ગાડીઓ અને ફાર્મહાઉસના ફોટોઝ-રીલ્સ જોઈને નવી પેઢીની યુવતીઓમાં એક એવી ભ્રામક દુનિયા ઊભી થઈ છે જ્યાં સંબંધો કરતાં પ્રૉપર્ટીનું મૂલ્ય વધી ગયું છે. યુવતીઓ અને ક્યારેક તેમનાં માતા-પિતા પણ એ ભૂલી જાય છે કે જે પિતાના ઘરે આજે તેઓ સદ્ધરતા જુએ છે તે પિતાએ પણ પોતાની જિંદગીનાં ૨૫-૩૦ વર્ષ સખત મજૂરી કરીને એ સામ્રાજ્ય ઊભું કર્યું છે. લગ્ન એ સાથે મળીને શૂન્યમાંથી સર્જન કરવાની યાત્રા છે, બન્યા-બનાવેલા સામ્રાજ્ય પર રાજ કરવાની શૉર્ટકટ સ્કીમ નથી. જ્યારે કોઈ યુવતી શરૂઆતથી જ આવી અવાસ્તવિક માગણીઓ રાખે છે ત્યારે તે છોકરાના અને તેના પરિવારના આત્મસન્માનને ઠેસ પહોંચાડે છે.

આ બદલાયેલી તાસીરનો ભોગ માત્ર છોકરાઓ જ નથી બનતા, પણ અંતે તો એ યુવતીઓ પોતે પણ ભોગ બને છે. માત્ર પૈસા અને સ્ટેટસ જોઈને ગોઠવાયેલાં લગ્નોમાં જ્યારે વૈચારિક સુમેળ નથી હોતો ત્યારે થોડા જ સમયમાં મોહભંગ થઈ જાય છે અને સંબંધો છૂટાછેડાના ઉંબરે આવીને ઊભા રહે છે. સમાજના વડીલો અને ચિંતકોએ હવે આ વિષય પર ગંભીરતાથી વિચારવાની જરૂર છે. જો દીકરીઓને પગભર થવાનું અને સમાનતાનું શિક્ષણ આપવામાં આવતું હોય તો તેમને આર્થિક સંઘર્ષમાં પણ ખભેખભા મિલાવીને ચાલવાના સંસ્કાર આપવા એટલા જ જરૂરી છે. જો પિતાના ઘરે સામાન્ય સ્થિતિમાં હસતા મુખે રહી શકાતું હોય તો સાસરામાં પણ જીવનસાથીની આર્થિક ક્ષમતાને સમજીને, નાના ઘરને પણ પ્રેમથી મહેલ બનાવવાની ભાવના કેમ કેળવી શકાતી નથી?

આફટરઑલ, લગ્ન એ કોઈ વ્યાપારી સોદો કે ફાઇનાન્સિયલ ઇન્વેસ્ટમેન્ટ નથી, પણ બે આત્મા કે પછી બે પરિવારોનું ભાવનાત્મક જોડાણ છે. જ્યાં સુધી કન્યા પક્ષ અને યુવતીઓ પોતાની અપેક્ષાઓને વાસ્તવિક અને વ્યવહારુ નહીં બનાવે ત્યાં સુધી મધ્યમવર્ગીય સંસ્કારી યુવાનો કુંવારા રહેવાની અને સમાજમાં અસંતોષ વધવાની આ સમસ્યા હલ નહીં થાય. ખાસ તો કન્યા પક્ષને જરૂર છે દેખાડાની આ સંસ્કૃતિમાંથી બહાર આવીને માણસના ગુણ, સંસ્કાર અને તેની મહેનતને મૂલવવાની, જેથી લગ્નજીવન સાચા અર્થમાં સુખી અને સમૃદ્ધ બની શકે. બાકી, પૈસા સાથે જ જો દીકરી પરણાવવી હોય તો પાણા સાથે લગ્ન કરાવાય. એને માટે એક આખા પરિવારને શું કામ હોમવો? ■



# ડિયર હની... તારો બન્ની

## પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

# મા-બાપની સેવાનો નિયમ...

*ડિયર હની,*

છેલ્લા થોડા સમયથી બે વાત કાને બહુ અથડાયા કરે છે. અને એ છે ઘરના વડીલ સભ્યો વિશે... દીકરો પરણી જાય અને નવી વહુ ઘરમાં આવે એ પછી મા-બાપની હાલત કફોડી થાય છે. એમને સાચવવાની વાત આવે તો દીકરા-વહુ બેદરકારી દાખવે છે. એ જ રીતે છોકરા-છોકરીના સંબંધની વાત ચાલે તો છોકરી હવે એ જરૂર પૂછે છે કે ‘તમારા ઘરમાં વડીલો કેટલા?’ નવા સબંધ થવામાં આ મુદો મહત્ત્વનો બનતો જાય છે.

મુદો એ છે કે ઘરના વડીલોને સાચવવાની વાત આવે ત્યાંથી સમસ્યા શરૂ થાય છે. હમણાં એક વીડિયો ક્લિપ સાંભળતો હતો જેમાં ‘બીએપીએસ’ના સ્વામી અને જાણીતા વક્તા જ્ઞાનવત્સલ સ્વામીએ એક કિસ્સો કહ્યો. એમણે કહ્યું કે એક અમારા મિત્ર છે. નવસારી રહે છે અને એમની ઑફિસ છે સુરત.

મ્યુચ્યુઅલ ફંડમાં બહુ મોટું કામકાજ છે. દેશનાં ૨૦ શહેરોમાં એમની ઑફિસ છે. એકવાર એમને પૂછ્યું કે ‘આ રોજ તમે નવસારીથી સુરત અપ-ડાઉન કરો છો. તો કેટલો સમય જાય, આવવા-જવાના બે કલાક થઈ જાય તો શા માટે સુરત જ આવી જતા નથી? આમ તો તમારી ઑફિસ મુંબઈ જેવા મહાનગરમાં હોવી જોઈએ ... એટલું બધું તમારું કામકાજ છે.’

સ્વામીજી કહે, પેલા મિત્ર આ પ્રશ્ન સાંભળીને ધીમું હસ્યા. મેં કહ્યું કે ‘આ પાછળ કોઈ અંગત કારણ હોય તો મને જવાબ આપવાની જરૂર નથી...’

પછી મિત્રએ જે જવાબ આપ્યો એ મને સ્પર્શી ગયો.

પેલા ભાઈએ કહ્યું કે ‘મારાં મા-બાપ નવસારીમાં જ મોટાં થયાંછે. એમની ઉંમર થવા આવી છે. એમનું મિત્ર વર્તુળ, ઓળખીતા પાળખીતા થોડા નવસારીમાં બચ્યા છે. એમને સુરત કે મુંબઈમાં ના ફાવે...’

જ્ઞાનવત્સલ સ્વામી ઉમેરે છે કે આટલી વાત પછી જે એમણે વાત કરી એ તો ગજબ હતી. એમણે કહ્યું કે મારો અને મારી પત્નીનો એક નિયમ છે. રોજ રાત્રે બધાએ સાથે જમવાનું. હું સુરતથી નવસારી જાઉં અને પછી અમે બધા સાથે બેસી જમીએ. થોડી વાતો થાય. અને સુવા જવાનો સમય થાય એટલે મા-બાપ એમના રૂમમાં જાય. અમે પણ એમના રૂમમાં જઈએ. હું પિતાજીના પગ દબાવું અને મારી પત્ની માના પગ દબાવે.

થોડીવાર એ ચાલે અને બંનેને ઊંઘ આવવા લાગે એટલે અમે રૂમમાંથી બહાર જઈએ. સ્વામીજી, આ રીતે મા- બાપની સેવા કરવાનો મોકો મને રોજ મળે છે. મારે એટલે જ સુરત કે અન્યત્ર જવું નથી. આ સેવાનો લાભ છે એ ખોવો નથી...’

આ કિસ્સો સાંભળીએ એટલે આંખ ભીની થઈ જાય છે. હું તને આ વીડિયો ક્લિપ મોકલીશ, તું સાંભળીશ તો તારી પણ આંખ ભીની થઈ જશે. આમ તો આ ક્લિપ બહુ વાઇરલ થયેલી છે.

આવા કિસ્સા એક નહિ અનેક છે, પણ ખબર નહિ આમ છતાં કેમ એવી ફરિયાદ ઊઠે છે કે છોકરા વહુઆરુ મા-બાપની સેવા કરતાં નથી. શું આવા પ્રસંગો આપણા માટે કોઈ ટીવી સિરિયલ કે ફિલ્મનો એક ભાગ છે. ઘણીવાર એ જોતાં આપણી આંખો ભીની થઈ જતી હોય છે. પણ થોડી વારમાં બધું હતું એવું જ થઈ જાય છે.

સંતાનો એમનાં મા-બાપને વદ્ધાશ્રમમાં મૂકીએ આવે છે એવું આપણે સાંભળીએ ત્યારે જીવ કકળે છે કે જેમણે તમને મોટા કર્યા એ મોટા થયા ત્યારે તમે તમારી ફરજ ચૂકી ગયા?

મને દુલા ભાયા કાગ એટલે કે કાગબાપુ યાદ આવી જાય છે... એમણે મા-બાપ વિશે દુહાઓ કેવા લખ્યા છે!

**મોઢે બોલું મા, તું મને સાંભરે રે**
**હજી નાનપણ સાંભરે,**
**આ તો મોટપની મજા,**
**મને કડવી લાગે કાગડા!**

કાગબાપુએ પિતા અને માતાના ઉપકારોને યાદ કરતો બીજો એક અદ્ભુત દુહો પણ આપ્યો છે...

પેટ દીધાં એણે પાંજરાં, લોહી દીધાં કરી લાલ;
ઈ ધાવણ કેમ ભૂલાય, કાળજું કાપી આપિયું કાગડા!

કેટલીક વાર છોકરા છોકરીના સબંધનાં કિસ્સા સાંભળીએ ત્યારે હાયકારો નીકળી જાય છે. છોકરી પૂછે છે, ‘તારા ઘરમાં ડસ્ટબિન કેટલા છે? એટલે કે ઘરમાં મા-બાપ અને વડીલો કેટલા?!’ આ કોઈ પરિભાષા છે? નવી પેઢી ઘણી બધી રીતે સ્માર્ટ છે એ સ્વીકાર્ય પણ વડીલો માટે આવી વિચારસરણી?

એક કિસ્સામાં તો છોકરીએ એમ કહ્યું કે ‘તું અમદાવાદમાં રહે છે, ફ્લૅટ છે પણ તારા મા-બાપ તો વતનમાં રહે છે, તો ત્યાં જાય છેને?’ ને છોકરાએ કહ્યું કે, એ તો જાઉં જ ને... છોકરીએ આવાં કારણોસર સબંધ માટે ના પાડી દીધી. આ જ છોકરાઓ વિદેશમાં હોય અને પત્ની ગર્ભવતી થાય, ડિલિવરીનો સમય નજીક આવે ત્યારે એને દેશમાં વસતાં મા-બાપ જરૂર યાદ આવે છે.

આપણે ઉપગ્રહો છોડીએ છીએ પણ કેટલાક પૂર્વગ્રહ છોડી શકતા નથી. આ એક સામાજિક સમસ્યા છે અને એનો વ્યાપ વધતો જાય છે. એનો કોઈ ઉકેલ આવે એ જરૂરી છે. કોણ એ લાવી શકશે?

*તારો બન્ની*

# સંધ્યા છાયા

feedback@bombaysamachar.com
નીલા સંઘવી

# જીવનનો ‘ઑક્સિજન’ છીનવાઈ જાય ત્યારે...

**સામાન્ય** રીતે આપણે એવું વિચારીએ છીએ કે વૃદ્ધ થયા એટલે આખો દિવસ આરામ જ કરવાનો. કોઈ પ્રવૃત્તિ નહીં કરવાની, તૈયાર ભાણે જમી લેવાનું. વૃદ્ધો આવું વિચારે તો ઠીક, પણ પરિવારના લોકો સારા હોય તો માતા-પિતાને આરામ આપવા માટે એવું વિચારતા હોય છે, પણ ઘણી વાર માતા-પિતાને એવું ગમતું નથી, કારણ કે તેમને સમય પસાર કરવાનો હોય છે. આરામ કેટલો વખત કરી શકે? કંટાળો આવી જાય. જે વ્યક્તિ આખો દિવસ કામ કરતી હોય તેને આરામ કરવા માટે તો ખુશ થઈ જાય, પણ જો આખો દિવસ આરામ જ કરવાનો હોય તો માણસ બે-ત્રણ દિવસમાં જ કંટાળી જાય. દરેકને કાંઈક ને કાંઈક પ્રવૃત્તિ જોઈએ.

રવિ અને દીપા બંને દિલ્હી હતાં. બંને જૉબ કરે. આખો દિવસ વ્યસ્ત. પતિ-પત્નીને વાત કરવાનો સમય રાતના જ મળે અને ત્યારે પણ બંને એટલા થાકી ગયા હોય કે જલદી સૂઈ જ જવું હોય. ઘણાં વર્ષે નોકરી કર્યા પછી રવિ અને દીપાએ પોતાનો વ્યવસાય કરવાનું નક્કી કર્યું. અને એ પણ અમદાવાદમાં, કારણ કે રવિનાં માતા-પિતા વર્ષોથી અમદાવાદ રહેતાં હતાં અને હવે તેમની ઉંમર ૮૦ની આસપાસ હતી. આટલાં વર્ષ માતા-પિતાથી દૂર રહ્યાં હવે જયારે તે બન્ને બોનસનાં વર્ષ જીવી રહ્યાં છે ત્યારે સાથે રહીને તેમને જેટલા ખુશ રાખી શકાય તેટલા ખુશ રાખીએ એવી રવિ-દીપા બંનેની ઇચ્છા હતી. તેથી દિલ્હીમાં બધું વાઇન્ડ અપ કરીને આ દંપતી અમદાવાદ પોતાના માવતર પાસે રહેવા આવી ગયું.

અમદાવાદ આવીને રવિ-દીપાએ જોયું કે આ ઉંમરે પણ તેમનાં માતા-પિતા કેટલાંયે કામ હાથે પોતાની જાતે જ કરે છે. વાસણ-ઝાડુ પોતા-સાફસફાઈ માટે છૂટી કામવાળી બાઈ આવે છે, પણ રસોઈ તો બા જાતે જ કરે છે. શાકભાજી, કરિયાણું વગેરે ચીજવસ્તુની ખરીદી બાપુજી રોજ માર્કેટ જઈને કરે છે. થેલા ભરીને ચીજવસ્તુઓ બાપુજી લઈ આવે છે. રવિ અને દીપાના આવવાથી બા-બાપુજી બન્ને ખુશ છે. પણ રવિ અને દીપાને લાગે છે આ ઉંમરે બા-બાપુજીએ આટલાં કામ શા માટે કરવાં જોઇએ. હવે તો તેમના આરામનો સમય છે. અને વળી આપણે આટલું બધું કમાઈએ છીએ તો બા-બાપુજી માટે વ્યવસ્થિત નોકર-ચાકર તો રાખી જ શકીએ છીએ. રવિ-દીપાએ રવિવારના દિવસે આ વિશે ચર્ચા કરીને સેવક-સેવિકા રાખવાનું નક્કી કર્યું. ડોમેસ્ટિક હેલ્પર્સ સપ્લાય કરતી કંપનીઓમાં ફોન કરીને એક ૨૪ કલાક માટેની બાઈ, સવાર-સાંજ રસોઈ કરવા માટે કૂક, સાફ-સફાઈ માટે બાઈ અને બાની સેવા-ચાકરી કરે તેમની પૂજા કરવામાં મદદ કરે તેવી એક કૅર ટેકર, બાપુજીની સંભાળ રાખે એવો એક પુરુષ કૅરટેકર પોતાને ઘરે મોકલવા માટે કહી દીધું. કૉમર્શિયલ કંપની હોવાને કારણે તે કંપની દ્વારા મોકલાતા કર્મચારીઓ વિશ્વાસુ અને તાલીમબદ્ધ હોય છે. રવિવારે બધા જ કર્મચારી વારાફરતી આવ્યા. રવિ-દીપાએ બધાં સાથે વાતચીત કરી તો તેમને રાખવા માટે યોગ્ય લાગ્યા. એ લોકોએ બધાંને એપાઇન્ટ કરી લીધા. બીજા દિવસે સવારથી બધા પોતપોતાના સમયે આવવા લાગ્યા. એક યુવાન સ્ત્રી ૨૪ કલાક માટે આવી ગઈ, એના માર્ગદર્શન હેઠળ બાકીનો સ્ટાફ કામ કરશે એવું નક્કી થયું. શાકભાજી-ફળફળાદિ-કરિઆણું વગેરે બ્લિન્કિટ, એમેઝોન વગેરે પરથી મગાવી લેવાની સૂચના ૨૪ કલાક ઘરમાં રહેતી બાઈને અપાઈ ગઈ.




રવિ-દીપાએ બા-બાપુજીએ કહ્યું, ‘બા-બાપુજી તમે બંનેએ બહુ મહેનત કરી છે. આ જ દિવસ સુધી તમે બંને કામ કરતાં રહ્યાં છો. હવે તમારી ઉંમર કામ કરવાની નથી, આરામ કરવાની છે. વળી, આપણે ભગવાનની દયા છે તો તમારે ઢસરડા શા માટે કરવાના? હવે તમે આરામ કરો, ભગવાનની સેવા-પૂજા કરો, તમને જે ગમે તે કરો, ફરવા જાઓ, મિત્રોને મળો. તમારે જ્યાં જવું હોય ત્યાં જવા માટે એક કાર ઘરે જ રહેશે. ડ્રાઇવર પણ એપોઇન્ટ કરી દીધો છે. ડ્રાઇવરને કહેશો એટલે જ્યાં જવું હશે ત્યાં લઈ જશે. બા, તમારા માટે જે કૅરટેકર બહેન રાખ્યા છે તે તમારા પગ દાબી દેશે, તેલ માલિશ, કરી દેશે, માથામાં તેલ ઘસીને વાળ ઓળી દેશે, તમે જે કામ કહેશો તે કરી આપશે. બાપુજી, તમારી માટે જે માણસ છે તે પણ તમારી સેવા કરશે. આ બધું કામ અમારે કરવું જોઈએ પણ અમારી પાસે સમય નથી. તેથી સ્ટાફ રાખી દીધો છે. મા-બાપ પોતાનાં દીકરા-વહુની પોતાની માટેની કાળજી જોઈને રાજી થઈ ગયાં. થોડા દિવસ તો બધું ઠીક ચાલ્યું. પછી બાપુજી બધા પર ગુસ્સો કરવા લાગ્યા. બા સ્ટ્રેસમાં રહેવા લાગ્યાં. બંનેની ફરિયાદ વધવા લાગી.

રાતના રવિ-દીપા થાક્યા પાક્યા ઘેર આવે ત્યારે બા-બાપુજી ફરિયાદનો લાંબો ચોપડો ખોલીને બેસે. પેલીએ આમ કર્યું. પેલાએ આમ કર્યું. રસોડામાં કાંઈ ઠેકાણું ન પડયું. ઑનલાઈન શૉપ પરથી આવેલો સામાન જરાય બરાબર ન હતો. શાકભાજી તાજાં ન હતાં.

રવિ-દીપા વિચારમાં પડી ગયાં. આ બંને આટલી બધી મહેનત કરતાં હતાં ત્યારે જરાય કકળાટ કરતાં ન હતાં અને હવે આટલી સુખ-સુવિધા આપી છે ત્યારે આટલો બધો કકળાટ! રવિ-દીપા બંનેએ ખૂબ વિચાર વિમર્શ કર્યા પછી તેઓને ખ્યાલ આવ્યો કે બાનું કામ કરવાનું સાવ બંધ થઈ ગયું, ચાલવાનું બંધ થઈ ગયું, આખો દિવસ ઊંઘતા રહેતાં. આત્મનિર્ભર ન રહ્યાં. તેથી ડિપ્રેશન અને ડિમોન્શિયાની અસર દેખાવા લાગી છે. બાપુજી પણ સાવ નવરા થઈ ગયા અને સ્ટાફ સાથે માથાઝીંક કરવા લાગ્યા.

દીપાએ કહ્યું, ‘રવિ, પહેલાં સવારે બાપુજી એક હેતુ સાથે ઊઠતા, ચા બનાવતા, સાથે બેસીને અખબાર વાંચતા, બજાર જતા શાકભાજી લાવતા. બા ભોજનની યોજના બનાવતાં, નવી વાનગીઓ બનાવતાં, કપડાની ઘડી કરતાં. આ બધું તેમની માટે ‘ઘરકામ’ નથી. તેમને જીવવા માટેનો ઑકિસજન છે. આપણે એ લોકો પાસેથી જીવનનો ઑકિસજન છીનવી લીધો છે. આપણી માન્યતા ખોટી હતી વૃદ્ધોને ફકત આરામની જરૂર નથી. તેમના શરીરને હલનચલનની જરૂર છે. તે લોકોનું પણ મહત્ત્વ છે એમ તેમને લાગવું જોઇએ. આ બધું આપણે તેમની પાસેથી છીનવી લીધું છે. તેથી તે બન્ને અપસેટ થઇ ગયા છે. આપણે ફરીથી તેમની દિનચર્યામાં ફેરફાર કરવો પડે. રવિએ દીપાની વાતમાં હામી ભરી.

અને રવિએ રસોઈવાળાં બહેનને કીધું કે આજથી દાળ-શાકમાં મસાલા બા કરશે. પછી બાને કહ્યું, ‘બા, તમારા હાથની રસોઈ એટલે રસોઈ. તમારી રસોઈ જેવો સ્વાદ બીજા કોઈના હાથમાં ન હોય.’ બા રાજી થઈ ગયાં. અને શાકભાજી, ફળફળાદિ લાવવાની જવાબદારી બાપુજીને સોંપી દીધી. બા-બાપુજી કાર્યરત થતાં ઘરની શાંતિ પાછી આવી ગઈ. રવિ-દીપા પણ ખુશ થઈ ગયાં. ■

મુંબઈ સમાચાર YouTube ગુજરાતી
ગૃહિણી સાથે ગોસિપ
રોજિંદા કામકાજની વ્યસ્તતા વચ્ચે મેળવો હળવી પળો અને રસપ્રદ વાતોનો ખજાનો.
મુંબઈ સમાચારની ઓફિશિયલ ગુજરાતી યુટ્યૂબ ચેનલ પર સવારે ૧૧ વાગ્યે.
https://youtu.be smWhnQj2bV4
આજે જ સબસ્ક્રાઇબ કરો અને જોડાયેલા રહો!

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback@bombaysamachar.com

# મારી મા જિંદગી સામે લડતાં લડતાં થાકી જાય એવી સ્ત્રી નહોતી!

(ભાગઃ ૬)

**નામઃ અરુંધતિ રૉય**
સમયઃ ૨૦૨૬
સ્થળઃ દિલ્હી
ઉંમરઃ ૬૪ વર્ષ

હું એકવાર મારા એક મિત્રને ત્યાં બે દિવસ રહેવા ગઈ હતી. નવાં નવાં પરણેલાં એ યુગલ એકબીજા સાથે જે લાડ અને સ્નેહથી વર્તતાં હતાં એ જોઈને મને ચીડ ચઢી ગઈ. હું બે દિવસ એ લોકો સાથે રહી શકી, ત્રીજે દિવસે મને એટલો કંટાળો આવ્યો કે હું ત્યાંથી નીકળી ગઈ. આજે વિચારું છું તો મને એવું સમજાય છે કે મારાથી આવા પ્રેમાળ સંવાદ સહી શકાતા જ નથી. હું જે રીતે ઉછરી અને મારી આસપાસ જે પ્રકારનું જગત રહ્યું એનાથી મારી અંદર આવા મીઠા અને પ્રેમાળ સંવાદો વિશે એક વિચિત્ર પ્રકારનું રિજેક્શન છે. હું કોઈને ભેટી શકતી નથી કે બહુ ઇમોશનલ થઈને વર્તી પણ શકતી નથી... એનું કારણ કદાચ મેરી છે. મેરી પોતે ઇમોશનલ થઈને રાજીબ રૉય સાથે પરણી ગઈ એ વાતનો એને એટલો અફસોસ હોવો જોઈએ કે એણે અમને કદી ઇમોશન શીખવ્યા જ નહીં!

મેરી પોતે પણ અમારી સાથે મા ઓછી અને શિક્ષક જ વધારે રહી... એમાં પણ જ્યારે શાળા શરૂ થઈ એ પછી તો અન્ય વિદ્યાર્થીઓની સાથે અમારે પણ એમને 'મૅડમ' જ કહેવું પડતું! બે વર્ષમાં શાળા એટલી સારી ચાલવા લાગી કે કોટ્ટિયમ જેવા નાના ગામની આસપાસ આવેલા અન્ય ગામોના લોકોએ મારી માને નાનકડી હોસ્ટેલ શરૂ કરવાની વિનંતી કરી. હવે, રોટરી ક્લબમાં ચાલે એમ નહોતું. ક્લબની બાજુમાં આવેલું એક ત્રણ બેડરૂમનું ઘર અમે ભાડે લીધું. હવે અહીં હોસ્ટેલ શરૂ થઈ. અમે પણ અયેમેનામનું ઘર છોડીને અહીં રહેવા લાગ્યાં. અમારી જિંદગીનો એક નવો અધ્યાય શરૂ થયો. દર મહિનાની પહેલી તારીખે મકાનમાલિક ભાડું લેવા આવી જતો. મારે માટે મારી માને ભાડું ચૂકવતી જોવી એ ગર્વની ક્ષણ હતી, કારણ કે મને હજી ઉટીના દિવસો યાદ હતા. મકાનમાલિક મારી 'છૂટાછેડાવાળી' માને જે રીતે જોતો એ મને ગમતું નહીં-ટૂંકમાં, પુરુષની નજર ઓળખી શકું એવી ઉંમરે હું પહોંચી ગઈ હતી.



અરુંધતિ રૉય

જેમ વિદ્યાર્થીઓ વધવા લાગ્યા એમ હોસ્ટેલ પણ નાની પડવા લાગી. બ્રેકફાસ્ટ, લંચ અને ડિનર મારી માથી મૅનેજ થઈ શકે એમ નહોતું, કારણ કે એ જ શિક્ષિકા અને પ્રિન્સિપાલ સહિત હોસ્ટેલ વૉર્ડનની ડ્યૂટી પણ નિભાવતી. એણે કુરુસમ્માલને કાગળ લખ્યો. જવાબની રાહ જોવાતી હતી ત્યારે હાથમાં બે થેલા લઈને કુરુસમ્માલ આવી પહોંચી. મારે માટે આનાથી આનંદની બીજી કોઈ વાત હોઈ શકે જ નહીં! હવે, મેરી રૉય, એના પંદર હોસ્ટેલિયસ અને ૯૮ સ્ટુડન્ટ્સની સામે રોટરીનો રૂમ નાનો પડવા લાગ્યો હતો.

મારી માએ મોટી શાળાની સાથે મોટી જગ્યા જોવા માંડી. જોકે, એની તબિયત એને સાથ આપતી નહીં. એનો અસ્થમા ફરી માથું ઊંચકવા લાગ્યો હતો. એકવાર જ્યારે એ ખૂબ બીમાર હતી ત્યારે એણે મને પૂછ્યું હતું, 'હું અચાનક મરી જાઉં તો તું શું કરીશ?' મારી પાસે જવાબ નહોતો, પણ આજે સમજાય છે કે એણે અમને માનસિક રીતે એકલા રહેવા તૈયાર કરવાનો પૂરો પ્રયાસ કર્યો હતો. એ એક મજબૂત સ્ત્રી હતી અને ઇચ્છતી હતી કે એનાં સંતાનો ગરીબડાં કે બિચારાં નહીં, પણ મજબૂત અને જગત સાથે સામનો કરી શકે એવાં હિંમતવાળાં બને.

રોટરી ક્લબ ખાલી કરવાનો સમય આવી ગયો. મારી માએ બે માળનું એક બિલ્ડિંગ ભાડે લીધું. પ્રાયમરીમાંથી જુનિયર અને જુનિયરમાંથી માધ્યમિક સ્કૂલ સુધી પહોંચી ગઈ હતી. હવે, કો-એજ્યુકેશનની આ શાળાનો કોટ્ટિયમ અને આસપાસના ગામના લોકો વિરોધ કરવા લાગ્યા હતા. બાર-તેર વર્ષનાં છોકરા-છોકરીઓ ભેગાં ભણે એ રૂઢિચુસ્ત સમાજના જૂનવાણી લોકોને મંજૂર નહોતું, પણ આ તો મેરી રૉય હતી. એણે સખત અવાજમાં કહી દીધું કે અહીંયા અમુક પ્રકારની મોરલ ડિસિપ્લિન અને રૂઢિચુસ્ત વિચાર ધરાવતાં માતા-પિતાએ પોતાનાં સંતાનોને મોકલવાં જ નહીં!

એ શરૂઆતનાં વર્ષોમાં થોડી સાવધ રહેતી. એકવાર શાળાના છોકરાઓએ ધોઈને સૂકવેલી છોકરીઓની બ્રા લઈને મજાક કરી. બીજે દિવસે મેરી રૉય ક્લાસમાં બ્રા લઈને દાખલ થઈ. એણે બ્રા ઊંચી કરીને કહ્યું, 'આ બ્રા છે. તમામ સ્ત્રીઓ આ પહેરે, કારણ કે એમની શરીરની રચના જ એવી છે. તમારી મા પહેરે છે. ઝડપથી તમારી બહેનોને પણ પહેરવાનો વારો આવશે. આ બ્રા હાથમાં પકડીને તમને કોઈ ઉત્તેજના થતી હોય તો લો, તમારા રૂમમાં જ રાખજો.' એ એક એવી ક્ષણ હતી જેણે છોકરા અને છોકરીઓ વચ્ચેના પાવર ઇક્વેશન બદલી નાખ્યાં. મારી માની શાળામાં ભણેલી છોકરીઓ આજે પણ એને યાદ કરે છે અને એમના માનસિક વિકાસ કે એમના વ્યક્તિત્વના ઘડતર માટે મારી માનો આભાર માને છે.

મારી માની શાળામાં આઠમા ધોરણ સુધી જ ક્લાસ હતા. લલિત અને હું એક સાથે ભણવા બેઠાં, એટલે અમે જ્યારે આઠમું ધોરણ પાસ કર્યું ત્યારે કોટ્ટિયમ કે આસપાસની શાળામાં અમારે માટે જગ્યા નહોતી. અમારે હવે બોર્ડિંગ સ્કૂલમાં, બહાર ભણવા જવાનું હતું. મારે નહોતું જવું. નિલગીરીઝમાં ભૂરા પહાડોની વચ્ચે આવેલી એક સુંદર સ્કૂલમાં અમને મૂકવામાં આવ્યાં. અમે બ્રૉડગેજ ટ્રેનમાં બેસીને ત્યાં પહોંચ્યાં. આ એક મિલિટરી સ્કૂલ હતી. અહીંના છોકરાઓ નરમ અને ઉચ્ચ ઘરોમાંથી આવતા હતા. જ્યારે અમે સંઘર્ષવાળી જિંદગી જીવીને આવ્યાં હતાં. અમે એ બધા પર દાદાગીરી કરી શકીએ એવાં હતાં. એક દિવસ અમારા પ્રિન્સિપાલે મને બોલાવી. મારો ભાઈ ઊંઘમાં ચાલવા લાગ્યો હતો. એમણે મારી માને જણાવવાનું કહ્યું, પણ ભાઈ-બહેન બંનેએ સાથે મળીને એમને કહ્યું, કોઈ જરૂર નથી! પરંતુ, સ્લિપવૉક કરતો છોકરો અને વિદ્રોહી છોકરીને બહુ લાંબો સમય હોસ્ટેલમાં રાખી નહીં શકાય એવું લાગતાં અમને કાઢી મૂકવામાં આવ્યાં. અમે ઘેર પાછાં આવ્યાં... પણ હવે એ ઘર નહોતું. એક હોસ્ટેલ બની ચૂકી હતી. બાવન સ્ટુડન્ટ્સ, કુરુસમ્માલ, એની બે આસિસ્ટન્ટ્સ, એક ક્લિનર અને બે પ્યૂન અથવા હોસ્ટેલના રખેવાળ સાથે હવે આ એક ધમધમતી ઇન્ડસ્ટ્રી બની ચૂકી હતી. અમારા ઘરમાં ફોન લાગી ગયો હતો. (૧૯૬૯). હોસ્ટેલના આગલા રૂમમાં જ્યાં સોફા હતા અને મારી માનો રૂમ કહેવાતો, ત્યાં હવે ફોન હતો. છોકરાંઓનાં માતા-પિતાના ફોન આવતા, એમને એક મિનિટ વાત કરવાની છૂટ આપવામાં આવતી. બાકીનો સમય, મારી મા વાત કરતી. છોકરંઓના રિપોર્ટ, એમના વર્તન અને બીજી બાબતો અંગે જણાવતી વખતે મારી મા કહેતી, 'અત્યારથી નહીં જાગો તો પછી પછતાવું પડશે...' કોટ્ટિયમ અને આસપાસમાં મારી માની શાળાની સુવાસ ફેલાઈ ગઈ હતી. વિદ્યાર્થીઓ વધવા લાગ્યા હતા, પણ હવે હોસ્ટેલમાં જગ્યા નહોતી. એક વધારાનું મકાન ભાડે રાખવામાં આવ્યું. સ્કૂલ અને હોસ્ટેલ જુદા કરી દેવામાં આવ્યા. મેરી રૉયનું સપનું પૂરુંથઈ રહ્યું હતું, પરંતુ એનો ગુસ્સો, અકળામણ કે અસ્થમા કશુંય ઓછું ન થયું.

આજે આ લખું છું ત્યારે સમજાય છે કે મારી મા જિંદગી સામે લડતાં-લડતાં થાકી જાય એવી સ્ત્રી નહોતી, પરંતુ એને લાગતું હશે કે આ સંતાનો ન હોત તો એ જીવનમાં ઘણું કરી શકી હોત, કદાચ! એ જ્યારે ગુસ્સે થતી ત્યારે મા મટીને રાક્ષસ બની જતી. મારા ભાઈને બેરહેમીથી મારતી. શરૂઆતમાં મારો ભાઈ કદાચ એ મારને સહન ન કરી શકતો, પણ ધીરે ધીરે એ ટેવાઈ ગયો હશે, કારણ કે ટીનએજમાં આવ્યા પછી મારી મા જ્યારે એને મારતી ત્યારે એ નિર્વિકાર ભાવે મારી મા સામે જોઈ રહેતો. એને ભણવામાં બહુ રસ નહોતો, પણ જ્યારે જ્યારે રીપોર્ટ આવતા ત્યારે 'ઍવરેજ સ્ટુડન્ટ' વાંચીને મારી માનું મગજ જતું. મારી સાથે એનો ગુસ્સો વ્યક્ત કરવાની રીત જરા જુદી હતી. હું ભણવામાં હોંશિયાર હતી. એટલે એ વિશે એને ખાસ કંઈ કહેવાનું નહોતું, પરંતુ હું જ્યારે જ્યારે એનું કહ્યું માનવાની ના પાડતી કે ધાર્યું કરતી ત્યારે એ મને ખાવાનું આપવાની ના પાડી દેતી. ઘરમાંથી બહાર કાઢી નાખતી અને કહેતી, 'જા, જ્યાં તને રાખે ત્યાં જતી રહે.' થોડા કલાકો હું ઘરની બહાર બેસી રહેતી અથવા ભટક્યા કરતી...

મોડી રાત્રે પાછી આવતી ત્યારે ઘરનો મુખ્ય દરવાજો ખલ્લો રહેતો! હું ચૂપચાપ દરવાજો ખોલી, અંદર આવીને સૂઈ જતી. આજે પણ મોડી રાત્રે ઘરે પાછી આવું ત્યારે એકવાર મને કોટ્ટિયમનું એ ઘર અને અમારો 'ડીડો' યાદ આવે છે... એક કૂતરીના મરી ગયા પછી એના નાનકડા પપીને મારી મા ઘરે લઈ આવેલી. મેરીએ એનું નામ ડીડો પાડ્યું. અમારી જેમ જ ડીડો મેરીને બહુ પ્રેમ કરતો, ને મેરીથી એટલું જ ડરતો...

હું મોડી રાત્રે ઘેર પાછી આવતી ત્યારે ઘરમાં બે જણા જાગતા હશે એવી મને ખબર રહેતી, એક મેરી-જેણે મને મારીને કાઢી મૂકી હતી. ને બીજો-ડીડો, જે મારા વગર કદીયે ઊંઘતો નહીં.

(સાભારઃ મધર મેરી કમ્સ ટુ મીઃ અરુંધતિ રોય) (ક્રમશઃ)■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી અંતાણી
feedback@bombaysamachar.com

# સપનાના રાજકુમારથી સ્વ-ઓળખ સુધીની સફર...

સોળ વર્ષની મીરાંને લાગતું હતું કે એનું જીવન પહેલેથી જ લખાય ચૂક્યું છે. ગામની ધૂળભરી ગલીઓ, રોજ દેખાતા નિસ્તેજ ચહેરાઓ, એ નાનકડી શાળા અને એ જ દિનચર્યા. એના માટે દુનિયા એટલે એ ખોબાસરીખું ગામ. અન્ય ગ્રામજનો માફક મીરાંને પણ કોઈ મોટાં સ્વપ્નો કે લક્ષ્ય નહોતાં, પણ એક સાંજે બધું બદલાઈ ગયું.

મીરાં રસોડામાં મમ્મીને મદદ કરી રહેલી એ સમયે ટીવી પર એક અત્યંત તેજસ્વી વિદ્યાર્થીનો ઇન્ટરવ્યૂ આવી રહેલો. એનું નામ પ્રણિત. એણે દેશની પ્રતિષ્ઠિત એવી આઇઆઇટી એન્જિનિયરિંગ સંસ્થામાં પ્રવેશ મેળવ્યો હતો. એ લાઇવ પ્રોગ્રામમાં પોતાના સંઘર્ષ તેમજ સફળતાની વાતો કરી રહેલા પ્રણિતને જોતાં મીરાં આભી બની ગઈ. પ્રણિતના આત્મવિશ્વાસથી ભરેલા શબ્દો અને એની આંખોમાં ચમકતાં સપનાંઓએ મીરાંને આકર્ષિત કરી લીધી. ટીવી પરનો કાર્યક્રમ તો બે ઘડીમાં પૂરો થઈ ગયો, પરંતુ મીરાંના મનમાં પ્રણિતના ચહેરાએ અડ્ડો જમાવી લીધેલો. એ રાતે એને ઊંઘ ના આવી. મનમાં વારંવાર પ્રણિત અને એના શબ્દો ફરી રહ્યા હતા. ધીમે ધીમે એ સામાન્ય લાગતી ઘટના તરુણાવસ્થા દરમિયાન ઉદ્ભવતા નિર્દોષ આકર્ષણમાં બદલાય ગઈ.



'હું પણ એ જ કૉલેજમાં જઈશ,' મીરાંએ મનોમન નક્કી કરી લીધું. એટલું જ નહીં, આઇઆઇટી જેવી સંસ્થામાં પ્રવેશ મેળવવા કરવી પડતી આકરી મહેનતનો યોગ્ય ક્યાસ પણ કાઢી લીધો.

જોકે મીરાંનો આ વિચાર સાંભળી મિત્રો, પરિવારજનોએ એનું ચસકી ગયું છે એમ માન્યું. શાળાના શિક્ષકો પણ સ્પષ્ટ કહેતા કે 'આવી મોટી સંસ્થામાં પ્રવેશ મેળવવો સરળ નથી.' આસપાસમાં જે મળે એ મીરાં સામે બસ એક જ રટણ કરતા, 'તું બહુ મોટું સપનું જોઈ રહી છે, પસ્તાવાનો વખત આવશે.'

જોકે આ પહેલીવાર મીરાંને કોઈ લક્ષ્ય મળ્યું હતું. ભલેને એક યુવાનના આકર્ષણને લીધે પણ મીરાને કોઈ પણ ભોગે આઇઆઇટી જવું એટલે જવું જ. હવે એ દરરોજ વહેલી ઊઠવા લાગી. જૂનાં પુસ્તકો ભેગાં કરતી, ઇન્ટરનેટ પરથી વીડિયો જોઈને અભ્યાસ કરતી, કલાકો સુધી પ્રશ્નો ઉકેલતી. ઑનલાઇન ક્લાસિસ કરતાં એને અનેકોવાર નિષ્ફળતા મળી, પણ એ અદની છોકરી હાર માનવા તૈયાર નહોતી. ત્યાં સુધી કે એની નજીકની ફ્રેન્ડ્સ જ્યારે કહેતી કે એક અજાણ્યા છોકરા માટે આટલી મહેનત? મીરાં હસીને વાત ટાળી દેતી, પણ અંદરથી એને લાગતું કે કદાચ એ સાચું કહે છે, છતાં એ અટકી નહીં. સમય પસાર થતો ગયો. જે છોકરી પહેલાં સામાન્ય વિદ્યાર્થિની ગણાતી એ હવે શાળાના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓમાં ગણાવા લાગી. દિવસ-રાત એક કરતી મીરાંને હવે અર્જુનની માછલીની આંખ માફક આઇઆઇટીનું પ્રવેશદ્વાર દેખાતું.

પરિણામના દિવસે ગામ આખું ઉત્સુક હતું. અમુક હિતશત્રુઓ મીરાંની નિષ્ફળતા માટે રાહ જોઈ બેઠા હતા તો અમુક વળી માત્ર એ જાણવા તલપાપડ હતાં કે ધાર્યું પરિણામ આવ્યું કે નહીં. કહેવાય છે ને કે કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી હોતો એમ મીરાં અંતે સફળતા મેળવીને જ જંપી. એને એ જ પ્રતિષ્ઠિત સંસ્થામાં પ્રવેશ મળ્યો, જ્યાં પ્રણિત અભ્યાસ કરતો હતો. ગામમાં ખુશીની લહેર ફરી વળી. બધાને એના પર ગર્વ હતો. આખરે માત્ર મજૂરી કરી જાણતાં હોય એવા ગામની દીકરીએ દેશ ગજવ્યો હતો. મીરાંને લાગ્યું કે એની પરીકથા હવે સાચી થવા જઈ રહી છે, પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ હતી.

કૉલેજમાં પહોંચ્યા પછી એને સમજાયું કે અહીં બધું જ નવું છે. એની સાથેના લોકો અત્યંત ચબરાક જ્યારે મીરાં તદ્દન સરળ છોકરી હતી. એક દિવસ આખરે એની મુલાકાત પ્રણિત સાથે થઈ. ધબકતા હૃદયે એણે પોતાનો પરિચય આપ્યો અને કહ્યું કે કઈ રીતે એના ઇન્ટરવ્યૂએ પોતાને અહીં સુધી પહોંચવાની પ્રેરણા આપેલી. આ જ વાત મીરાએ પોતાની રૂમપાર્ટનરને પણ કરી, સાથે લાગણીઓનો ઉમેરો કર્યો કે પ્રણિત તો એને જોતાવેંત ગમી ગયેલો. બસ, પછી તો શું જોઈએ! વાત વાયુવેગે આખા કૅમ્પસમાં ફરી વળી. મીરાં હવે મજાકનું સાધન બની ગઈ. કોઈ એને સિન્ડ્રેલા કહેતું, તો કોઈ એને મૂર્ખ ગણતું. મીરાં મનોમન કચવાતી, છતાં એ હિંમત હાર્યા વગર પોતાનું કામ કરતી, પરંતુ એને જ્યારે ખબર પડી કે પ્રણિત પણ એની વાતને મજાકમાં જ લઈ રહ્યો છે ત્યારે એ ભાંગી પડી. જે વ્યક્તિને મેળવવા પોતે આટલી મહેનત કરી એ જ એની લાગણીઓને ગંભીરતાથી લેતો નહોતો.

એ રાત્રે મીરાં ખૂબ રડી. એને લાગ્યું કે કદાચ એની આખી સફર જ વ્યર્થ હતી.બસ, બીજા જ દિવસે બધું પડતું મૂકી એ પોતાના ગામ પાછી ફરી. ગામની શાળા સામે ઊભી રહીને એ વિચારશૂન્ય નજરે બિલ્ડિંગને તાકી રહેલી ત્યારે એણે એક નાનકડી છોકરીને પોતાની તરફ આશાભરી નજરે જોતા જોઈ. 'દીદી, હું પણ તમારી જેમ મોટી કૉલેજમાં ભણવા જઈશ.' એ છોકરીએ કહ્યું. આ શબ્દોએ મીરાંને અંદર સુધી સ્પર્શી લીધી. એને સમજાયું કે પોતાની સૌથી મોટી સિદ્ધિ પ્રણિત સુધી પહોંચવાની નહોતી. એ છોકરા તરફનું આકર્ષણ તો માત્ર એક શરૂઆત હતી પોતાની અંદર પડેલી પ્રતિભાને બહાર લાવવા માટેની. સાચી શક્તિ તો પોતાની અંદર જ સમાયેલી હતી.

કૉલેજ પરત ફરી મીરાંએ નક્કી કર્યું કે હવે એ કોઈ વ્યક્તિ માટે નહીં, પરંતુ જાત માટે મહેનત કરશે. એ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા લાગી. નવા વિષયો શીખવા લાગી. પોતાની ક્ષમતાઓને ઓળખવા લાગી. ધીમે ધીમે એનો આત્મવિશ્વાસ વધ્યો. વર્ષના અંતે તેણે એક રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું અને વિજેતા બની. પુરસ્કાર સ્વીકારતી વખતે મીરાને પોતાના ગામની એ સાદી છોકરી યાદ આવી, જે એક દિવસ ટીવી સામે બેઠી હતી અને જેને જાત પર કોઈ ખાસ વિશ્વાસ નહોતો. એના ચહેરા પર સ્મિત તરી આવ્યું, કારણ કે હવે એને સમજાય ચૂકેલું કે જીવનમાં સૌથી મોટી જીત કોઈને પામી લેવામાં નથી. એ તો પોતાની જ અંદર છુપાયેલી પ્રતિભાઓને ઓળખવામાં છે.

કેટલીકવાર આપણાં સપનાંઓની શરૂઆત કોઈ અન્ય વ્યક્તિથી ચોક્કસ થાય છે, પરંતુ અંતે પોતાની ખરી ઓળખ સુધી પહોંચાડે દે એ આનું નામ. ■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback@bombaysamachar.com

# બૌદ્ધિક વિકાસ આવો પણ હોય...




'અમારા જમાનામાં અમે આંગળીના વેઢે બધી ગણતરી કરી નાખતાં હતાં. એક એકા, પાયા, દોઢા, અગિયારા બધું જ મોઢે. અડધી રાતે ઉઠાડીને કોઈ કહે 'ચાલ અગિયારા બોલ' એટલે અમે ફટાફટ બોલતાં.'

'તે દાદી, આ આંગળી તો સમજ્યો, પણ આ વેઢા એટલે શું? અને આ અગિયારા એટલે શું?'

પૌત્ર શૌરીનને અગિયારા અને વેઢા સમજાવતાં દાદીને નાકે દમ આવ્યો. આખરે શૌરીન બોલ્યો, 'દાદી, ડોન્ટ વરી. હું એ AI પાસેથી જાણી લઉં છું' એમ કહીને રમવા ચાલી ગયો.

બીજે દિવસે સ્કૂલેથી આવીને લેસન કરવા બેઠેલા પૌત્ર પાસે દાદી આવીને બેઠાં. 'દાદી, વરસાદ ઉપર નિબંધ લખવા આપ્યો છે. ગણિત, વિજ્ઞાન, ઇતિહાસ, ભૂગોળમાં પણ લેસન આપ્યું છે.'

'શૌરીન, વરસાદ ઉપર નિબંધ તો અમે કડકડાટ બોલતાં.'

'દાદી, એને ગોખણપટ્ટી કહેવાય. તમારો જમાનો ગયો. હવે તો AIનો જમાનો છે. જુઓ, આ મોબાઇલમાં હું AIને કહીશ કે વરસાદ નિબંધની વિગત આપો એટલે નિબંધ હમણાં ટાઇપ થઈને આવી જશે.'

'રામ... રામ! આ કેવો જમાનો આવી ગયો છે! શૌરીન, એવું ન કરાય. એમાં તારી બુદ્ધિકૌશલ્યનું શું? તારા મગજનો વિકાસ તો મંદ પડી જશે. એનું શું?'

'દાદી, મારા બધા ફ્રેન્ડ અને ટીચરો પણ નહીં આવડે એટલે એ આ AI) ને જ પૂછી લે છે.'

પછી દાદી મનમાં જ બબડ્યાં. 'આવું ને આવું ચાલશે તો હવે પછીની પેઢી જાતે શું કરશે? સ્કૂલના માસ્તરો પણ છૂટા થઈ જશે. છોકરાઓ ઘરે બેસીને મોબાઇલ ચાલુ કરીને AI માસ્તર પાસે ભણી લેશે.'

સાંજે જમવાના ટેબલ પર દીકરો વહુ પણ બેઠાં હતાં એટલે દાદીએ ચર્ચા ચાલુ કરી. 'સમીર બેટા, તું નોકરી કરવામાં શૌરીનના ઉછેરમાં ધ્યાન નથી રાખતો કે શું?'

'કેમ બા, શું થયું?'

'ગામથી આવ્યા પછી મેં જોયું કે શૌરીન પોતાનું મગજ બંધ કરીને બેઠો છે. દસ વત્તા દસ પણ કૅલ્ક્યુલેટર પર. વરસાદ એટલે શું એ પણ એ AIને પૂછે છે. સુરતમાં રહે છે છતાં સુરત વિશે એ AIને પૂછે છે. સમીર, આ રીતે તો તારો દીકરો વિચારવાનું, સારું વાંચવાનું, મંથન કરવાનું, ગણતરી કરવાનું અને લખવાનું પણ ભૂલી જશે. કારણ કે કાલે તો એ બોલીને ટાઇપ કરતો હતો. અમારા સમયમાં અમે વગર ટ્યૂશને ને વગર ચોપડીએ બધું સ્મરણમાં રાખતાં. એકવાર શિક્ષક ભણાવે તે બરાબર યાદ રાખતાં. આંગળીના વેઢે અઘરા દાખલાની ગણતરી કરતાં. લાંબાં લાંબાં આખ્યાન, કાવ્યો, નિબંધો, લેખો, ટૂંકનોંધ, વાર્તા અને કવિતાઓ યાદ રાખતાં. તારો શૌરીન મને પૂછે છે કે દાદી, વસંત એટલે શું? દસમાંથી દસ જાય તો કેટલા રહે? ...તું એક કામ કર. કાલે મને શૌરીનની સ્કૂલમાં લઈ જા.'

સમીર એની બાને કહી ના શક્યો કે એ પણ કૅલ્ક્યુલેટર અને AIને પૂછી પૂછીને સ્ટોરી રાઇટર તેમજ ફાઇનાન્સર બન્યો છે. ગામથી આવેલી બાને શહેરની સ્કૂલ અને ટીચરોને મળવું હતું. સમીરને સ્કૂલમાં જઈને બા કેવા પ્રશ્નો કરશે તે પણ ખબર હતી. બાના એ પ્રશ્નોના જવાબ તો કદાચ AI પણ આપી શકશે નહીં. ફોનથી પરમિશન લીધી હતી એટલે આચાર્યની ઑફિસમાં ગયાં. બાએ તો 'નમસ્તે' કરીને સીધા પ્રશ્નો જ શરૂ કર્યા.

'આપની સ્કૂલ દેખાવમાં સરસ છે. પણ બહેન, શિક્ષણ બાબતે થોડી વાત કરવી છે.'

'પૂછો, દાદીમા.'

'બહેન, તમારી સ્કૂલમાં બાળકના મનોવિકાસ માટે કોઈ તજવીજ કરી છે? બુદ્ધિ કૌશલ્ય માટે કોઈ ચોક્કસ પદ્ધતિ અપનાવો છો? કયા કયા કૌશલ્યનો વિકાસ તમે કરો છો અને તે કેવી રીતે?'

આચાર્યા બહેને તરત જ લૅપટૉપ ખોલ્યું અને બોલીને પ્રશ્નો લખ્યા. 'શાળામાં બૌદ્ધિક વિકાસ માટે શું શું કરી શકાય...' અને એમાં જે લખાઈને આવ્યું તે તેમણે વાંચ્યું. 'બાળકની બુદ્ધિ રમતગમત, સુડોકુ જેવી રમત, કૌશલ્યનાં પુસ્તકો, કૌશલ્યલક્ષી એસાઇમેન્ટ... એવી પરીક્ષાઓ કરવી પડે છે.'

'જોયું દાદીમા? AI જેમ કહે છે તેમ અમે ભણાવીએ અને લેસન પણ આપીએ છીએ.'

'બરાબર બહેન, વિદ્યાર્થી તો વિદ્યાર્થી અને તમે પણ AIના શરણે આવી ગયાં. તો તો બહેન, પાપડી સાથે ઇયળ પણ બફાઈ જવાની એ વાત નક્કી છે. ન તો તમારું મગજ વિકસવાનું ને ન તો બાળકોનું. બહેન, બાળકોને જવાબ શોધવાની ગડમથલ પ્રક્રિયા કે વિચારવાનું કષ્ટ હવે પડશે જ નહીં, તો બૌદ્ધિક કૌશલ્ય ક્યાંથી વિકસવાનું?'

'દાદીમા, એક મિનિટ. હું એ પણ AIને પેટા પ્રશ્ન પૂછીને તમારા પ્રશ્નોના જવાબ આપું.'

'સંઘર્ષ નથી તમારે કરવો ને નથી વિદ્યાર્થી પાસે કરાવવો. તો મગજનો વિકાસ નહીં જ થાય. સમજ્યાં?'

'દાદીમા, એનો જવાબ પણ AI એક મિનિટમાં આપશે. વેઇટ પ્લીઝ...'

'બહેન, તું પ્રશ્ન પણ સમજતી નથી તો જવાબ ક્યાંથી શોધવાની... બિચારો તારો AI પણ તારા પ્રશ્નો વાંચીને ગાંડો થઈ જશે. અમારા જમાનામાં કેવા કેવા સંતો, શિક્ષકો, ગુરુઓ પાકેલા કે જેઓના માર્ગદર્શન અને શિક્ષણથી અનેક વૈજ્ઞાનિકો, ઇતિહાસકારો, સાહિત્યકારો અને સુમાનવનું ઘડતર થયું હતું, પણ હવે તો ખાટલે જ મોટી ખોડ છે. હવે તો અન્ન તેવા ઓડકાર. ખરુંને બહેન?'

'ઊભાં રહો દાદી, 'અન્ન તેવા ઓડકાર'નો અર્થ હું પેલા AIને પૂછી લઉં.'

'ચાલ સમીર, મને હવે ઘરે પહોંચાડ. હવે મારે જ એ AIને કમાન્ડ આપતાં શીખવું પડશે.' ■

વિશેષ
રાજેશ યાજ્ઞિક
feedback@bombaysamachar.com

# ભારતની 'હસ્તિકન્યા' તરીકે ઓળખાતી પાર્બતી બરુઆ




આપણે ત્યાં 'નારીશક્તિ'ની વાતો બહુ થાય છે, પણ એકલપંડે, પોતાની કેડી કંડારીને જ્યાં વિચાર્યું પણ ન હોય તેવા ક્ષેત્રમાં પોતાનું આગવું સ્થાન મેળવનાર નારીઓના સન્માનની વાત આવે ત્યારે મોટાભાગે આપણો સમાજ ઊણો ઊતરે છે. આજે એક એવી લાડકીની વાત કરવી છે જેને જ્યાં સુધી 'પદ્મશ્રી'નું સન્માન ન મળ્યું ત્યાં સુધી ભારતમાં ભાગ્યે જ કોઈ ઓળખતું હતું.

પાર્બતી બરુઆ હવે ઉંમરની સાઠી વટાવી ગયા છે. તેમને ભારતની પ્રથમ 'હાથી મહાવત' તરીકેના તેમના અભૂતપૂર્વ યોગદાન બદલ ૨૦૨૪માં 'પદ્મશ્રી'થી નવાજવામાં આવ્યાં હતાં . હાથી એક મહાકાય પ્રાણી છે. તેને અંકુશમાં રાખવા મહાવત તરીકે કાર્ય કરવું એ ખાવાના ખેલ નથી. સદીઓથી આ કાર્ય માત્ર પુરુષ જ કરતા આવ્યા છે એટલું જ નહીં, ભારતના યુદ્ધકુશળ હાથીઓ પર સવારી કરનાર પણ મોટાભાગે પુરુષો જ રહ્યા છે ત્યારે પાર્વતીએ કેવી રીતે મહાવત તરીકે આ મહારત હાંસલ કરી?

આસામમાં જન્મેલી અને ઉછરેલી પાર્બતી ગૌરીપુરના રાજવી પરિવારના સ્વર્ગસ્થ પ્રાકૃતિશ ચંદ્ર બરુઆને ત્યાં જન્મેલાં નવ બાળકોમાંની એક હતી. ગૌરીપુરના રાજાઓમાં પ્રાકૃતિશ અંતિમ શાસક હતા. આપણે સહુ જાણીએ જ છીએ કે આસામ હાથીઓ માટે પ્રાકૃતિક ઘર છે. તેમના પરિવારને આ કદાવર પ્રાણી સાથે સદીઓ જૂનો સંબંધ હતો. તેમનો પરિવાર ઊંચી નસલના હાથીઓના ઉછેર અને એના લે-વેચનો વ્યવસાય પણ ધરાવતો હતો. જંગલમાંથી હાથીઓને પકડવા અને તેમને વેચવાનો આ વ્યવસાય ખૂબ ફાયદાકારક માનવામાં આવતો હતો. જોકે પાછળથી સરકારે હાથીઓના સંરક્ષણનો મુદ્દો આગળ ધરીને આ વ્યવસાય પર પ્રતિબંધ મૂકી દીધો હતો.

પાર્બતીના પિતા પ્રાકૃતિશ બરુઆ ન માત્ર આસામના રાજાશાહી પરિવારના છેલ્લા રાજા હતા, પણ સાથે જ, આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિપ્રાપ્ત હાથી નિષ્ણાત પણ હતા. પાર્વતી (સ્થાનિક ભાષામાં પાર્બતી)ને હાથીઓ પ્રત્યેની રુચિ અને સમજણમાં તેના પિતાનો બહુ મોટો હાથ હતો. આમ તો ઘણી દીકરીઓને એવાં ક્ષેત્રોમાં રસ હોય છે, જેનું ખેડાણ આજ સુધી કોઈ મહિલાએ ન કર્યું હોય, પરંતુ પરિવાર અને સમાજ 'આ તમારું કામ નથી' કહીને તેમની રુચિ અને ઉત્સાહ પર ઠંડું પાણી ફેરવી દે છે.



પાર્બતી બરુઆ

સદ્ભાગ્યે પાર્વતીના કિસ્સામાં તેમના પિતાએ તેની રુચિ જોઈને તેને ન માત્ર પ્રોત્સાહન આપ્યું, પણ બાળપણથી જ અન્ય સંતાનોની સાથે પાર્વતીને પણ જંગલમાં હાથી પકડવા લઈ જતા. ત્યાં પાર્વતીને હાથીઓ પકડવાનું અને તેમને પોતાના બનાવી લેવાનું પ્રૅક્ટિકલ શિક્ષણ મળ્યું.

૧૪ વર્ષની નાની ઉંમરે પાર્વતીએ પોતાનો પહેલો હાથી પકડ્યો, જેનાથી સામાજિક ધોરણો અને અપેક્ષાઓને અવગણીને મહાવત બનવાની તીવ્ર ઇચ્છા જાગી. ૧૯૭૫-૭૮ દરમિયાન તેણે ઉત્તર બંગાળમાં કોકરાઝાર જિલ્લાનાં કચુગાંવ જંગલોમાં સ્વતંત્ર રીતે ચૌદ જંગલી હાથીઓને કાબૂમાં લીધા. આ એક અભૂતપૂર્વ વાત હતી. તે પહેલાં કોઈ મહિલા આવું કરી શકે તેવું કોઈએ સ્વપ્નમાં પણ વિચાર્યું નહોતું.

બસ, ત્યારથી પાર્બતીએ પોતાનું જીવન હાથીઓના સંરક્ષણ માટે સમર્પિત કર્યું છે. તેમણે આ લુપ્તપ્રાય પ્રાણીઓના રક્ષણ, માનવ-હાથી સંઘર્ષ ઘટાડવા અને તેમની દુર્દશા વિશે જાગૃતિ લાવવા માટે અનેક પ્રોજેક્ટ્સ હાથ ધર્યા છે. હાથીઓને કાબૂમાં લેવા સૌથી મહત્ત્વનું છે તેમની લાગણીઓને સમજવી. પાર્વતી પોતે કહે છે તેમ, 'હાથીઓ મને પ્રેમ કરે છે, કારણ કે હું તેમની લાગણીઓ સમજું છું. એક અવાજ કરું અને હાથીઓ મારી પાસે દોડી આવે છે!'

આગળ જતાં જંગલમાં મળેલા શિક્ષણ, અનુભવ અને પિતાના માર્ગદર્શનમાં પાર્વતી પોતે હાથીઓના નિષ્ણાત બની ગયાં. બિહાર, પશ્ચિમ બંગાળ અને આસામ જેવાં રાજ્યો બદમાશ હાથીઓને અંકુશમાં લેવા અથવા ઘાયલ કે બીમાર હાથીઓની સંભાળ રાખવામાં તેમની મદદ માગે છે. તેમની કુશળતા અને સમર્પણને કારણે તેમને વ્યાપક માન્યતા મળી છે અને 'બીબીસી' એ તેમના કાર્ય પર 'ક્વીન ઑફ ધ એલિફન્ટ્સ' નામની ડૉક્યુમેન્ટરી પણ બનાવી છે. સ્થાનિક લોકોએ તેમને પ્રેમથી 'હસ્તિકન્યા'નું બિરુદ આપ્યું છે.

આ પાર્બતીદીદીના અનેક અનુભવોમાંથી એક પશ્ચિમ બંગાળના મિદનાપુર જિલ્લાનો છે, જ્યાં ૫૦ હાથીઓનું ટોળું રસ્તો ભૂલી ગયું હતું અને વિનાશક માર્ગ પર હતું. રાજ્યના અધિકારીઓએ પણ પાર્બતી પાસે દોડવું પડ્યું. પાર્વતી પોતાના ત્રણ હાથી અને અન્ય મહાવતની ટીમ સાથે પેલા હાથીઓ પાસે પહોંચી ગયાં. સતત પંદર દિવસની મહામહેનત પછી હાથીઓના ટોળાને યોગ્ય રસ્તે વાળવામાં તેમને સફળતા મળી ત્યારે જંગલના અધિકારીઓએ પણ હાશકારો અનુભવ્યો.

આ સાહસિક માર્ગ પર આગળ વધીને પાર્બતી આજે પણ આધુનિક સુવિધાઓ વિનાનું જીવન જીવે છે. તે ટૂથપેસ્ટને બદલે રાખનો ઉપયોગ કરે છે અને તંબુની અંદર સાવ પાતળા ગાદલા પર સૂવે છે અને તેની આસપાસ તેના વ્યવસાયનાં સાધનો- દોરડાં, સાંકળો, અંકુશ, ઇત્યાદિ પડ્યાં હોય છે.

'હાથીઓ પ્રત્યે આટલો પ્રેમ કેમ?' તેના જવાબમાં એક ઇન્ટરવ્યૂમાં તેમણે કહ્યું હતું કે હાથીઓ ખૂબ જ સ્થિર, વફાદાર, પ્રેમાળ અને શિસ્તબદ્ધ હોય છે એટલે!'

હવે આ કાર્યમાંથી નિવૃત્તિ લેવી જોઈએ તેવા વિચાર પાર્વતીના મનમાં અનેક વખત આવી ગયા, પણ ફરી કોઈ એવી ઘટના બને અને ફરી એકવાર હાથીઓ તરફનો પ્રેમ તેમને હાથીઓ વચ્ચે ખેંચી જાય છે. કદાચ આ પ્રેમ જ તેમને ક્યારેય નિવૃત્ત નહીં થવા દે. ■

ફોકસ
ઝુબૈદા વલિયાણી
feedback@bombaysamachar.com

# સાવધાન

## ગમે તેટલી વહાલી બહેન, દીકરી હોય પણ તે તો સાસરે જ શોભેને...!

ઉંબરો ઓળંગતાં પહેલાં વિચારી જુઓ કે,
- ઉંબર બહારની દુનિયાને જીરવવી સહેલી નથી હોતી
- અને તેમાંય ખાસ કરીને સ્ત્રીઓ માટે
- સિવાય કે પિયરનો ભરપૂર ટેકો અને સહકાર હોય
- સહાનુભૂતિ હોય
- પુરુષોનું તો તે પછી
* ઘર,
* પરિવાર
* કામધંધો એમ બધું તેનું તે જ રહે છે,
* જ્યારે ભોગવવાનું સ્ત્રીના ભાગે જ આવતું હોય છે.
* તેને એકડે એકથી શરૂ કરવાનું રહે છે.
* વળી સ્ત્રીએ જો સ્વમાનનો અને
* લાગણીઓનો મુદ્દો આગળ કરીને ઘર છોડ્યું હશે
* તો સ્વમાન ભંગ થાય ને
* લાગણીઓને ઠોકરે ચઢાવાય તેવા તો કંઈ કેટલાય પ્રસંગો તે પછી પિયરમાં અને સમાજમાં અનુભવાશે.
* તો પછી શું પિયર પણ છોડી દેશો?
- વળી મોટા ભાગની યુવતીઓ સંતાનો પ્રત્યેની લાગણીવશ થઈ તેમને પણ સાથે લઈને ઘર છોડતી હોય છે.
- મૂકીને આવે તોય દુઃખી અને લઈને જાય તોય પ્રશ્નો સર્જાતા હોય છે.
- તેઓ વિચારે છે કે પિયરમાં નાનું-મોટું કામ મેળવી લેશે,
* નોકરી મળી જશે
* એટલે બધું ઠીક થઈ જશે ને
* પતિને પણ સબક મળી જશે,
* પણ ખરો સબક તો એને જ મળી જાય છે,
* ધારેલું કંઈ થતું નથી ને દુઃખનો કોઈ પાર નહીં...!
- એના વહાલા પિયરમાં હવે એ 'પરાયાધન'નું પહેલાં જેવું માન-સ્થાન રહેતું નથી,
- તેની વિદાય ટાણે હૈયું ફાડીને રડેલાં એ જ મા-બાપ હવે પાછી આવેલી લાડકવાયી માટે એટલો ઉમળકો નથી બતાવતાં.
- બે-ચાર દિવસ રહેવા આવે તો ખુશી ખુશી,
- પણ માથે પડેલી દીકરી ભાઈ-ભાભી સુધ્ધાંને ખૂંચવા લાગે છે.
- તે પછી ચાલે છે તેના અને બાળકોના આર્થિક પ્રશ્નો,
- ઉછેર,
- ભણતર વગેરે...વગેરે...!
- તે દરમિયાન આળું થયેલું મન કોઈની જરા સરખી પણ ટકોર સહી શકતું નથી ને છાને ખૂણે હૈયું ઠલવાઈ જાય છે.
- મા-બાપને ખૂલીને કહેવાય નહીં, કેમ કે એ પણ ભાઈ-ભાભીના રાજમાં ઘણા અંશે લાચાર હોય છે.
- સામે ભાભીઓ નાક ચડાવે કે પોતાનું સંભાળી ના શક્યાં અને અમારું બગાડવા આવી ગયાં...!



* ધીરે ધીરે એની હિંમત તૂટતી જાય છે
* જુસ્સો પણ ઓસરતો જાય છે.
* શાંતિથી વિચારતાં પોતાની ભૂલો નજરે ચડે છે ને પછી હૈયું પતિને ઝંખે છે
* પણ ત્યારે ઘણું મોડું થઈ ગયું હોવાથી સમાધાનના રસ્તા પણ જડતા નથી.
- સિવાય કે કોઈ મજબૂત મધ્યસ્થી હોય અને
- સામેવાળા પણ તે માટે તૈયાર હોય
- આમ એક આખું ફૅમિલી રખડી પડે છે
- 'મુંબઈ સમાચાર' પત્રની વહાલી લાડકી પૂર્તિની અતિ વહાલી વાચક બહેન-દીકરીઓ!
- મોટી સમસ્યાઓ કે જીવને જોખમ હોય તેવા પ્રશ્નો હોય તો જ ઘર છોડવાનું વિચારાય પણ
- નાના-નાના પ્રશ્નો તો સૌને સર્જાતા હોય છે
- એમ ઝટ દઈને ઘર છોડી દેવાનો નિર્ણય તો એથીય પીડાદાયક બની રહેતો હોય છે
- સારું તો એજ રહેશે કે તમારા ભાગે આવેલી જિંદગી અને
- સ્વજનોની પૂરી ધીરજ
- સમર્પિતતાથી જીવી લેવામાં જ શાણપણ છે, કેમ કે
- ગમે તેટલી વહાલી
- બહેન
- દીકરી હોય પણ
- તે તો સાસરે જ શોભેને...!

* * *

**સોનાની વાત!**

* મનુષ્ય શરીર કરતાં આંખથી, મનથી વધારે પાપ કરે છે.
* એકાંતમાં કામને જીતે એ વીર છે
* પત્નીની પસંદગી હોય, માની પસંદગી હોય નહીં...!■

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| मांजर | વાનર |
| मांडी | પિયર |
| माकड | બિલાડી |
| माहेर | માછલી |
| मासा | ખોળો |

### જાણવા જેવું

ન્યુઝીલેન્ડ અને તેની આસપાસના ટાપુઓમાં જોવા મળતો નેસ્ટર પોપટ એવો જોરાવર હોય છે કે ઘેટાંઓનો વાંસો ફાડી નાખી અંદર રહેલો કેટલોક જરૂરી ભાગ ખાઈ જાય છે. ઓસ્ટ્રેલિયા અને તેની આસપાસના ટાપુઓમાં થતા પોપટની જીભનાં ટેરવાં ખરબચડાં હોય છે. કાકાકૌઆ નામના પોપટની જીભ સાદી હોય છે અને તેને માથા ઉપર પીંછાની એક કલગી હોય છે.

### ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ સ્ત્રીની સગી મામીના સસરાના એકમાત્ર પુત્રના મમ્મી સ્ત્રીને સંબંધમાં શું થાય એ જણાવો.

અ) નાની બ) કાકી
ક) દાદી ડ) માસી

### નોંધી રાખો

*ફરિયાદ કરવી મનુષ્ય સ્વભાવ છે, પણ પ્રયત્નો કરી જીવવામાં માનતા લોકો ક્યારેય નસીબને દોષ નથી દેતા.*

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ■ | ૪ | ૫ | ૬ | | ૭ |
| ૮ | | | | ■ | ૯ | | | ■ | ૮ |
| ૧૦ | | | ■ | ૧૧ | | | ■ | ૧૨ | |
| ■ | | ■ | ૧૩ | ■ | | ■ | ૧૪ | | ■ |
| ૧૫ | ■ | ૧૬ | | | ■ | ■ | ૧૭ | | ૧૮ |
| ૧૯ | ૨૦ | | ■ | ■ | ૨૧ | ૨૨ | | ■ | |
| ■ | ૨૩ | | ■ | ૨૪ | ■ | | ■ | ૨૫ | ■ |
| ૨૬ | | ■ | ૨૭ | | | ■ | ૨૮ | | ૨૯ |
| | ■ | ૩૦ | | | ■ | ૩૧ | | | |
| ૩૨ | | | | | ■ | ■ | ૩૩ | | |

**આડી ચાવી**

૧. અવકાશ, છેટું, તફાવત (૩)
૪. મરણ પર્યંત રહેનારું (૫)
૮. જન્મથી જ મળેલું (૪)
૯. સહાય, વહાર (૩)
૧૦. આગેવાન (૩)
૧૧. રોગનાં કારણોની તપાસ (૩)
૧૨. કપાળ (૨)
૧૪. ફરિયાદ (૨)
૧૬. યોગ્ય, ઘટિત (૩)
૧૭. બંધિ, નિષેધ (૩)
૧૯. ભૂલ, ચૂક (૩)
૨૧. ઢોરના નીરણ માટેની જગા (૩)
૨૩. ગરીબ, નિર્ધન (૨)
૨૬. --- તેવો રંગ (૨)
૨૭. પ્રહસન (૩)
૨૮. જમીનમાં કરેલું ભોંયરું (ટનલ) (૩)
૩૦. ઈચ્છા, ખુશી (૩)
૩૧. સૂઝ, સમઝણ (૪)
૩૨. આતિથ્ય, મહેમાનગતિ (૫)
૩૩. આંખની કીકી (૩)

**ઊભી ચાવી**

૧. હનુમાનની માતા (૩)
૨. એકાગ્રતા (૪)
૩. રસજ્ઞ (૩)
૪. --- અઢીની ખર્ચા રૂપૈયા (૪)
૫. કામદેવ (૩)
૬. બાતલ કરેલું (૨)
૭. તરત જ, તે જ વખતે (૩)
૧૨. અભિલાષા, લાગણી (૩)
૧૩. પોતાનું (૨)
૧૪. પીડા, આપદા (૩)
૧૫. નીતિમાન, પ્રામાણિક (૨)
૧૬. વારનારું, રોકનારું (૩)
૧૮. પૃથ્વી (૨)
૨૦. સુંદર રંગનું (૩)
૨૨. માણસ --- ભૂલને પાત્ર (૨)
૨૪. જય-પરાજય (૪)
૨૫. પૂરેપૂરું માહિતગાર (૪)
૨૬. ક્લેશ, દુઃખ (૩)
૨૭. છૂટું, મફત (૩)
૨૮. ---નું મન બાવળીયે (૩)
૨૯. ચાલ, ગતિ (૩)
૩૦. ખામી, ઊણપ (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સ | ભા | ૨ ગૃ | ૩ હ | | | ૪ ધ | ૫ ન | હી | ૬ ન |
| ખા | | ૭ હ | રી | ૮ ફ | | ૯ ગ | ત | | હીં |
| વ | | સ્થ | | ૧૦ ર | ૧૧ તા | શ | | ૧૨ તા | વ |
| ૧૩ ત | ૧૪ મા | | ૧૫ ભુ | જં | ગ | | ૧૬ પ | | તૃ |
| | ૧૭ લ | ૧૮ પ | | દ | | ૧૯ કા | ર | ૨૦ જ | |
| | ૨૧ કું | દ | ન | | ૨૨ હ | | ૨૩ વા | મા | |
| ૨૪ પ | | વી | | ૨૫ સા | ર | પ | | ૨૬ લ | ૨૭ બ |
| ૨૮ રિ | પુ | | ૨૯ અ | ફ | વા | | ૩૦ શં | | હિ |
| તા | | ૩૧ ખો | જા | | ૩૨ યુ | ૩૩ વ | ક | | ષ્કા |
| ૩૪ પ | ળો | જ | ણ | | | ૩૫ પુ | ર | સ્કા | ર |

### ઓળખાણ પડી?

કચ્છના મોટા રણના છીછરાં પાણીવાળા કાદવિયા પ્રદેશમાં ખૂબ મોટી સંખ્યામાં વસાહત કરતાં જોવા મળતા પક્ષીને ઓળખી કાઢો.

અ) હંસ બ) સુરખાબ
ક) તેતર ડ) હરિયલ



### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૪ | | | | | |
| | | | | | ૯ | | ૫ | ૧ |
| ૫ | ૧ | | | ૮ | | ૬ | ૯ | ૪ |
| ૪ | | | | | ૬ | ૫ | | ૩ |
| | ૬ | ૩ | | ૭ | | ૧ | ૮ | |
| ૮ | | ૯ | ૨ | | | | | ૭ |
| ૧ | ૩ | ૬ | | ૫ | | | ૪ | ૮ |
| ૭ | ૪ | | ૩ | | | | | |
| | | | | | ૮ | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

**સુડોકુ-ગઈકાલનો જવાબ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૨ | ૪ | ૫ | ૯ | ૬ | ૭ | ૧ | ૩ |
| ૯ | ૫ | ૩ | ૨ | ૧ | ૭ | ૮ | ૬ | ૪ |
| ૧ | ૭ | ૬ | ૮ | ૪ | ૩ | ૨ | ૯ | ૫ |
| ૪ | ૯ | ૨ | ૩ | ૫ | ૧ | ૬ | ૭ | ૮ |
| ૭ | ૧ | ૫ | ૬ | ૮ | ૪ | ૩ | ૨ | ૯ |
| ૩ | ૬ | ૮ | ૯ | ૭ | ૨ | ૪ | ૫ | ૧ |
| ૨ | ૪ | ૯ | ૧ | ૬ | ૮ | ૫ | ૩ | ૭ |
| ૫ | ૩ | ૭ | ૪ | ૨ | ૯ | ૧ | ૮ | ૬ |
| ૬ | ૮ | ૧ | ૭ | ૩ | ૫ | ૯ | ૪ | ૨ |

### ગયા ગુરુવારના જવાબ

| A | B |
|---|---|
| पोळी | રોટલી |
| आमटी | દાળ |
| ताक | છાસ |
| लोणचं | અથાણું |
| तूप | ઘી |

**ગુજરાત મોરી મોરી રેઃ** બનેવી

**ઓળખાણ પડી?** મનીષા બત્રા

**માઈન્ડ ગેમ :** ઈલા આરબ મહેતા

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** ૩૨

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

આપેલા વાક્યમાં છુપાયેલી એક ખૂબ જ પ્રચલિત અને ભાવતી મીઠાઈ શોધી કાઢો.

કોને ખબર ફી કેટલી ભરવી પડશે આવતા વર્ષે?

### માઈન્ડ ગેમ

શિકારી પ્રાણીઓથી રક્ષણ માટે શરીર પર અણીદાર કાંટા ધરાવતા ને અનોખા દેખાતા પ્રાણીનું નામ આપેલા વિકલ્પોમાંથી શોધી કાઢો.

અ) થોર બ) શાહુડી ક) સસ્સારાણા ડ) લંગુર

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) ધીરેન્દ્ર ઉદેશી (૪) ભામિની સંપટ (૫) પ્રતિમા પમાણી (૬) ડો. પ્રકાશ કટકિયા (૭) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૮) ભારતી બુચ (૯) ભરત કજરિયા (૧૦) વિપીન શાહ (૧૧) નૂતન વિપીન શાહ (૧૨) હર્ષા મહેતા (૧૩) શ્રદ્ધા આશર (૧૪) મહેશ સંઘવી (૧૫) મીનળ કાપડિયા (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) નિખિલ બંગાળી (૧૮) અમીશી બંગાળી (૧૯) ભાવના કર્વે (૨૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) કમલ માતલિયા (૨૪) જયવંત પદમશી ચિખલ (૨૫) વિણા સંપટ (૨૬) ખુશરૂ કાપડિયા (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) અંજુ ટોલિયા (૨૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૦) વિજય આસર (૩૧) અલકા વાણી (૩૨) ડાયના સંતોકે (૩૩) નિતીન જયંતીલાલ બજરિયા (૩૪) અરવિંદ કામદાર (૩૫) પ્રિતીબેન ઉદય શેઠ (૩૬) નયના ગિરીશ મિસ્ત્રી (૩૭) લજિતા ખોના (૩૮) પુષ્પા પટેલ (૩૯) મહેશ દોશી (૪૦) તાહેર ઔરંગાબાદવાલા (૪૧) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૨) શીરીન ઔરંગાબાદવાલા (૪૩) પ્રવીણ વોરા (૪૪) રમેશભાઈ દલાલ (૪૫) ઈનાક્ષીબેન દલાલ (૪૬) હિનાબેન દલાલ (૪૭) મહેન્દ્ર લોઢાવિયા (૪૮) જ્યોત્સના ગાંધી (૪૯) કુંદન મારુ

# વૈભવ સૂર્યવંશીનો ક્લાસિક કૅચઃ દિગ્ગજ ખેલાડીઓને શરમાવે એવા જમ્પ અને ડાઇવ!

દમ્બુલાઃ ૧૫ વર્ષના ટેણિયા વૈભવ સૂર્યવંશીને આપણે અત્યાર સુધી ધમાકેદાર બૅટિંગમાં છગ્ગા-ચોગ્ગા ફટકારતો જ જોયો છે અને મોટા ભાગના લોકોને માત્ર તેની આતશબાજી જોવામાં જ રસ હશે, પણ બુધવારે અહીં તેણે પોતાનો કૅચ ઝીલનાર અફઘાનિસ્તાન-એના ખેલાડી ખાલિદ તાનિવાલનો કૅચ ઝીલીને તેને વળતો જવાબ આપ્યો એ કાબિલે-દાદ છે.

વૈભવ 'એ' ગ્રેડનો ટી-૨૦ બૅટ્સમૅન હોવા ઉપરાંત સારો ફીલ્ડર પણ છે એવું તો અત્યારથી કહેવું વહેલું કહેવાશે, પણ તેણે ખાલિદનો જે રીતે કૅચ ઝીલ્યો એના પરથી લાગે છે કે તે ફીલ્ડિંગમાં પણ તે ગજબની દૃઢતા બતાવી શકે છે.

ભારતની ઇનિંગ્સમાં વૈભવ ૩૮ રન બનાવીને આઉટ થઈ ગયો હતો. તેણે આઇપીએલ જેવી ધમાકેદાર બૅટિંગ ન કરીને ફરી એક વખત નિરાશ કર્યા, પણ તેના અફલાતૂન કૅચ અનેકના દિલ ખુશ કરી દીધા હશે.



વનડાઉન બૅટ્સમૅન ૧૩ રન પર હતો ત્યારે પેસ બોલર અંશુલ કંબોજના બૉલને ફ્લિક કરીને શૉર્ટ મિડ-વિકેટ તરફ મોકલ્યો હતો જ્યાં વૈભવ ઊભો હતો. પહેલી નજરે તો લાગ્યું કે બૉલ વૈભવના માથા પરથી પસાર થઈ જશે. જોકે આ ટીનેજર ઊંચો કૂદકો માર્યો હતો. તે પ્રથમ પ્રયાસમાં કૅચ નહોતો ઝીલી શક્યો, પણ બીજી જ ક્ષણે તે પાછળ ફર્યો હતો અને બૉલ નીચે પડે એ પહેલાં તેણે બીજા પ્રયાસમાં ફુલ સ્ટ્રેચ ડાઇવમાં બૉલ જમણા હાથે આબાદ ઝીલીને સૌને ચોંકાવી દીધા હતા. ■

# ઇન્ડિયા-એ ત્રણમાંથી બે લીગ મૅચ હારવા છતાં ફાઇનલમાં!

## તિલકની કૅપ્ટન્સીમાં ઑલરાઉન્ડ પર્ફોર્મન્સઃ નિશાંત સિંધુની ચાર વિકેટ

દમ્બુલા (શ્રીલંકા): તિલક વર્માના સુકાનમાં ઇન્ડિયા-એ અહીં બુધવારે અફઘાનિસ્તાન-એ સામેના ઑલરાઉન્ડ પર્ફોર્મન્સથી જીતીને ફાઇનલમાં પહોંચ્યું એ વિશે નવાઈની વાત એ છે કે પહેલી ત્રણમાંથી બે લીગ મૅચ હારી જવા છતાં આ ભારતીય ટીમને નિર્ણાયક મૅચમાં પ્રવેશ કરવા મળ્યો છે. નવમી જૂને શરૂ થયેલી આ વન-ડે ટ્રાયેન્ગ્યૂલરમાં ભારતે રસાકસીભરી પ્રથમ લીગ મૅચમાં શ્રીલંકા-એને આઠ રનથી હરાવ્યું હતું, ત્યાર બાદ અફઘાનિસ્તાન-એ સામે ભારતનો ચાર રનથી પરાજય થયો હતો અને એ પછી શ્રીલંકા-એ ટીમે ઇન્ડિયા-એને સુપર ઓવરમાં હરાવી દીધું હતું. જોકે બુધવારે અફઘાનિસ્તાન-એ સામેના વળતા મુકાબલામાં ઇન્ડિયા-એ ટીમે ૧૦૧ રનથી જીતીને સીધી ફાઇનલમાં જ એન્ટ્રી કરી લીધી. ફાઇનલ માટે ભારતીય ટીમને માત્ર એક વિજયની જરૂર હતી. હવે શુક્રવારે યજમાન શ્રીલંકા-એ અને અફઘાનિસ્તાન-એ વચ્ચે મુકાબલો થશે અને એમાં જીતનારી ટીમ રવિવારે (સવારે ૧૦.૦૦ વાગ્યાથી) ઇન્ડિયા-એ વિરુદ્ધ ફાઇનલમાં રમશે. ■

### તમામ છ ભારતીય બોલરને મળી વિકેટ

૩૨૦ રનનો તોતિંગ લક્ષ્યાંક મળ્યા પછી અફઘાનિસ્તાન-એ ટીમ ૨૧૮ રન પર ઑલઆઉટ થઈ ગઈ હતી. લેફ્ટ-આર્મ સ્પિનર નિશાંત સિંધુએ સૌથી વધુ ચાર વિકેટ લીધી હતી. તમામ છ ભારતીય બોલરે વિકેટ લીધી હતી. યશ ઠાકુરે બે તેમ જ વિપ્રજ નિગમ, અનુકૂલ રૉય, અંશુલ કંબોજ અને સૂર્યાંશ શેડગેએ એક-એક વિકેટ મેળવી હતી. અફઘાની ટીમના ટૉપ-સ્કોરર બાહિર શાહ (૫૭ રન)ની વિકેટ વિપ્રજ નિગમે મેળવી હતી. ■

### વૈભવ ૩૮ રન બનાવીને આઉટ

એ પહેલાં, ઇન્ડિયા-એ ટીમે ૫૦ ઓવરમાં નવ વિકેટે ૩૧૯ રન બનાવ્યા હતા. વૈભવ સૂર્યવંશી ૩૮ રન કરીને આઉટ થઈ ગયો હતો, જે તેણે ૨૮ બૉલમાં બે છગ્ગા અને ચાર ચોગ્ગાની મદદથી બનાવ્યા હતા. ઇન્ડિયા-એના ૩૧૯ રનમાં કેપ્ટન તિલક વર્મા (૫૯ રન), પ્રિયાંશ આર્ય (૫૮) અને કુમાર કુશાગ્ર (૫૮ રન)ના સૌથી મોટા યોગદાન હતા. ■




# મેસીના હૅટ-ટ્રિક ગોલ, આર્જેન્ટિનાનો ૩-૦થી અદ્ભુત વિજય

કૅન્સસઃ ફૂટબૉલના ભગવાન માનવામાં આવતા લિયોનેલ મેસીના નેતૃત્વમાં અને તેના સુપર-ડુપર પર્ફોર્મન્સની મદદથી આર્જેન્ટિનાએ ગઈ કાલે અહીં ફિફા વર્લ્ડ કપમાં પોતાની પહેલી જ મૅચમાં અલ્જિરિયાને ૩-૦થી હરાવીને ત્રણ પોઇન્ટ મેળવ્યા હતા.

આર્જેન્ટિનાના ત્રણેય ગોલ લિયોનેલ મેસીએ કર્યા હતા. તેનો આ વિશ્વવિક્રમી છઠ્ઠો વર્લ્ડ કપ હતો અને એમાં તેણે પહેલી વાર હૅટ-ટ્રિક ગોલની સિદ્ધિ પણ મેળવી હતી. મેસીએ ૧૭મી, ૬૦મી અને ૭૬મી મિનિટમાં ગોલ કર્યો હતો.



**મેસી ભાવુક થયોઃ** *પ્રથમ ગોલ કર્યા પછી મેસી રડી પડ્યો હતો. તેણે કહ્યું, 'હું ભાવુક થઈ ગયો એ પાછળ ફૂટબૉલને લગતું કોઈ જ કારણ નથી. હું થોડા મુશ્કેલ દિવસોમાંથી પસાર થયો હતો એટલે ભાવુક થઈ ગયો હતો.'*

મેસી આ ત્રણ ગોલની મદદથી હવે વર્લ્ડ કપના ઇતિહાસમાં વ્યક્તિગત રીતે સૌથી વધુ ગોલ કરનાર જર્મનીના મિરોસ્લાવ ક્લોઝની બરાબરીમાં થઈ ગયો છે. મિરોસ્લાવની માફક હવે મેસીના પણ વર્લ્ડ કપમાં કુલ ૧૬ ગોલ છે.

મેસી આર્જેન્ટિનાના વિજય માટે પૂરતા આ ત્રણ ગોલ કર્યા બાદ સેકન્ડ-હાફમાં બેન્ચ પર બેસી ગયો હતો અને ટીમના યુવા ખેલાડીને પોતાના સ્થાને રમવાનો મોકો આપ્યો હતો.ત્યાર બાદ તેની ટીમ ૩-૦ના વિજયી માર્જિન સાથે પાછી આવી હતી. મેસીના મૅજિક સામે અલ્જિરિયાના ડિફેન્ડર્સ તેમ જ ફૉરવર્ડ ખેલાડીઓ અને ગોલકીપરનો કોઈ જ જવાબ નહોતો. તેઓ બધા મેસીના કૌશલ્ય સામે લાચાર હતા. આખી મૅચમાં મેસીનો જ જાદુ છવાયેલો રહ્યો હતો.

આર્જેન્ટિનાની હવે લીગ સ્ટેજમાં ઑસ્ટ્રિયા, જોર્ડન સામે મૅચ બાકી છે. ■


# જાદુઈ પર્ફોર્મન્સ વચ્ચે મેસી રેડ કાર્ડથી બચી ગયોઃ જાણો, કેવી રીતે...

કૅન્સસઃ આર્જેન્ટિનાના સુપરસ્ટાર ફૂટબોલર લિયોનેલ મેસીએ બુધવારે અલ્જિરિયા સામેની મૅચમાં ઉપરાઉપરી ત્રણ ગોલ કરીને ફિફા વર્લ્ડ કપને ખરું સ્ટાર્ટ અપાવ્યું હતું, પરંતુ સોશ્યલ મીડિયામાં તેની વિરુદ્ધમાં (ખાસ કરીને અલ્જિરિયા તરફી ફૂટબૉલપ્રેમીઓએ) મેસી વિશેના રેફરીના એક નિર્ણયને ખૂબ વખોડ્યો છે.

મેસીએ ૧૭મી મિનિટમાં પ્રથમ ગોલ, ૬૦મી મિનિટમાં બીજો ગોલ અને ૭૬મી મિનિટમાં ત્રીજો ગોલ કર્યો હતો. મીડિયામાં કેટલાકની એવી દલીલ છે કે મેસીએ ફર્સ્ટ-હાફમાં જે પ્રથમ ગોલ કર્યો એની થોડી ક્ષણો બાદ અલ્જિરિયાના ઍઇસા મૅન્ડીને જે રીતે ચૅલેન્જ કર્યો એ ઘટના વિવાદાસ્પદ થઈ ગઈ.

અલ્જિરિયા-તરફી સૉકરપ્રેમીઓના મતે મેસીએ મૅન્ડીને જે રીતે ધક્કો મારીને તેને પાડ્યો અને ઈજાગ્રસ્ત કર્યો એ બદલ મેસીને રેફરીએ રેડ કાર્ડ બતાવવું જોઈતું હતું. જો એવું થયું હોત તો મેસી હૅટ-ટ્રિક ગોલની અભૂતપૂર્વ સિદ્ધિ ન મેળવી શક્યો હોત. કેટલાક ફૂટબૉલપ્રેમીઓ 'એક્સ' પર લખે છે કે મેસીને રેફરીએ યલો કાર્ડ પણ ન બતાવ્યું.

રેફરીએ મેસીની સામે કડક પગલું ભરવાને બદલે અલ્જિરિયાને માત્ર ફ્રી કિક આપીને મામલો ત્યાં જ ખતમ કરી નાખ્યો હતો. ત્યાર બાદ મેસીએ બીજા બે ગોલ કર્યા હતા અને આર્જેન્ટિનાને ૩-૦થી યાદગાર વિજય અપાવ્યો હતો. ■



### વર્લ્ડ કપમાં આજે કઈ મૅચ?

ઉઝબેકિસ્તાન વિ. કોલમ્બિયા
સવારે ૭.૩૦

ચેકિયા વિ. સાઉથ આફ્રિકા
રાત્રે ૯.૩૦

સ્વિટ્ઝરલૅન્ડ વિ. બોસ્નિયા
મધરાત બાદ ૧૨.૩૦

### અન્ય મૅચોના પરિણામ

(૧) ફ્રાન્સનો ઍમ્બપ્પેના બે ગોલની મદદથી સેનેગલ સામે ૩-૧થી વિજય
(૨) નોર્વેનો હાલૅન્ડના બે ગોલની મદદથી ઇરાક સામે ૪-૧થી વિજય
(૩) ઑસ્ટ્રિયાનો જોર્ડન સામે ૩-૧થી વિજય

# મહિલા વર્લ્ડ કપમાં ભારત ૯૫ રનથી જીત્યું

લીડ્સઃ ભારતની મહિલા ટીમે અહીં બુધવારે નેધરલૅન્ડ્સને ટી-૨૦ વર્લ્ડ કપમાં ૯૫ રનથી હરાવીને સતત બીજો વિજય નોંધાવ્યો હતો. ભારતે બૅટિંગ મળ્યા પછી પાંચ વિકેટે ૨૦૯ રન બનાવ્યા હતા જેમાં વાઇસ-કૅપ્ટન સ્મૃતિ મંધાના (૭૪ રન, ૪૭ બૉલ, એક સિક્સર, અગિયાર ફોર) અને શેફાલી વર્મા (પંચાવન રન, ૩૮ બૉલ, દસ ફોર)ના સૌથી મોટા યોગદાન હતા અને તેમની વચ્ચે ૧૧૫ રનની ભાગીદારી થઈ હતી. બેબેટ દ લીડના સુકાનમાં નેધરલૅન્ડ્સની ટીમ ૧૧૪ રનમાં આઉટ થઈ ગઈ હતી. શ્રી ચરનીએ ચાર, શેફાલીએ ત્રણ અને નંદની શર્માએ બે વિકેટ લીધી હતી. ભારત ચાર પૉઇન્ટ સાથે મોખરે છે. ■

# ગિલ-કિશનની ભાગીદારી સામે અફઘાનિસ્તાન પરાજિત, ટ્રોફી પર ભારતનો કબજો

લખનઊઃ ભારતે અહીં બુધવારે અફઘાનિસ્તાનને બીજી વન-ડેમાં ૧૭૦ રનના તોતિંગ માર્જિનથી કચડીને ૨-૦થી વિજયી સરસાઈ મેળવી લીધી હતી અને ટ્રોફી પર કબજો પણ કરી લીધો હતો. ખરેખર તો હશમતુલ્લા શાહિદીની ટીમ મૅન ઑફ ધ મૅચ શુભમન ગિલ (૧૫૪ રન, ૧૧૦ બૉલ, બે સિક્સર, બાવીસ ફોર) અને ઇશાન કિશન (૧૨૫ રન, ૭૯ બૉલ, સાત સિક્સર, ૧૪ ફોર) વચ્ચે ૧૪૧ બૉલમાં ૨૨૪ રનની જે ભાગીદારી થઈ હતી એના બોજ નીચે જ અફઘાનિસ્તાનની ટીમ દબાઈ ગઈ હતી.

અફઘાનિસ્તાને ટૉસ જીત્યા બાદ કાળઝાળ ગરમી છતાં પ્રથમ ફીલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો હતો. યશસ્વી જયસ્વાલ તો ચાર રન બનાવીને આઉટ થઈ ગયો હતો, પણ ત્યાર બાદ રોહિત શર્મા (૪૮ રન, ૩૯ બૉલ, બે સિક્સર, છ ફોર) અને ગિલ વચ્ચે બીજી વિકેટ માટે ૮૭ રનની જે ભાગીદારી થઈ હતી એનાથી જીતનો પાયો નખાયો હતો. ૬૨મી હાફ સેન્ચુરી ચૂકી જનાર રોહિતની વિકેટ પડ્યા બાદ ગિલ-કિશને અફઘાનના બોલર્સને ખૂબ હંફાવ્યા હતા અને ફીલ્ડરોને દોડાવ્યા હતા. બન્નેએ મળીને કુલ ચાર છગ્ગા અને ૨૮ ચોગ્ગા ફટકાર્યા હતા.

શ્રેયસ ઐયર (૨૬ રન) સસ્તામાં આઉટ થઈ ગયો હતો અને કેએલ રાહુલ (૦) તેના પહેલા જ બૉલ પર વિકેટ ગુમાવી બેઠો હતો. વૉશિંગ્ટન સુંદરે ૧૯ બૉલમાં ૧૯ રન બનાવ્યા હતા. ભારતે ૪૦૨ રન બનાવ્યા બાદ અફઘાનિસ્તાનની ટીમ ૪૪.૩ ઓવરમાં માત્ર ૨૩૨ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી. રહમત શાહના ૭૯ રન ટીમમાં હાઇએસ્ટ હતા. ભારતના મુખ્ય પાંચ બોલરમાં માત્ર કુલદીપ યાદવને બાદ કરતા બાકીના ચારેય બોલરને એક કે એકથી વધુ વિકેટ મળી હતી અને એમાં અર્શદીપ સિંહ અને ગુર્નૂર બ્રાર ત્રણ-ત્રણ વિકેટ સાથે સૌથી સફળ હતા. પ્રિન્સ યાદવને બે અને વૉશિંગ્ટન સુંદરને એક વિકેટ મળી હતી. ■

## ગુજરાત

# વડોદરામાં લક્ઝરી બસ ઊભેલી ટ્રક સાથે અથડાતા સાત જણનાં મોત, ૨૦ ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના વડોદરા શહેરમાં કોટંબી સ્ટેડિયમ નજીક જરોદ-કોટંબી રોડ પર થયેલા ભયાનક માર્ગ અકસ્માતમાં ૯ વર્ષના બાળક સહિત સાત લોકોનાં મોત થયાં હતાં, જ્યારે ૨૮ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તોમાંથી બેની હાલત ગંભીર હોવાનું જાણવા મળે છે. તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે વડોદરાની એસએસજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. પ્રાથમિક માહિતી મુજબ, બાલાજી ટ્રાવેલ્સ દ્વારા સંચાલિત એક લક્ઝરી બસ રાજસ્થાનના બાંસવાડાથી સુરત જઈ રહી હતી. સવારે લગભગ ૪ વાગ્યે, કોટંબી સ્ટેડિયમ નજીક બસ રસ્તાની બાજુમાં ઊભેલા ટ્રક સાથે અથડાઈ ગઈ. અકસ્માત સમયે મોટાભાગના મુસાફરો ઊંઘી રહ્યા હોવાથી જાનહાનિનો આંકડો વધુ હતો. મળતી માહિતી અનુસાર મોટાભાગના મુસાફરો રાજસ્થાનના હતા.

અકસ્માતની જાણ થતાં જ એસડીઆરએફ, એનડીઆરએફ, વડોદરા ફાયર બ્રિગેડ, પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાઓની ટીમો ઘટનાસ્થળે દોડી ગઈ હતી. બચાવ ટીમોએ બસમાં ફસાયેલા મુસાફરોને બહાર કાઢવા માટે કટિંગ ટૂલ્સ અને અન્ય આધુનિક સાધનોનો ઉપયોગ કર્યો હતો. બચાવ કામગીરી પૂર્ણ થયા પછી, ટ્રક અને બસને દૂર કરવામાં આવ્યા હતા, અને રસ્તો ટ્રાફિક માટે ફરીથી ખોલવામાં આવ્યો હતો. પોલીસે અકસ્માતનું ચોક્કસ કારણ શોધવા કાર્યવાહી શરૂ કરી દીધી છે. ■

# સીબીએસઈની સ્કૂલોમાં હવે જર્મન અને ફ્રેન્ચ નહીં, ગુજરાતી અને સંસ્કૃત ભણાવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ) દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ હેઠળ ધોરણ ૬ થી ૮ માટે ત્રણ ભાષાની ફોર્મ્યુલા લાગુ કરવાના નિર્ણયથી શહેરની શાળાઓમાં નોંધપાત્ર ફેરફારો થઈ રહ્યા છે. બોર્ડના નિયમો અનુસાર બાળકને ત્રણ ભારતીય ભાષા શિખવવી જરૂરી છે.

આ નિયમને કારણે જે સ્કૂલો અગાઉ જર્મન અને ફ્રેન્ચ ભાષા શીખવતી હતી તેઓ હવે બોર્ડની માર્ગદર્શિકાનું પાલન કરવા માટે ગુજરાતી અને સંસ્કૃત તરફ વળી રહી છે, તેમ સૂત્રો જણાવે છે.

શહેરની જાણીતી સ્કૂલમાં અગાઉ ફ્રેન્ચ અને જર્મન શિખવવામાં આવતું હતું. આનું કારણ એ હતું કે બાળકોને આગળ જઈ વિદેશમાં કરિયર બનાવવું હોય તો કામ આવી શકે. જોકે હવે નવી પોલિસી અનુસાર સ્કૂલમાં ક્લાસ ૬થી ૮ ધોરણ સુધી ગુજરાતી અને સંસ્કૃત ભણાવવામાં આવશે. મોટાભાગની સ્કૂલો હવે ફર્સ્ટ લેંગ્વેજ તરીકે અંગ્રેજી, સેકન્ડ લેંગ્વેજ તરીકે હિન્દી અને થર્ડ લેંગ્વેજ તરીકે ગુજરાતી અથવા સંસ્કૃતનો વિકલ્પ આપે છે. અન્ય રાજ્યોમાંથી આવતાં બાળકો માટે સંસ્કૃતનો વિકલ્પ સારો રહેતો હોવાનું પણ સ્કૂલ સંચાલકોનું માનવાનું છે.

અમુક સ્કૂલોમાં ગુજરાતીનો વિકલ્પ પસંદ કરનારાં બાળકોને અઠવાડિયામાં એકવાર સંસ્કૃતનો ક્લાસ અટેન્ડ કરવાનો રહે છે અને જેમણે સંસ્કૃત પસંદ કર્યું છે, તેમણે ગુજરાતી ભણવાનું રહે છે.

અહેવાલો અનુસાર સ્કૂલ સંચાલકોએ જણાવ્યું હતું કે સીબીએસઈએ હજુ સુધી ગુજરાતી પાઠ્યપુસ્તકો પૂરા પાડ્યા નથી, જેના કારણે શાળાઓને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા નક્કી કરાયેલા પાઠ્યપુસ્તકો પર આધાર રાખવો પડે છે. આ સાથે પાત્ર શિક્ષકોની પણ અછત હોવાનું અમુક સ્કૂલ પ્રિન્સિપાલે જણાવ્યું હતું. ■

# બાળકોના ૧૦૦ ટકા શાળા નામાંકનથી ગુજરાતને શિક્ષણક્ષેત્રે પણ નંબર વન પર રાખવા મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલનું આહ્વાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં શિક્ષણના સર્વાંગી વિકાસ અને દરેક બાળક સુધી ગુણવત્તાયુક્ત શિક્ષણ પહોંચાડવાના ઉદ્દેશ સાથે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં બુધવારે ગાંધીનગર ખાતે શાળા પ્રવેશોત્સવ-૨૦૨૬, કન્યા કેળવણી મહોત્સવ-૨૦૨૬ કાર્યક્રમ અંગે માર્ગદર્શક બેઠક યોજાઈ હતી.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે આ વર્ષના શાળા પ્રવેશોત્સવને પ્રગતિનો પ્રવેશોત્સવ બનાવવાના નિર્ધાર સાથે બાળકોના ૧૦૦ ટકા શાળા નામાંકનથી ગુજરાતને શિક્ષણક્ષેત્રે પણ નંબર વન પર રાખવાનું આહ્વાન કર્યું હતું. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ દરમિયાન શાળાઓમાં જતા દરેક અધિકારી-પદાધિકારીએ એસ.એમ.સી.ની બેઠકમાં વાલીઓ અને શિક્ષણનું મહત્ત્વ અને સર્વાંગી વિકાસ માટે શિક્ષણની આવશ્યકતા સમજાવવી જોઈએ.

નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, બાળકોને માત્ર પુસ્તકીય જ્ઞાન કે શિક્ષણની સાથે શિક્ષકોએ તેમના રોજિંદા જીવનની આદતો, સંસ્કારો અને કૌશલ્યોને વધારવા પર પણ વિશેષ ધ્યાન આપવું જોઈએ. બાળકોમાં નાનપણથી જ સ્વચ્છતા, આરોગ્ય અને સદ્ગુણો જેવી આદતો કેળવવામાં આવશે તો તેઓ ભવિષ્યમાં એક જવાબદાર અને સારા નાગરિક બની શકશે. શિક્ષણપ્રધાન ડૉ. પ્રદ્યુમન વાજાએ શિક્ષણક્ષેત્રે ગુજરાતની ગૌરવશાળી સિદ્ધિ વિશે જણાવતા કહ્યું હતું કે, સ્વચ્છ અને હરિત વિદ્યાલય રેટિંગમાં સમગ્ર દેશમાં ગુજરાતે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે, જ્યારે રાજ્યની ૧૫ શાળાએ પણ આ પ્રતિષ્ઠિત રેટિંગમાં સ્થાન મેળવ્યું છે. આ પ્રસંગે મુખ્ય સચિવ એમ.કે. દાસ, શિક્ષણ વિભાગના અગ્ર સચિવ મિલિંદ તોરવણે સહિતના અધિકારીઓ હાજર હતા. ■

# રાપરની સગીરાના ગેરકાયદે ધર્મપરિવર્તન અને નિકાહ કેસમાં મોટી સફળતાઃ અજમેર દરગાહના કાઝીની રાજસ્થાનથી ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના વાગડ પંથકના રાપરની એક સગીરાનું ગેરકાયદે ધર્મપરિવર્તન કરાવી તેના નિકાહ પઢાવી દેવાના આંતરરાજ્ય રૅકેટનો પર્દાફાશ કરવામાં રાપર પોલીસને મોટી સફળતા સાંપડી છે. સગીરાના નિકાહ કરાવી આપનાર મુખ્ય સૂત્રધાર અને રાજસ્થાનની સુપ્રસિદ્ધ અજમેર દરગાહના કાઝી મોહમદ રમજાનની પોલીસે અજમેર ખાતેથી ધરપકડ કરી છે. આ ચકચારી કેસમાં ધર્મ સ્વાતંત્ર્ય વિરોધી કાયદા (લવ જેહાદ વિરોધી કાયદો) હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી છે.

પોલીસનાં સત્તાવાર સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ, રાપર પંથકની એક સગીરાને લાલચ, ફોસલાવીને અથવા તો ડરાવી-ધમકાવીને અપહરણ કરી રાજસ્થાનના અજમેર ખાતે લઈ જવામાં આવી હતી. ત્યાં કોઈ પણ કાયદાકીય પ્રક્રિયા કે મંજૂરી વિના સગીરાનું બળજબરીપૂર્વક ધર્મપરિવર્તન કરાવી તેના નિકાહ પઢાવી દેવાયા હતા. આ મામલે રાપર પોલીસ મથકે ગુનો નોંધાયા બાદ પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. આ ગુનાના મુખ્ય આરોપી જાહીન અબ્દુલ ચૌહાણની પોલીસે અગાઉ જ ધરપકડ કરી લીધી હતી.

મુખ્ય આરોપીની સઘન પૂછપરછ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે રાપર પોલીસની એક ખાસ ટીમ રાજસ્થાનના અજમેર ખાતે રવાના થઈ હતી. પોલીસે ત્યાં સ્થાનિક સ્તરે ઓપરેશન હાથ ધરીને ગેરકાયદે નિકાહ પઢાવનાર અજમેર દરગાહના કાઝી મોહમદ રમજાનને દબોચી લીધો હતો અને તેને કાયદાના સકંજામાં લઈને રાપર લઈ આવી છે.

પોલીસે પકડાયેલા કાઝી વિરુદ્ધ અપહરણ તેમજ ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) અધિનિયમની કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ આંતરરાજ્ય રૅકેટમાં અન્ય કયા સ્થાનિક કે બહારના શખ્સોની સંડોવણી છે અને ભૂતકાળમાં આવાં કેટલાં કૃત્યો આચરવામાં આવ્યા છે, તે દિશામાં પોલીસે રિમાન્ડ મેળવવાની તજવીજ સાથે સઘન તપાસ શરૂ કરી છે.

# ભાવનગરના મહુવા નજીક પિંગલેશ્વર પાસે સિંહના હુમલામાં યુવકનું કરુણ મોત, ગ્રામજનોમાં ફફડાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના મહુવા પંથકના પિંગલેશ્વર મહાદેવ મંદિર નજીક ૧૬ જૂન મંગળવારે રાત્રિના સમયે એક હિંસક સિંહે ૩૪ વર્ષીય યુવક પર જીવલેણ હુમલો કરી તેને ફાડી ખાતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. આ ઘટનાને પગલે આસપાસના ગ્રામજનોમાં ભય અને રોષની લાગણી જોવા મળી રહી છે.

મળતી માહિતી મુજબ, ગઢડા ગામના રહેવાસી નાગજીભાઈ પ્રેમજીભાઈ ગુજરિયા (ઉંમર ૩૪) રાત્રિના અંધકારમાં પગપાળા પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન પિંગલેશ્વર મંદિર નજીક અચાનક એક સિંહ ત્રાટક્યો હતો અને યુવકને ખેંચીને નજીકની ગીચ બાવળની ઝાડીઓમાં લઈ ગયો હતો. યુવક મોડે સુધી ઘરે ન પહોંચતા પરિવારજનો અને ગ્રામજનોએ શોધખોળ આદરી હતી. પરિસ્થિતિની ગંભીરતા સમજી ગ્રામજનોએ તુરંત વન વિભાગને જાણ કરતા વન અધિકારીઓ અને કર્મચારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

સ્થાનિકો અને વન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલી સંયુક્ત તપાસમાં બાવળની ગીચ ઝાડીઓમાંથી મૃતક યુવકના ફાટી ગયેલા કપડાં અને શરીરના લોહીલુહાણ અવશેષો મળી આવતા આ દ્રશ્ય જોઈને સૌ કોઈ હચમચી ગયા હતા. મૃતકના પરિવારજનોમાં આક્રંદ છવાઈ ગયો હતો.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ દરિયાકાંઠાના વિસ્તારોમાં વારંવાર વન્ય પશુઓના આંટાફેરા જોવા મળે છે, જેના કારણે લોકોમાં સતત ભયનું વાતાવરણ રહે છે. વન વિભાગે મૃતદેહના અવશેષોને પોસ્ટમોર્ટમ માટે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે. માનવભક્ષી બની ગયેલા આ સિંહને ઝડપી પાડવા માટે વન વિભાગે પાંજરા મૂકવા સહિતની સઘન કામગીરી શરૂ કરી છે.

# ક્રૂડ તેલના ભાવ ઘટતાં ઈક્વિટી માર્કેટને સતત ચોથા સત્રમાં તેજીનું ઈંધણ મળતા સેન્સેક્સમાં ૩૪૭ પૉઈન્ટની આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પશ્ચિમ એશિયામાં ભૂરાજકીય તણાવ હળવો થતાં તાજેતરમાં ક્રૂડ તેલના ભાવમાં ઘટાડાતરફી વલણ રહેતાં વૈશ્વિક સ્તરે ફુગાવો વધવાની ચિંતા હળવી થતાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સતત ચોથા સત્રમાં તેજીનું ઈંધણ મળતાં આગેકૂચ જળવાઈ રહી હતી, જેમાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૩૪૭.૧૪ પૉઈન્ટની અને નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૯૬.૫૫ પૉઈન્ટની તેજી આગળ ધપી હતી. વધુમાં આજે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૪૮૦૬.૩૦ કરોડની ખરીદી સામે રૂ. ૧૪,૭૦૪.૭૧ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૧૦૧.૫૯ કરોડની ચોખ્ખી લેવાલી રહી હતી. તેમ જ સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૬,૬૧૧.૮૭ કરોડની ખરીદી સામે રૂ. ૧૫,૦૫૦.૪૭ કરોડની વેચવાલી રહેતાં રૂ. ૧૫૬૧.૪૦ કરોડની ચોખ્ખી ખરીદી રહી હતી. આમ આજે સ્થાનિક તેમ જ વિદેશી સંસ્થાકીય ખરીદીનો પણ તેજીને ટેકો મળ્યો હતો.

એક્સચેન્જની આંકડાકીય માહિતી અનુસાર આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૭૬,૮૦૮.૪૮ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૭૭,૦૮૦.૦૯ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૬,૭૬૮.૪૯ અને ઉપરમાં ૭૭,૨૧૮.૯૯ની રેન્જમાં રહીને અંતે ગઈકાલના બંધ સામે ૦.૪૫ ટકા અથવા તો ૩૪૭.૧૪ પૉઈન્ટ વધીને ૭૭,૧૫૫.૬૨ના મથાળે બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૩,૯૮૯.૧૫ના બંધ સામે વધીને ૨૪,૦૪૪.૫૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૩,૯૬૯.૭૦ અને ઉપરમાં ૨૪,૧૦૮.૨૦ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૦.૪૦ ટકા અથવા તો ૯૬.૫૫ પૉઈન્ટના સુધારા સાથે ૨૪,૦૮૫.૭૦ની સપાટીએ બંધ રહ્યો હતો. આજે બીએસઈ ખાતે ૪૪૪૩ શૅરોમાં કામકાજ થયા હતા. જેમાંથી ૨૩૨૩ શૅરના ભાવ વધીને ૧૯૫૬ શૅરના ભાવ ઘટીને અને ૬૪ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે ૧૩૩ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૫૬ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હોવાનું એક્સચેન્જે આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

એકંદરે વૈશ્વિક સ્તરે ભૂરાજકીય તણાવ હળવો થવાથી અને સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગથી શિપમેન્ટ વિક્ષેપિત થવાની ચિંતા દૂર થતાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઘટાડાતરફી રહેતાં રોકાણકારોના માનસમાં બદલાવ આવ્યો હતો અને બજારમાં સુધારાતરફી વલણ જોવા મળી રહ્યું હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.નાં રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવતાં ઉમેર્યું હતું કે છેલ્લાં ચાર સત્રમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૩૩૨૩.૦૭ પૉઈન્ટનો અથવા તો ૪.૫૦ ટકાનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૯૨૪.૧૦ પૉઈન્ટનો અથવા તો ૩.૯૮ ટકાનો સુધારો આવ્યો છે.

વધુમાં રેલિગેર બ્રોકિંગ લિ.નાં રિસર્ચ વિભાગના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અજિત મિશ્રાએ જણાવ્યું હતું કે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત તમામ ક્ષેત્રના શૅરોમાં લેવાલી નીકળતાં સતત ચોથા સત્રમાં તેજીનું વલણ જળવાઈ રહ્યું છે. વધુમાં ક્રૂડતેલના ભાવમાં ઘટાડાતરફી વલણ અને આજે મોડી સાંજે સમાપન થતી અમેરિકી ફેડરલ રિઝર્વની નીતિવિષયક બેઠકમાં વ્યાજદર યથાવત્ રાખવામાં આવે તેવા આશાવાદે બજારની તેજીને ટેકો પૂરો પાડ્યો છે.

દરમિયાન આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૧૯ શૅરના ભાવ વધીને અને ૧૧ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. આજે મુખ્ય વધનાર શૅરોમાં સૌથી વધુ ૭.૦૬ ટકાનો વધારો ટ્રેન્ટમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે ભારત ઈલેક્ટ્રોનિક્સ લિ.માં ૩.૦૬ ટકા, ઈટર્નલમાં ૧.૯૫ ટકા, ટાટા સ્ટીલમાં ૧.૫૩ ટકા, ઈન્ફોસિસમાં ૧.૨૯ ટકાનો અને ટેક મહિન્દ્રામાં ૧.૧૦ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે મુખ્ય ઘટનાર શૅરોમાં સૌથી વધુ ૧.૨૨ ટકાનો ઘટાડો બજાજ ફિનસર્વમાં જોવા મળ્યો હતો. આ સિવાય એક્સિસ બૅન્કમાં ૧.૦૯ ટકાનો, કોટક મહિન્દ્રા બૅન્કમાં ૦.૮૮ ટકાનો, મારુતિ સુઝુકી લિ.માં ૦.૪૫ ટકાનો, એશિયન પેઈન્ટસમાં ૦.૪૩ ટકાનો અને આઈટીસીમાં ૦.૩૪ ટકાનો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૧.૨૦ ટકાનો અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૩૧ ટકાનો સુધારો આવ્યો હતો.

બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં આજે મુખ્યત્વે યુટિલિટી ઈન્ડેક્સ, ઑટો અને રિઅલ્ટી ઈન્ડેક્સમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું, જ્યારે કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સમાં ૨.૭૬ ટકાનો, ઈન્ડસ્ટ્રિયલ ઈન્ડેક્સમાં ૧.૮૩ ટકાનો, પીએસયુ બૅન્ક ઈન્ડેક્સમાં ૧.૮૦ ટકાનો, કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્સમાં ૧.૩૯ ટકાનો, પાવર ઈન્ડેક્સમાં ૧.૧૯ ટકાનો અને મેટલ ઈન્ડેક્સમાં ૧.૧૯ ટકાનો સુધારો આવ્યો હતો.

વધુમાં આજે એશિયન બજારોમાં દક્ષિણ કોરિયાના કોસ્પી, જાપાનના નિક્કી ૨૨૫ ઈન્ડેક્સ અને શાંઘાઈના એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ વધીને બંધ રહ્યા હતા, જ્યારે હૉંગકૉંગનો હૅંગસૅંગ ઈન્ડેક્સ ઘટાડા સાથે બંધ રહ્યો હતો. જોકે, આજે મધ્યસત્ર દરમિયાન યુરોપના બજારોમાં મિશ્ર વલણ રહ્યું હતું. ■

## સોનું ₹ ૫૧૫ અને ચાંદી ₹ ૧૪૯૧ ઘટી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વની આજે સમાપન થતી બે દિવસીય નીતિવિષયક બેઠકની ફળશ્રુતિ અને અમેરિકા-ઈરાન વચ્ચેના વચગાળાના શાંતિકરારની સ્પષ્ટતાઓની રાહમાં આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીના ભાવ સાંકડી વધઘટે અથડાઈ ગયાના અહેવાલને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓમાં મર્યાદિત માગ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું, જેમાં સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૧૩થી ૫૧૫ અને ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૧૪૯૧ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીના દબાણ સામે ઔદ્યોગિક વપરાશકારોની તેમ જ જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૪૯૧ ઘટીને રૂ. ૨,૪૭,૬૮૮ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ સાવચેતીના અભિગમ વચ્ચે રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૧૩ ઘટીને રૂ. ૧,૪૯,૫૪૭ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૫૧૫ ઘટીને રૂ. ૧,૫૦,૧૪૮ના મથાળે રહ્યા હતા. આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ આસપાસ ઔંસદીઠ ૪૩૩૨.૦૭ ડૉલર અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ૦.૧ ટકાના ઘટાડા સાથે ૪૩૫૧.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૩ ટકા ઘટીને ઔંસદીઠ ૬૯.૯૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

આજે અમેરિકી ફેડરલ રિઝર્વની બે દિવસીય બેઠકના અંતે ફેડરલના અધ્યક્ષ કેવિન વાર્શ ભવિષ્યમાં કેવી નાણાનીતિ અખત્યાર કરવામાં આવશે તેના સંકેતોને ધ્યાનમાં લેતા સોના-ચાંદી સહિતની કિંમતી ધાતુઓના ભાવની ચાલ અવલંબિત રહેશે, એમ સાક્સો બૅન્કના વિશ્લેષક ઑલે હાસને જણાવ્યું હતું. ■

## ડૉલર સામે રૂપિયામાં ૧૦ પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિશ્વ બજારમાં પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવ હળવાં થતાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ ઘટીને બેરલદીઠ ૮૦ ડૉલરની સપાટીની અંદર ઊતરી જવાની સાથે ડૉલર ઈન્ડેક્સમાં પીછેહઠ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં ઘટાડો થયો હોવાના નિર્દેશ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહેતા આજે ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના બંધ સામે ૧૦ પૈસાના સુધારા સાથે ૯૪.૫૦ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૭૪૯.૧૮ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના અહેવાલોને ધ્યાનમાં લેતા રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવતા ઉમેર્યું હતું કે આજે ટ્રેડરોની મીટ અમેરિકી ફેડરલ રિઝર્વની આજે સમાપન થનારી નીતિવિષયક બેઠક પર મંડાઈ હોવાથી એકંદરે સાવચેતીનો અભિગમ જોવા મળ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૪.૬૦ના બંધ સામે સુધારા સાથે ૯૪.૪૬ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૪.૬૦ અને ઉપરમાં ૯૪.૨૯ સુધી મજબૂત થયા બાદ અંતે ૧૦ પૈસાના સુધારા સાથે ૯૪.૫૦ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં સાધારણ બે પૈસાનો ઘટાડો આવ્યો હતો.

તાજેતરમાં વૈશ્વિક સ્તરે ક્રૂડતેલના ભાવમાં અને ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ પ્રવર્તી રહ્યું છે અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ પણ ઘટી રહી હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ રહેતા રૂપિયો ૯૪.૧૦થી ૯૪.૮૫ની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય, એમ મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ વ્યક્ત કરી હતી. વધુમાં સીઆર ફોરેક્સ એડવાઈઝરના મેનેજિંગ ડિરેક્ટર અમીત પાબારીએ જણાવ્યું હતું કે આગામી ૧૯મી જૂને અમેરિકા અને ઈરાન વચ્ચેના કરાર વાસ્તવિકતામાં પરિણમે નહીં ત્યાં સુધી રૂપિયામાં સુધારો જોવા મળે, પરંતુ મક્કમતાનો અભાવ રહેશે. ■

## વિશ્વ બજાર પાછળ આયાતી તેલોમાં મિશ્ર વલણ, આરબીડી પામોલિનમાં ધીમો સુધારો, સોયા રિફાઈન્ડમાં પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૧૪૫ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૯૩ રિંગિટ વધી આવ્યા હતા. આમ વૈશ્વિક અહેવાલને અનુસરતા સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આયાતી તેલમાં મિશ્ર વલણ રહ્યું હતું, જેમાં મલયેશિયા પાછળ આરબીડી પામોલિનમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો સુધારો આવ્યો હતો અને શિકાગો પાછળ સોયા રિફાઈન્ડમાં રૂ. ૧૦ ઘટી આવ્યા હતા. તેમ દેશી તેલમાં નિરસ માગે સિંગતેલ અને કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૦ ઘટી આવ્યા હતા.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના જુલાઈ ડિલિવરી શરતે રૂ. ૧૪૫૫ અને સોયા રિફાઈન્ડ તથા સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૪૪૭ અને રૂ. ૧૬૨૦, જી-વનના આરબીડી પામોલિનના અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૧, પતંજલિ ફૂડ્સના સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૪૭૫ અને રૂ. ૧૬૫૦ તથા આરબીડી પામોલિનના ઑગસ્ટ ડિલિવરી શરતે રૂ. ૧૪૫૫, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૮૦ અને રિલાયન્સ કન્ઝ્યુમરના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૫૦ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ છૂટાછવાયા વેપારો ગોઠવાયા હતા.

ગુજરાતમાં ગોંડલ મથકે આજે મગફળીની ૮૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૫૫૦માં અને રાજકોટ મથકે ૨૫૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૫૨૫માં થયા હતા. તેમ જ ગોંડલમાં આજે સિંગતેલના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૫૦માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૪૬૫માં અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૫થી ૧૫૧૦માં થયા હતા અને રાજકોટ ખાતે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૪૮૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૫૦માં થયા હતા.

વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર મહારાણા પ્રતાપ જયંતી નિમિત્તે બજારો બંધ હોવાથી માત્ર પાંચ હજાર ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૬૦૦થી ૬૮૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૬૯૦૦થી ૬૯૫૦માં થયા હતા.

દરમિયાન હાજર બજારમાં આજે ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનના ભાવ રૂ. ૧૪૭૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૦, સન રિફાઈન્ડના રૂ. ૧૬૫૦, સિંગતેલના રૂ. ૧૫૮૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૨૦ અને સરસવના રૂ. ૧૬૧૦ના મથાળે રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

## મિડિયમ ગ્રેડની ખાંડમાં વધુ ₹ ૧૦નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની લેવાલીને ટેકે ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૫ની તેજી સાથે રૂ. ૩૮૪૦થી ૩૮૮૦માં થયાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે ખાસ કરીને મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો, જ્યારે સ્મોલ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે મથકો પરના પ્રોત્સાહક અહેવાલ અને ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. વધુમાં આજે મથકો પર ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલ સાથે આજે હાજરમાં મુખ્યત્વે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગને ટેકે ભાવ નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૪૧૦૨થી ૪૧૯૨ના મથાળે રહ્યા હતા. ■

## ટીનમાં ઘટ્યા મથાળેથી ₹ ૩૨નું બાઉન્સબૅક, અન્ય ધાતુમાં મિશ્ર વલણ

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય બજારમાં ડૉલર ઈન્ડેક્સની નરમાઈ સાથે લંડન મેટલ એક્સચેન્જ ખાતે વિવિધ ધાતુઓના ભાવમાં મિશ્ર વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ પાંખાં કામકાજો વચ્ચે સ્ટોકિસ્ટોની લે-વેચ અનુસાર એકંદરે મિશ્ર વલણ જોવા મળ્યું હતું. જોકે, આજે ટીન, કોપર વાયરબાર અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૩૨, રૂ. ૧૦ અને રૂ. પાંચનું બાઉન્સબૅક જોવા મળ્યું હતું, જ્યારે નિકલ અને ઝિન્ક સ્લેબમાં વપરાશકારોની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ત્રણ અને રૂ. એક વધી આવ્યા હતા. જોકે, આજે કોપર વાયરબાર સિવાયની કોપરની અન્ય વેરાઈટીઓમાં સ્ટોકિસ્ટોની વેચવાલી જળવાઈ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ચારનો ઘટાડો આવ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૩૨ના સુધારા સાથે રૂ. ૫૩૩૮, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધીને રૂ. ૧૩૭૭ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૩૬૫ના મથાળે રહ્યા હતા. ■

**પબ્લિક નોટિસ**

આથી ખબર આપવામાં આવે છે કે ૪૦૮/B, રાજા શ્રીપાલ CHS લિ., ૧૨ હાર્કનેસ રોડ, નેપિયન્સી રોડ, મુંબઈ-૬ ખાતે રહેતા **શ્રીમતી બકુલા સી. શાહ** અને **શ્રી અશ્વિન બાબુલાલ શાહ**, માર્કેટેબલ ટાઈટલ સાથે અને તમામ બોજાઓ, ગીરો, લીઅન, ચાર્જીસ, જવાબદારીઓ, લીટીગેશનથી મુક્તપણે અમારા અસીલોને અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં વર્ણવેલ મુજબ ૪ કવર્ડ કાર પાર્કિંગ જગ્યાઓ સાથે નીચે જણાવેલ ફ્લેટ/એપાર્ટમેન્ટ વેચવા અને/અથવા ટ્રાન્સફર કરવા સંમત થયા છે.

કોઈપણ શખ્સ/સંસ્થા જે સભ્યો, શેર્સ અને/અથવા પ્રિમાઈસીસ અને/અથવા તેના કોઈપણ ભાગની સામે વેચાણ, ટ્રાન્સફર, અદલાબદલી, ભાડે, લીઝ, સબ-લીઝ, લાયસન્સ, લીવ એન્ડ લાયસન્સ, કેર ટેકર ધોરણે, ટેનાન્સી, સબ-ટેનાન્સી, એસાઈનમેન્ટ, રિલિઝ, રિલિંક્વિશમેન્ટ, ગીરો (ઈક્વિટેબલ કે બીજી કોઈ રીતે), વારસો, બિક્વેસ્ટ, સક્સેશન ભેટ, લીઅન, ચાર્જ, જાળવણી, ઈઝમેન્ટ, ટ્રસ્ટ, મુનિમેન્ટ ઓક્યૂપેશન, કબજો, કુટુંબ વ્યવસ્થા/પતાવટ, લિટિગેશન એટલે કે કોઈપણ સૂટ, ડિસ્પૂટ, પિટિશન, અપીલ અથવા કોઈપણ અન્ય આવી પ્રોસીડીંગ્સ અથવા કોઈપણ બાર્ટર કરાર દ્વારા કોઈપણ અન્ય પદ્ધતિ, ફાળવણી, આરક્ષણ, એગ્રીમેન્ટ, ડીડ, દસ્તાવેજ, લખાણ, ટ્રાન્સફર ડીડ, ડિવાઈઝ, કાયદાની કોઈપણ કોર્ટના ડીક્રી કે ઓર્ડર, કોન્ટ્રાક્ટ્સ, જપ્તી, લીસ-પેન્ડન્સ, લીઅન કે બોજો કે બીજી કોઈપણ રીતે કોઈપણ હક્ક, ટાઈટલ, દાવો અને/અથવા માંગણી વગેરેનો દાવા કરતા હોય અથવા ધરાવતા હોય તો આથી સદરની જાણ લેખિતમાં દસ્તાવેજી પુરાવા સાથે નીચે સહી કરનારને તેણીની ઓફિસ ૨૦૫ (૨૨A), ૨જો માળ, સર યુસુફ બિલ્ડિંગ કોન્ડોમિનિયમ, વીર નરીમાન રોડ, ફ્લોરા ફાઉન્ટેન, ફોર્ટ, મુંબઈ-૧ ખાતે આ તારીખથી ૧૪ દિવસમાં કરે, નહીંતર ૪ કવર્ડ કાર પાર્કિંગ્સ સાથે સદર ફ્લેટ/એપાર્ટમેન્ટના વેચાણ અને/અથવા ટ્રાન્સફર કોઈપણ આવા દાવા અથવા હિતને ધ્યાનમાં લીધા વિના પૂર્ણ કરવામાં આવશે અને આવા જો કોઈ હોય તો, તમામ ઉદ્દેશ્યો અને હેતુઓ માટે ત્યજી દિધેલ તરીકે ગણાશે.

**ઉપર ઉલ્લેખેલ પરિશિષ્ટઃ**

બાલાશેઠ મુરુડકર માર્ગ, એલ્ફિન્સ્ટન રોડ, મુંબઈ-૧૩ ખાતે આવેલ **''ઈન્ડિયાબુલ્સ સ્કાય ફોરેસ્ટ-A3''** તરીકે જાણીતા પ્રોજેક્ટ અને ''સ્કાય ફોરેસ્ટ'' તરીકે જાણીતી બિલ્ડિંગના ૩૬મા અને ૩૭મા માળા પર ફ્લેટ/એપાર્ટમેન્ટ જેમાં બાલ્કની, ઈન્ટર્નલ લીફ્ટ લોબી, નીચે ઈન્ટરનલ સ્ટેરકેસ અને ફ્લાવર બેડનો સમાવેશ છે, ૪૯.૨૦ ચો.મી., ૫૨૫.૫૯ ચો.ફૂટની સમકક્ષના ઉપયોગ માટે એક્સક્લુઝીવ હક્કો તેની સાથે ૧૫૦.૬૫ ચો.મી., ૧૬૨૧.૬૦ ચો. ફૂટની સમકક્ષ રેરા કાર્પેટ વિસ્તાર મુજબ પરંતુ જો કોઈ હોય તો બાલ્કનીઝના વિસ્તાર સહિત ભરતમાં ૧૫૬.૭૦ ચો. મી. કાર્પેટ એરિયા, ૧૬૮૬.૭૨ ચો. ફૂટ કાર્પેટ એરિયાની સમકક્ષ કે તે સુમારે નં. A૩-૩૬૦૧ ધરાવતા એક માલિકી ડુપ્લેક્સ ફ્લેટ/એપાર્ટમેન્ટ, તેની સાથે સદર ફ્લેટ/એપાર્ટમેન્ટને લગતા કોમન એરિયા અને સુવિધાઓ અને લિમિટેડ કોમન એરિયા અને ફેસીલીટીઝના બેનીફીટ/પ્રિવીલેજ સુવિધાઓ સાથે, તેની સાથે બિલ્ડિંગમાં P૭ માળ પર ૪ કવર્ડ કાર પાર્કિંગ જગ્યાઓ નં. ૧૬૮, ૧૬૯, ૨૦૩ અને ૨૧૦ અને તેની સાથે તારીખ ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૦ના વેચાણ માટે કરારના તમામ હક્ક, ટાઈટલ, હિત, બેનિફિટ્સ અને એડવાન્ટેજીસ સાથે અને સદર બિલ્ડિંગ લોઅર પરેલ ડિવિઝન, મુંબઈનો કેડેસ્ટ્રલ સર્વે નં. ૮૪૧ ધરાવતી જમીનના હિસ્સા પર બંધાયેલ છે.

આજ તારીખ ૧૮મી જૂન, ૨૦૨૬

**વિમલા એન્ડ કાું.,**
સહી/-
પ્રોપરાઈટર
એડવોકેટ્સ & સોલીસીટર્સ

**પશ્ચિમ રેલવે**

**સિગ્નલિંગ કામ**

Sr. DSTE/નોર્થ/મુંબઈ સેન્ટ્રલ, ૨જો માળ, ડિવિઝનલ રેલવે મેનેજરની ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ- ૪૦૦૦૦૮, ઈ-ટેન્ડર નં. **SG_૨૧૬_૨_૧૬૩_WA_PH૩૧ તારીખઃ ૧૨.૦૬.૨૦૨૬ મંગાવે છે. કામ અને સ્થળઃ મુંબઈ** ડિવિઝનના ઉધના - જલગાંવ સેકશનના USD-UDN-TFR-૧૨૩.૩૧ Tkm, TBR-૧૩.૩૯૩ Tkm & P & C - ૩૭ નં., TBSR - ૨૨૫ નં. સાથેના સંબંધમાં સિગ્નલિંગ કામ. કામની અંદાજિત કિંમતઃ ₹ ૭૯,૯૮,૭૨૮.૨૩. બારડીઃ ₹ ૧,૬૦,૦૦૦/-. ઈ-ટેન્ડર દસ્તાવેજોની સુપ્રતિ માટે બંધ થવાની તારીખ & સમયઃ ૦૬.૦૭.૨૦૨૬, ૧૫.૦૦ ક. સુધી. ઈ-ટેન્ડરની ખોલવા માટે તારીખ & સમયઃ ૦૬.૦૭.૨૦૨૬ના ૧૫.૩૦ ક. ટેન્ડર વેબસાઈટ **www.ireps.gov.in** ખાતે જોઈ શકાય છે. 0263

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પબ્લિક નોટીસ**

આથી જાહેર જનતાને **ખબર** આપવામાં આવે છે કે અમારા અસીલ, ઓમ શર્મા હાઉસ, ૨૪, કાર્માઈકલ રોડ, મુંબઈ-૨૬ ખાતે રહેતા શ્રી. ઓમપ્રકાશ રામલાલ શર્માએ (**''માલિક''**), અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં વર્ણવેલ અને તેની પર ઉભેલ પાંચ સ્ટ્રકચર્સ એટલે કે મુખ્ય બિલ્ડીંગ, ચૉલ, આઉટહાઉસ, શોપ્સ અને શેડનું બનેલ બિલ્ડીંગ **''રાજ મહલ''** અને પ્લોટમાં સંયુક્ત રીતે ''સદર મિલકત'' તેમના ટાઈટલની તપાસ કરવા અમોને સૂચના આપી છે, જે વિવિધ ભાડૂતો/ભોગવટેદારો દ્વારા ઓક્યૂપાઈડ છે.

કોઈપણ શખ્સ જે સદર મિલકત કે તેના કોઈપણ ભાગની સામે કે તેમાં વેચાણ, અદલાબદલી, વારસો, ગીરો, (ઈકવીટેબલ કે બીજી કોઈ રીતે) ભેટ, લીઝ, સબ-લીઝ, સબ-ટેનાન્સી, લાયસન્સ, લિઅન, ચાર્જ, ટ્રસ્ટ, જાળવણી, ઈઝમેન્ટ, કુટુંબ વ્યવસ્થા, પાર્ટીશન, ભાગીદારી, બિકવેસ્ટ, કબજો, ટેનાન્સી, જપ્તી, લિસ પેન્ડન્સ, પ્રી- એમ્પ્શન હક્કો, પ્લેજ, ગેરંટી, ડિમાઈસ, ઈઝમેન્ટ, લૉન્સ, એડવાન્સીઝ, વિકાસ હક્કો, સંયુક્ત સાહસ, પાવર ઓફ અટર્ની, એકવીઝીશન, રીકવીઝીશન, બોજા, FSI/TDR કંઝમ્પ્શન, ઇંજંકશન કે જપ્તી, કે કાયદાની કોઈપણ કોર્ટ દ્વારા પસાર કરાયેલ કોઈપણ ડિક્રી, ઓર્ડર કે એવોર્ડ, ટ્રિબ્યુનલ, રેવન્યૂ કે સ્ટેચ્યુટરી ઓથોરિટી કે આર્બીટ્રિશન કે બીજી કોઈ રીતે કોઈપણ દાવો, હક્ક, ટાઈટલ, હિસ્સો કે હિત ધરાવતા હોય તો સદરની જાણ લેખિતમાં નીચે સહી કરનારને સહાયક દસ્તાવેજો સાથે **M/s. મનસુખલાલ હીરાલાલ એન્ડ કાું, એડવોકેટ્સ, સોલિસિટર્સ એન્ડ નોટરી, સુર્યા મહલ, ૨જો માળ, ૫, બરજોરજી ભરૂચા માર્ગ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૨૩ ખાતે**, આ છપાયાની તારીખથી **૧૪ દિવસમાં** કરે, નહીંતર આવા દાવા, જો કોઈ હોય તો, ત્યજી દીધેલ તરીકે ગણાશે.

**ઉપર ઉલ્લેખેલ પરિશિષ્ટ**
(સદર મિલકતનું વર્ણન)

અલ્ટામાઉન્ટ રોડ, મુંબઈ-૨૬ ખાતે સ્થિત D વોર્ડ નં. ૩૪૩૦ અને સ્ટ્રીટ નં. ૩ હેઠળ મુંબઈના મ્યુનિસિપાલિટી દ્વારા આકારાયેલ અને તેની પર ઊભેલ પાંચ સ્ટ્રકચર્સ એટલે કે મુખ્ય બિલ્ડીંગ, ચૉલ, આઉટહાઉસ, શોપ્સ અને શેડનો સમાવિષ્ટ કરતો **''રાજ મહલ''** તરીકે જાણીતા અમલા, ઘરો ટેનામેન્ટસ અને ડવેલીંગ હાઉસ સાથે મુંબઈના નોંધણી જિલ્લા અને પેટા-જિલ્લામાં મલબાર કંબાલા હિલ ડિવિઝનનો નં. ૩૦૭, નવો નં. ૨૦૬૪ અને જૂનો સર્વે નં. ૬૪, નવો સર્વે નં. LA/૭૦૬૯ & C.S. નં. ૬૩૪ હેઠળ લેન્ડ રેવન્યુના કલેકટર દ્વારા નોંધાયેલ અને ટાઈટલ ડીડસ મુજબ ભરતમાં ૧૭૧૫ ચો.વાર, ૧૪૩૪ ચો.મી.ની સમકક્ષ કે તે સુમારે (ભરતમાં ૧૭૮૫ ચો.વાર, ૧૪૯૨.૪૯ ચો.મી.ની સમકક્ષ પ્રોપર્ટી / રજીસ્ટર કાર્ડ મુજબ) રિડીમ થયેલ પેન્શન અને ટેક્સ ટેન્યોરના મેદાન કે જમીનનો તે તમામ ટુકડો અને કકડો અને નીચે પ્રમાણે ઘેરાયેલ છેઃ

**પૂર્વે કે તે તરફઃ** અંશતઃ રીતે કર્સેતજી માણેકજી કર્સેતજી (અને જેના પર ''પુષ્પક'' તરીકે જાણીતી બિલ્ડીંગ હાલમાં ઊભી છે)ની મિલકત દ્વારા અને અંશતઃ રીતે માણેકજી દોરાબજી બચર (જેના પર ''આત્મજ'' અને ''અનુજ'' તરીકે જાણીતી બિલ્ડીંગો હાલમાં ઊભી છે)ની મિલકત દ્વારા;
**પશ્ચિમે કે તે તરફઃ** શાપુરજી મંચેરજી ટાટા (જેના પર ''મસ્કતી કોર્નર'' તરીકે જાણીતી બિલ્ડીંગ હાલમાં ઊભી છે)ની મિલકત દ્વારા;
**ઉત્તરે કે તે તરફઃ** અલ્ટામાઉન્ટ રોડ, દ્વારા;
**દક્ષિણે કે તે તરફઃ** નસરવાનજી સોરાબજી મદ્રાસવાલા (જેના પર ''કોર્નેલિયન'' તરીકે જાણીતી બિલ્ડીંગ હાલમાં ઉભી છે)ની મિલકત દ્વારા.

**M/s. મનસુખલાલ હીરાલાલ & કાું. માટે,**
**આર. એ. શાહ**
ભાગીદાર
એડવોકેટસ & સોલીસીટર્સ

તા. ૧૮ જૂન, ૨૦૨૬

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

**મુંબઈ ડીવીજન પર નોર્મલ પે & યુઝ ટોયલેટ બ્લોક્સનું સંચાલન તથા જાળવણી**

મુંબઈ ડીવીઝન પર નોર્મલ પે & યુઝ ટોયલેટ બ્લોક્સના સંચાલન તથા જાળવણી માટેનો કોન્ટ્રેક્ટ માટે ઈ-લીલાઉ ACM (G) - MMCT દ્વારા મંગાવાઈ છે.
કોન્ટ્રાક્ટનો પ્રકારઃ નોર્મલ કોન્ટ્રાક્ટ, કેટેગરીઃ પે & યુઝ ટોયલેટ બ્લોક્સ.

લીલાઉ (ઓક્શન) કેટલોગ નં.: MMCT-PnUT-26-20

| સ્ટેશન અને સ્થાન | કોન્ટ્રેક્ટ મુદત | ઈ-ઓક્શનની તારીખ | ઈ-ઓક્શનનો સમય |
|---|---|---|---|
| રામમંદિર (RMAR) ખાતે ટોયલેટ બ્લોક્સ | ૩ વર્ષ | ૨૩-૬-૨૦૨૬ | ૧૨:૦૦ ક. |

લીલાઉ (ઓક્શન) કેટલોગ નં.: MMCT-PnUT-26-20

| સ્ટેશન અને સ્થાન | કોન્ટ્રેક્ટ મુદત | ઈ-ઓક્શનની તારીખ | ઈ-ઓક્શનનો સમય |
|---|---|---|---|
| નાયગાંવ (NIG) ખાતે ટોયલેટ બ્લોક્સ | ૩ વર્ષ | ૨૩-૬-૨૦૨૬ | ૧૨:૦૦ ક. |

નોંધઃ- ભાવિ બીડરોને IREPS વેબસાઈટ : www.ireps.gov.in પર ઇ-ઓક્શન લીઝીંગ મોડ્યુલની મુલાકાત લેવા માટે વિનંતી કરવામાં આવે છે. લોટ પ્રમાણેની વિગતો દર્શાવેલા કેટલોગ હેઠળમાં ત્યાં ઉપલબ્ધ છે. શરૂઆતનો કુલીંગ ઓફ પિરિયડ ૩૦ મિનિટ છે. સક્સેસીવ લોટ બંધ ઈન્ટરવલ ૧૦ મિનિટ છે. લોટ પ્રમાણે બંધ થવાનો સમય IREPSના ઈ-ઓક્શન મોડ્યુલમાં જોઈ શકાય છે. 0260

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ X.com/WesternRly

**પશ્ચિમ રેલવે - અમદાવાદ**

**શુદ્ધિપત્ર ક્રમાંક-1**

**ઈ-ટેન્ડર નં.: Dy.CE(C)III/ADI/SEJ-DSIR/PGMS/01 કામનું નામ:** મુખ્ય વહીવટી અધિકારી (બાંધકામ), અમદાવાદ હેઠળ પશ્ચિમ રેલવેના ભાવનગર વિભાગમાં સરખેજથી ધોલેરા (109.16 કિ.મી.) વચ્ચે નવી SHSR બ્રોડ ગેજ ડબલ લાઇન તથા લોથલ NMHC અને ધોલેરા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ માટેની સ્પર લાઈનો સહિત કુલ 134.06 કિ.મી. લંબાઈની યોજના માટે પ્રોજેક્ટ જનરલ મેનેજમેન્ટ સેવાઓ પૂરી પાડવા માટે સલાહકારની નિમણૂક. ઉપરોક્ત ઈ-ટેન્ડર, જે 30.06.2026ના રોજ ખોલવાનું નિર્ધારિત હતું, હવે 07.07.2026ના રોજ ખોલવામાં આવશે. તે મુજબ નીચે મુજબના ફેરફારો કરવામાં આવ્યા છે:

| Sr. No. | આઈટમ | હાલ | સુધારેલ |
|---|---|---|---|
| 1 | બિડ રજૂ કરવાની અંતિમ તારીખ | 30.06.2026ના રોજ 15:00 કલાકે | **07.07.2026ના રોજ 15:00 કલાકે** |
| 2 | બિડ સુરક્ષા માટેની મૂળ બેંક ગેરંટી (BG) જમા કરવાની અંતિમ તારીખ | 29.06.2026ના રોજ 18:00 કલાક સુધી | **06.07.2026ના રોજ 18:00 કલાક સુધી** |
| 3 | ટેકનિકલ બિડ ખોલવાની તારીખ અને સમય | 30.06.2026ના રોજ 15:30 કલાકે | **07.07.2026ના રોજ 15:30 કલાકે** |

**આ સુધારો ટેન્ડર દસ્તાવેજનો અભિન્ન ભાગ ગણાશે. અન્ય તમામ નિયમો અને શરતો યથાવત રહેશે.**
CPM 016

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**K/પશ્ચિમ વોર્ડ**
**સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ**
**હિતની અભિવ્યક્તિ**

K/પશ્ચિમ વોર્ડમાં બહુવિધ કામ માટે મજુરની સપ્લાયની યોજનાના અમલીકરણ માટે, રસ ધરાવતા સ્થાનિક રજિસ્ટર્ડ શ્રમ સહકારી મંડળીઓ, સેવા સહકારી મંડળીઓ, બેરોજગાર સેવા સહકારી મંડળીઓ, બિન-સરકારી સંસ્થાઓ વગેરે પાસેથી અરજી મંગાવવામાં આવે છે, જેઓ કે/પશ્ચિમ વોર્ડના અધિકારક્ષેત્રમાં નોંધાયેલા છે. યોગ્યતા તૈયાર કરવામાં આવશે અને કાર્ય હાથ ધરવા માટે સંસ્થાઓ પસંદ કરવા માટે યોગ્યતા યાદીમાંથી લોટરી કાઢવામાં આવશે.

વિગતો, અરજી ફોર્મ અને ઈચ્છા પત્ર માટે, રસ ધરાવતી પેઢીઓએ વેબસાઈટ http://portal.mcgm.gov.in અથવા આસીસ્ટન્ટ એન્જિનિયર (SWM) K/પશ્ચિમ વોર્ડની ઓફિસમાં સંપર્ક કરવો જોઈએ.

સંસ્થાએ ટેન્ડર ફોર્મ ૧૮.૦૬.૨૦૨૬, ૧૧.૦૦ ક.થી ૨૪.૦૬.૨૦૨૬ બ. ૧.૦૦ ક. સુધી SWM વિભાગ ઓફિસમાં ખરીદવું જોઈએ. સંસ્થાએ ૨૫.૦૬.૨૦૨૬ના બ. ૦૧.૦૦ કલાકે અથવા તે પહેલા SWM વિભાગ ઓફિસમાં ટેન્ડર ફોર્મ સુપ્રત કરવું જોઈએ.

સહી/-
આસીસ્ટન્ટ એન્જિનિયર
(સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ)
K/W વોર્ડ

PRO/602/ADV./2026-27

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**ટેન્ડર નોટીસ**

| | | |
|---|---|---|
| ડિપાર્ટમેન્ટ | : | સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ |
| સેક્સન | : | ડે. ચી. એન્જિ (SWM) પ્લાનિંગ |
| ટેન્ડર આઈડી નંબર | : | ગ્રુપ / ટેન્ડર ID; ગ્રુપ-I: ૨૦૨૬_MCGM_૧૩૦૯૩૩૪_૧; ગ્રુપ-II: ૨૦૨૬_MCGM_૧૩૦૯૩૪૪_૧; ગ્રુપ-III: ૨૦૨૬_MCGM_૧૩૦૯૩૪૫_૧ |
| વિષય | : | ગ્રુપ-I, ગ્રુપ-II & ગ્રુપ IIIમાં વિવિધ વિસર્જન ખાતે ગણેશ ઉત્સવ - ૨૦૨૬ દરમિયાન નિર્માલ્ય જનરેટેડના સંગ્રહ માટે FRP નિર્માલ્ય કળશના સપ્લાય અને ઈરેકશન. |
| બીડ પ્રારંભ તારીખ અને સમય | : | ૧૮.૦૬.૨૦૨૬ સવારના ૧૧.૦૦ વાગ્યાથી |
| બિડ અંતિમ તારીખ અને સમય | : | ૨૪.૦૬.૨૦૨૬ના સાં. ૧૬.૦૦ સુધી |
| વેબસાઈટ | : | https://mahatenders.gov.in |
| સંપર્ક વ્યક્તિઃ- | | |
| એ) નામ | : | શ્રી હેમંત ટી. ભુસારે A.E. (SWM) પ્લાનિંગ |
| બી) ટેલીફોન | : | ૦૨૨-૨૩૮૪૪૪૫૦ |
| સી) મોબાઈલ નંબર | : | ૯૭૬૨૦૦૬૪૪૯ |
| ડી) ઈ-મેલ આઈડી | : | eelswm.pl@mcgm.gov.in |

સહી/-
PRO/606/ADV./2026-27 એકઝી. એન્જિ. (SWM) પ્લાનિંગ

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**ચીફ એન્જિનિયર (બિલ્ડિંગ મેઈન્ટેનન્સ) ડિપાર્ટમેન્ટ**
**ટૂંકી ઈ-ટેન્ડર નોટિસ (ફરીથી આમંત્રણ)**

| | |
|---|---|
| વિભાગ | ચીફ એન્જિનિયર. (B.M.) |
| સબ-વિભાગ | E.E. (H.Q.) |
| વિષયઃ | મુંબઈ શહેરમાં હેરિટેજ પ્યાવના ૬ નં.નું ૩ વર્ષની વ્યાપક જાળવણી. ૧. આનંદ વિઠ્ઠલ કાંવલી પ્યાવ, ધોખાલે રોડ, દાદરની ૧ નં. ૨. માધવદાસ દેવીદાસ કોઠારી પ્યાવ, મેટ્રો સિનેમા જંકશન, ફોર્ટની ૧ નં. ૩. VJB ઉદ્યાન, ભાયખલા પૂ. ખાતે પ્યાવની ૪ નં. |
| બીડ નં. | ૨૦૨૬_ MCGM_૧૩૦૯૧૨૭ |
| કામની અંદાજિત કિંમત | આઈટમ રેટ |
| રૂ.માં બારડી | ૫૭,૫૦૦/- |
| બીડ પ્રારંભ તારીખ અને સમય | ૧૮.૦૬.૨૦૨૬ ૧૧.૦૦ કલાકે |
| બીડ અંતિમ તારીખ અને સમય | ૨૫.૦૬.૨૦૨૬ ૧૬.૦૦ કલાક |
| વેબસાઈટ | http://mahatenders.gov.in |
| સંપર્ક ઓફિસર | શ્રી સંજય ગોલતકર / શ્રી સુદર્શન શિરસાથ |
| લેન્ડ લાઈન નં. | ૦૨૨ ૨૨૭૫૪૦૯૦૯ |
| મોબાઈલ નં. | ૦૯૮૬૯૪૪૨૪૫૭/૭૭૩૮૨૨૭૩૮૯ |
| ઈમેલ | 3879579@mcgm.gov.in/4390439@mcgm.gov.in |

સહી/-
એક્ષિક્યુટીવ એન્જિનિયર
(હેડ ક્વાર્ટર્સ)

PRO/597/ADV./2026-27

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**

ઉદ્ધવ જૂથમાં બળવો

# આગલી રાત્રે જ થયો મોટો ખેલ

## ઠાકરેનો વ્હીપ અમાન્ય? સાંસદોના તે પત્રને કારણે ચોંકાવનારી માહિતી પ્રકાશમાં આવી!

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યના રાજકારણમાં મોટો ખળભળાટ મચી ગયો છે. ઉદ્ધવ ઠાકરેની પાર્ટીના કુલ છ સાંસદો અલગ થઈ ગયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, તેઓએ એક અલગ જૂથ બનાવ્યું છે. રસપ્રદ વાત એ છે કે, લોકસભા સ્પીકરે આ બળવાખોર સાંસદોના એક અલગ જૂથને મંજૂરી આપી છે. હવે અલગ જૂથને મંજૂરી મળ્યા બાદ, સાંસદોનું આ જૂથ ટૂંક સમયમાં સીધા મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની પાર્ટીમાં ભળી જશે. તે પછી, ખાસ દળોના આ બળવાની કાનૂની માન્યતા શું છે? ઠાકરે જૂથ શું પગલાં લેશે, ઘણા પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. દરમિયાન, હવે એવી માહિતી પ્રકાશમાં આવી છે જે ઠાકરે જૂથના તણાવમાં વધારો કરે છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ઠાકરે જૂથ દ્વારા જારી કરાયેલ વ્હીપને અમાન્ય જાહેર કરવામાં આવ્યો છે.

ઠાકરે જૂથના ઉપનેતા સુષ્મા અંધારેએ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. આ પ્રેસ કોન્ફરન્સમાં તેમણે પાર્ટીના સાંસદોના બળવા અંગે મહત્વપૂર્ણ માહિતી આપી હતી. ઠાકરે જૂથ હવે બળવાખોર સાંસદો સામે કાનૂની કાર્યવાહી કરવા માટે શક્ય તમામ પગલાં

(જુઓ પાનું ૪) ▸▸

### નિંબાળકર પર શું દબાણ અપાયું?

સંજય રાઉતે ધારાશિવના સાંસદ ઓમરાજે નિંબાળકર પર કેવા પ્રકારનું દબાણ હતું, તે અંગે મોટો ચોંકાવનારો ખુલાસો કર્યો હતો. ઓમરાજેના પિતા પવનરાજે નિંબાળકરની વીસ વર્ષ પહેલાં થયેલી હત્યાનો કેસ મુંબઈ હાઈ કોર્ટમાં ચાલી રહ્યો છે, જેનો ચુકાદો મંગળવારે આવવાનો હતો પરંતુ તે અચાનક પાછો ઠેલવામાં આવ્યો.

રાઉતના જણાવ્યા મુજબ, ઓમરાજેને એક વ્યક્તિ દ્વારા સંદેશો આપવામાં આવ્યો હતો કે જો તેઓ શિંદે જૂથ સાથે જોડાશે, તો કોર્ટનો ચુકાદો તેમની તરફેણમાં લાવી આપવામાં આવશે. સંજય રાઉતે આક્રોશ વ્યક્ત કરતા કહ્યું હતું કે આ ડબલ મર્ડર કેસનો ચુકાદો માત્ર રાજકીય સ્વાર્થ માટે જ અટકાવી દેવામાં આવ્યો છે, જે દેશની લોકશાહી અને કાયદા વ્યવસ્થા માટે ચિંતાજનક છે. ■



(અમય ખરાડે)

## શિવસેના (યુબીટી)એ ૫૦ કરોડ રૂપિયાની ઓફરનો આરોપ લગાવ્યો

મુંબઈ/નવી દિલ્હીઃ શિવસેના (યુબીટી)એ પક્ષમાં બળવાના અહેવાલો વચ્ચે બુધવારે એક વ્હીપ જારી કરીને તેના સાંસદોને 'મહત્વપૂર્ણ મુદ્દાઓ' પર ચર્ચા કરવા માટે નવી દિલ્હીમાં એક બેઠકમાં હાજરી આપવાનો નિર્દેશ આપ્યો, જેનો હેતુ બળવાખોર નેતાઓ સામે ગેરલાયકાતની કાર્યવાહીનો માર્ગ મોકળો કરવાનો છે.

શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે આરોપ લગાવ્યો હતો કે મહારાષ્ટ્રના કેટલાક સાંસદોને '૫૦ કરોડ રૂપિયા'ની ઓફર કરવામાં આવી રહી છે અને બળવાખોરોને પક્ષ બદલવા માગતા હોય તો રાજીનામું આપવા પડકાર ફેંક્યો, એમ કહીને કે ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળના પક્ષના કાર્યકરોએ તેમની જીત માટે મહેનત કરી હતી.

તેમણે એવી ચેતવણી પણ આપી હતી કે જો ૨૦૨૨ની જેમ પાર્ટીમાં થયેલા વિભાજનનું પુનરાવર્તન કરવાનો કોઈ પ્રયાસ કરવામાં આવશે તો મહારાષ્ટ્રના લોકો અને સેના

(જુઓ પાનું ૪) ▸▸

### ...તો હું કાલે દિલ્હી જઈશઃ સંજય દિના પાટીલ

મુંબઈઃ શિવસેના ઠાકરે જૂથના વડા ઉદ્ધવ ઠાકરેને મોટો આંચકો લાગ્યો છે. ૯ માંથી ૬ સાંસદો પાર્ટીથી અલગ થઈ ગયા છે. હવે એવું કહેવામાં આવી રહ્યું છે કે માત્ર ત્રણ સાંસદો ઉદ્ધવ ઠાકરે સાથે છે. જેમાં ત્રણ સાંસદો રાજાભાઉ વાજે, અરવિંદ સાવંત અને અનિલ દેસાઈ હજુ પણ ઉદ્ધવ ઠાકરે સાથે છે. દરમિયાન, ઉદ્ધવ ઠાકરેએ રવિવારે પોતાના તમામ સાંસદોની બેઠક બોલાવી હતી. ત્યારબાદ રાજ્યમાં ફરી એકવાર ઓપરેશન ટાઈગર પર ચર્ચા શરૂ થઈ હતી. આ બેઠકમાં ૯ માંથી માત્ર ૪ સાંસદો રૂબરૂ હાજર રહ્યા હતા. જ્યારે ૫ સાંસદો વીસી દ્વારા હાજર હોવાનું કહેવાય છે. દરમિયાન, ત્યારથી, એવું કહેવામાં આવ્યું હતું કે આ બધા સાંસદો એકનાથ શિંદેના સંપર્કમાં હતા.

આખરે, હવે ચિત્ર લગભગ સ્પષ્ટ થઈ ગયું છે. શિવસેના ઠાકરે જૂથના ૬ સાંસદો અલગ થઈ ગયા છે. નવું જૂથ બનાવવાની ગતિવિધિઓએ વેગ પકડ્યો છે. આ બધા સાંસદો કયા પક્ષમાં જોડાશે? જોકે આ અંગે હજુ

(જુઓ પાનું ૪) ▸▸

પિક્ચર અભી બાકી હૈ!

# હવે 'ઓપરેશન ટાઈગર-૩'

## એકનાથ શિંદેના ખાસ નેતાની આગાહી

મુંબઈઃ શિવસેના (ઠાકરે જૂથ) ના છ સાંસદોએ મંગળવારે રાત્રે દિલ્હી જઈને બળવો કર્યો હતો. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ પણ આ પગલાને માન્યતા આપતા હવે આ જૂથ માટે શિવસેના (શિંદે જૂથ) માં ભળી જવાનો માર્ગ મોકળો થયો છે. 'ઓપરેશન ટાઇગર-ટૂ' સફળતાપૂર્વક પાર પડ્યું છે; જોકે, આ શરૂઆત છે . હવે, માહિતી બહાર આવી રહી છે કે શિવસેના (ઠાકરે જૂથ) સામે 'ઓપરેશન ટાઇગર-૩' પણ શરૂ થવાની તૈયારીમાં છે.

છેલ્લા કેટલાક દિવસોથી મહારાષ્ટ્રમાં 'ઓપરેશન ટાઇગર'ની ચર્ચા ચાલી રહી હતી. ઠાકરે જૂથ સંભવિત વિભાજનને રોકવા માટે ખાસ સાવચેતી રાખી રહ્યું હતું અને ઘણી બેઠકો પણ યોજી હતી. જોકે, આ બધી બેઠકો નિરર્થક સાબિત થઈ. મંગળવારે સાંજે રાજ્યમાં 'ઓપરેશન ટાઇગર-ટૂ' શરૂ થયું.

આ બધા વચ્ચે એકનાથ શિંદેના નજીકના સહયોગી અને શિવસેનાના સાંસદ નરેશ મ્હસ્કેએ એક મહત્વપૂર્ણ આગાહી કરી છે. તેમના મતે નજીકના ભવિષ્યમાં ઠાકરે જૂથમાં વધુ ભાગલા પડી શકે છે. સાંસદોના પક્ષપલટા બાદ હવે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં શિવસેના (ઠાકરે જૂથ)માં ભાગલા પડવાની શક્યતા છે. મ્હસ્કેએ જણાવ્યું છે કે ઠાકરેના કોર્પોરેટરો પણ જૂથ છોડી દે તેવી શક્યતા છે.

શિવસેના છેલ્લા પચીસ વર્ષથી બીએમસીમાં સત્તા પર હતી. પહેલી વાર ભાજપે ત્યાં સત્તા કબજે કરી છે. આમ છતાં, ઠાકરે જૂથે મુંબઈમાં નોંધપાત્ર સફળતા મેળવી છે. હવે નરેશ મ્હસ્કેએ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પણ શિવસેના (ઠાકરે જૂથ)માં વિભાજનની આગાહી કરી છે. આનાથી ઠાકરે પરિવાર પાસે જે પણ તાકાત બચી છે તે સંભવતઃ ખતમ થઈ શકે છે. ■

## વિલેપાર્લેમાં ઈલેક્ટ્રિક કારે ત્રણ વાહનને અડફેટે લેતાં ગુજરાતી મહિલાનું મોતઃ બે જણ ઈજાગ્રસ્ત



(અમય ખરાડે)

મુંબઈઃ વિલે પાર્લે વિસ્તારમાં ડ્રાઇવરે પુરઝડપે અને બેદરકારીપૂર્વક ઇલેક્ટ્રિક કાર હંકારીને બાઇક સહિત ત્રણ વાહનને અડફેટમાં લેતાં ૪૧ વર્ષની ગુજરાતી મહિલાનું મૃત્યુ થયું હતું, જ્યારે અન્ય બે જણ ઘાયલ થયા હતા. વિલે પાર્લે પોલીસે આ પ્રકરણે કારના ડ્રાઇવર વિલાસ શ્રીધર ગવ્હાણકર વિરુદ્ધ ગુનો દાખલ કરીને તેને તાબામાં લીધો હતો.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર વિલે પાર્લે પૂર્વમાં રેલવે સ્ટેશન નજીક વિ.સ. ખાંડેકર રોડ પર માર્કેટ પાસે બુધવારે સાંજે ૪.૩૦થી ૫.૦૦ વાગ્યા દરમિયાન આ અકસ્માત થયો હતો, જેમાં કિંજલ હિરેન શાહ (૪૧) નામની મહિલાનું મૃત્યુ થયું હતું. અકસ્માતમાં ઘવાયેલા અન્યે બે જણની ઓળખ નિર્મલા ડોજિયા તેમ જ પ્રેમજી ડોજિયા તરીકે થઇ હતી, જેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં અને તેમની હાલત નાજુક હોવાનું કહેવાય છે.

ડ્રાઇવર વિલાસ ગવ્હાણકર બુધવારે સાંજના ઇ-કારમાં વિલે પાર્લે સ્ટેશન તરફ જઇ રહ્યો હતો ત્યારે તેણે ઘટનાસ્થળે પૂરપાટ વેગ અને બેદરકારીપૂર્વક કાર હંકારી બાઇક સહિત ત્રણ વાહનને અડફેટમાં લીધાં હતાં. આ અકસ્માતમાં કિંજલ શાહ સહિત ત્રણને ઇજા પહોંચી હતી.

દરમિયાન અકસ્માતની જાણ થતાં વિલે પાર્લે પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટનાસ્થળે આવી પહોંચ્યો હતો અને તપાસ આદરી હતી. ઘાયલોને નજીકની હોસ્પિટલમાં લઇ જવાયાં હતાં, જ્યાં કિંજલ શાહને તપાસી મૃત જાહેર કરવામાં આવી હતી. અકસ્માત સમયે કારનો ડ્રાઇવર દારૂના નશામાં હતો કે કેમ તે બાબતે તપાસ કરવામાં આવી રહી છે. ■

### અરવિંદ સાવંતે ઓમ બિરલાને શું કહ્યું?

વ્હીપ જારી કરતા પહેલા, લોકસભામાં સેના (યુબીટી)ના નેતા સાવંતે સ્પીકર ઓમ બિરલાને વિનંતી કરી કે તેઓ કોઈપણ 'છૂટક' જૂથને માન્યતા ન આપે.

પાર્ટીએ ૨૦૨૨માં નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વમાં ૩૯ વિધાનસભ્યોએ સેના નેતૃત્વ સામે બળવો કર્યો ત્યારે પણ આવો જ વ્હીપ જારી કર્યો હતો, જેના પગલે તેમની સામે ગેરલાયકાતની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

સાવંતે ગૃહમાં નેતૃત્વ નક્કી કરવા, વ્હીપની નિમણૂક કરવા અને રાજકીય પક્ષ તરફથી કાયદાકીય આચરણના પ્રવાહ અંગે દિશાનિર્દેશો જારી કરવાનો અધિકાર હોવાનો દાવો કર્યો હતો. મંગળવારે મોડી રાત્રે બિરલાને લખેલા પત્રમાં તેમણે કહ્યું હતું કે, 'વિધાયક પક્ષ પાસે રાજકીય પક્ષથી અલગ સત્તાનો સ્વતંત્ર સ્રોત નથી.' ■

### ભાજપની કોઈ ભૂમિકા નથીઃ બાવનકુળે

મુંબઈઃ મહારાષ્ટ્ર ભાજપના નેતા ચંદ્રશેખર બાવનકુળેએ બુધવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (યુબીટી)માંથી પક્ષપલટાના કોઈપણ કથિત પ્રયાસ સાથે તેમની પાર્ટીનો કોઈ સંબંધ નથી.

બાવનકુળેએ નાગપુરમાં પત્રકારોને જણાવ્યું હતું કે, ચૂંટાયેલા પ્રતિનિધિઓએ ફક્ત નાણાકીય કારણોસર તેમના રાજકીય હોદ્દા બદલ્યા એમ કહેવું અયોગ્ય છે. મને 'ઓપરેશન ટાઇગર' વિશે કોઈ માહિતી નથી. મને ખબર નથી કે 'ઓપરેશન ટાઇગર' શું છે, કારણ કે મારી પાસે તેના વિશે કોઈ માહિતી નથી, તેથી મારા માટે આ મુદ્દા પર ટિપ્પણી કરવી યોગ્ય રહેશે નહીં. ભાજપના નેતાએ કહ્યું કે રાજકીય પક્ષો અને તેમના વિધાનસભ્યો અંગેના નિર્ણયો સંબંધિત પક્ષના નેતૃત્વનો વિષય છે. ઉદ્ધવ ઠાકરે અને એકનાથ શિંદે જાણે છે કે તેમના પક્ષોમાં શું ચાલી રહ્યું છે. ભાજપનો આ સમગ્ર મુદ્દા સાથે કોઈ સંબંધ નથી, એમ તેમણે કહ્યું હતું.

બાવનકુળેએ વધુમાં કહ્યું કે ભાજપ અને તેના નેતાઓને વિવાદમાં ઘસડવાના પ્રયાસો ગેરવાજબી છે.

ઉદ્ધવ ઠાકરે વિધાનસભ્યો અને સાંસદોને પોતાનો પક્ષ છોડતા અટકાવવામાં અસમર્થ હોવાની ટીકા અંગે પૂછવામાં આવતા, બાવનકુળેએ કહ્યું કે સેના (યુબીટી)ના વડાએ આત્મચિંતન કરવું જોઈએ. (પીટીઆઈ)■

## પોલીસે જપ્ત કરેલો ૮૦ લાખનો તંબાકુનો જથ્થો મૂળ માલિકને પાછો આપવાનો કોર્ટનો આદેશ

પુણેઃ મહારાષ્ટ્રમાં પ્રતિબંધિત તંબાકુજન્ય પદાર્થ પકડી પાડી મોટી કાર્યવાહી કર્યાનો દાવો કરનારી રાજગડ પોલીસને પુણે કોર્ટે લપડાક લગાવી હતી. પોલીસે જપ્ત કરેલો ૮૦.૩૨ લાખ રૂપિયાનો પાનમસાલા, તંબાકુનો જથ્થો હાલપૂરતો મૂળ માલિકને આપવાનો આદેશ કોર્ટે આપ્યો છે.

રાજગડ પોલીસે ૨૮ એપ્રિલે પાનમસાલાની ૧૧૫ ગૂણી તથા તંબાકુ ભરેલી પચીસ ગૂણી સાથેની ટ્રકને પકડી પાડી હતી અને આ પ્રકરણે ગુનો દાખલ કર્યો હતો. જોધપુરના વેપારીએ આ માલ વિજાપુરના વેપારી પાસેથી ખરીદ્યો હતો અને તે જોધપુર લઇ જવામાં આવી રહ્યો હતો.

કોર્ટમાં વેપારીના વકીલ આકાશ કોંડેએ પોલીસની કાર્યવાહી સામે પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો. આ માલ કર્ણાટક અને રાજસ્થાન માટે હતો, જ્યાં તેના પર કોઇ પ્રતિબંધ નથી. પોલીસે ઝકડી સીમા પર ચેકનાકા પરથી એ ટ્રકને મહારાષ્ટ્રની હદમાં લાવીને કાર્યવાહી કરી હોવાનો ખોટો દાવો કર્યો, એવો આરોપ કોંડેએ કર્યો હતો.

કોર્ટે બંને પક્ષની દલીલ સાંભળ્યા બાદ પોલીસની તપાસમાં રહેલી ખામી તરફ આંગળી ચીંધી હતી. આ પ્રકરણમાં પોલીસની તપાસ અંતિમ તબક્કામાં

(જુઓ પાનું ૪) ▸▸

### નિંબાળકરે કહ્યું કે હું દિલ્હી ગયો નથી

મુંબઈઃ રાજ્યમાં શિવસેના (યુબીટી)ના સાંસદોના મતવિસ્તારમાંથી ઓપરેશન ટાઈગર દિલ્હી પહોંચ્યું છે અને સાંસદ ઓમરાજે નિમ્બાળકરના નામથી ઘણા લોકો ભ્રમિત થયા છે. શિવસેનામાં બળવા પછી, ચૂંટણી પ્રચાર દરમિયાન, જે સાંસદોએ ઉદ્ધવ ઠાકરે સાથે અંત સુધી રહેવાનું વચન આપ્યું હતું, તેઓ હવે તેમનો સાથ છોડી રહ્યા છે. ધારાશિવના સાંસદ ઓમરાજે નિમ્બાળકરનું નામ આવ્યા પછી, રાજ્યભરમાંથી તેમને ટ્રોલ કરવામાં આવી રહ્યા છે. તેમના કેટલાક જૂના વીડિયો પણ વાયરલ થઈ રહ્યા છે. હવે, ઓમરાજે નિમ્બાળકરે ઓપરેશન ટાઈગર પર પોતાની પહેલી પ્રતિક્રિયા આપતાં કહ્યું છે કે તેઓ પુણેમાં છે.

રાજ્યમાં ચાલી રહેલા ઓપરેશન ટાઈગર પર સાંસદ ઓમરાજે નિમ્બાલકરે કહ્યું છે કે તેઓ દિલ્હી ગયા નથી, તેઓ પુણેમાં જ છે. તેમણે એમ પણ કહ્યું છે કે તેઓ વીસ તારીખ પછી મીડિયાને પોતાની સ્થિતિ વિશે જણાવશે. તેથી, છેલ્લા બે દિવસથી ચાલી રહેલી સાંસદ ઓમરાજે નિમ્બાળકરની શિંદે સેનામાં જોડાવાની ચર્ચા હાલ પૂરતી બંધ થઈ ગઈ હોય તેવું લાગે છે. ■

### છ માંથી બે સાંસદોની સહીઓ નથીઃ સૂત્રો

દિલ્હીમાં ચાલી રહેલા ઓપરેશન ટાઈગર અંગે હજુ પણ મૂંઝવણ પ્રવર્તી રહી છે. જ્યારે એવી ચર્ચા છે કે છ સાંસદોએ સહીનો પત્ર આપ્યો છે, ત્યારે તે પત્ર કે પછી છ સાંસદોના ફોટા હજુ સુધી કેમ સામે આવ્યા નથી એવો સવાલ ઉપસ્થિત થઈ રહ્યો છે. તેથી, ઠાકરેની શિવસેના એવો દાવો કરી રહી છે કે છમાંથી બે સાંસદોએ પત્ર પર સહી કરી નથી. હાલ આ સાંસદો પર કોઈ ટિપ્પણી ન કરવાનો પણ આદેશ આપવામાં આવ્યો છે.

એવા અહેવાલો હતા કે ઓપરેશન ટાઈગર સફળ રહ્યું છે કારણ કે ઠાકરેના છ સાંસદોએ તેમનો પક્ષ છોડી દીધો. જોકે, શિવસેના (યુબીટી) હવે એવો દાવો કરી રહી છે કે તે છમાંથી બે સાંસદો હજુ પણ તેમની શિવસેનામાં છે. ઠાકરેની શિવસેનાએ એવો પણ દાવો કર્યો છે કે લોકસભા અધ્યક્ષને આપવામાં આવેલા પત્રમાં છ સાંસદોની સહીઓ નથી. ■

### શિંદેના ખાસ નેતાએ થાણેથી ફેરવી આખી ગેમ

મુંબઈઃ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ શિંદે જૂથના 'ઓપરેશન ટાઈગર' અંતર્ગત ઠાકરે જૂથના દરેક સાંસદને પોતાના પક્ષ તરફ વાળવા માટે શિંદે જૂથના મોટા નેતાઓને ગુપ્ત જવાબદારી સોંપવામાં આવી હતી. આમાં ઓમરાજે નિંબાળકરને મનાવવાની અને તેમની 'ક્રેડેન્શિયલ્સ' સંભાળવાની જવાબદારી વિધાનસભ્ય પ્રતાપ સરનાઈકને આપવામાં આવી હતી.

રાજ્યના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકએ ધારાશિવના પાલક પ્રધાન છે, જ્યારે ઓમરાજે નિંબાળકર ધારાશિવના સાંસદ છે. આ જ કારણે પ્રતાપ સરનાઈક સાથે તેમનો સતત સંપર્ક થતો રહેતો હતો. એવું પણ કહેવાય છે કે ઓમરાજે નિંબાળકર તરફથી આવતા વિકાસ કાર્યો માટે પ્રતાપ સરનાઈકે ફંડ પણ મંજૂર કર્યું હતું. આ બધી બાબતોમાંથી જ 'ઓપરેશન ટાઈગર'ના બીજ રોપવાની શરૂઆત થઈ હોવાની માહિતી સામે આવી છે. પ્રતાપ સરનાઈકના માધ્યમથી જ ઓમરાજે નિંબાળકર શિંદે જૂથમાં જોડાવા માટે તૈયાર થયા હોવાનું સામે આવ્યું છે. ■

## અખરોટની આયાતમાં કસ્ટમ્સ ડ્યૂટી ચોરીના ૧૩૮.૮૪ કરોડ રૂપિયાના કૌભાંડનો પર્દાફાશ

### મુંબઈમાં અનેક સ્થળે સીઆઇયુની રેઈડઃ પાંચ જણની ધરપકડ

મુંબઈઃ નવી મુંબઈના ન્હાવા શેવામાં અખરોટની છેતરામણી આયાત સાથે સંકળાયેલા અત્યાધુનિક કસ્ટમ્સ ડ્યૂટી ચોરીના રેકેટનો અધિકારીઓએ પર્દાફાશ કર્યો હતો. કુલ ૧૩૮.૮૪ કરોડ રૂપિયાની ડ્યૂટી ચોરી કરાઇ હોવાનું સામે આવ્યા બાદ પાંચ વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી. ન્હાવા શેવા ખાતે જવાહરલાલ નેહરુ કસ્ટમ્સ હાઉસ (જેએનસીએચ)ના સેન્ટ્રલ ઇન્ટેલિજન્સ યુનિટ દ્વારા મુંબઈમાં અનેક સ્થળે રેઇડ પાડવામાં આવી હતી અને દસ્તાવેજી અને ડિજિટલ પુરાવા જપ્ત કરાયા હતા, એમ અધિકારીએ કહ્યું હતું.

સેન્ટ્રલ ઇન્ટેલિજન્સ યુનિટે (સીઆઇયુ) ચોક્કસ માહિતીને આધારે 'ઑપરેશન કો-ફાઇન્ડ' હાથ ધર્યું હતું, જેમાં આ સિન્ડિકેટનો પર્દાફાશ થયો હતો.

ચીન, યુએસએ અને ચિલીથી આવેલાં કન્સાઇનમેન્ટ યુએઇના જેબેલ અલી થકી વાળવામાં આવ્યાં હતાં અને સાઉથ એશિયન ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ

(જુઓ પાનું ૪) ▸▸

## ઉદ્ધવ જૂથમાં બળવા માટેનાં આઠ મુખ્ય કારણ

મુંબઈઃ મહારાષ્ટ્રનું રાજકારણમાં ફરી એકવાર ગરમાયું છે. ઉદ્ધવ ઠાકરેની શિવસેનાના નવમાંથી સાત સાંસદો હાલમાં દિલ્હીમાં છે અને નજીકના ભવિષ્યમાં શિંદે જૂથમાં જોડાવાની તૈયારીમાં છે. આ અસંતોષ રાતોરાત ઉભો થયો નથી; પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં બદલાતા રાજકીય સંજોગો અને સંગઠનાત્મક પડકારોને કારણે તે સતત વધતો ગયો છે. આ સાત સાંસદોએ ઉદ્ધવ સામે બળવો કર્યો તેના આઠ કારણો જાણો.

૧) મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં અપેક્ષિત સફળતા ન મળ્યા પછી, ઘણા સાંસદોને એવું લાગવા લાગ્યું કે પક્ષનું નેતૃત્વ હારના કારણો અંગે આત્મનિરીક્ષણ કરી રહ્યું નથી. વિરોધ પક્ષમાં હોવાથી તેમની રાજકીય ભૂમિકા મર્યાદિત થતી ગઈ અને તેઓ પક્ષમાં અસ્વસ્થતા અનુભવવા લાગ્યા.

૨) સાંસદો સામે સૌથી મોટો પડકાર તેમના મતવિસ્તારમાં વિકાસ કાર્યોનો અમલ હતો. ભંડોળ અને યોજનાઓ પર મહાયુતિ સરકારનું નિયંત્રણ હોવાથી શિવસેના (યુબીટી)ના સાંસદો ઘણીવાર તેમના વિસ્તારો માટે જરૂરી સહયોગ મેળવવામાં નિષ્ફળ ગયા. જેના કારણે સાંસદો સામે રાજકીય મુશ્કેલીઓમાં વધારો થયો.

૩) વિધાનસભા ચૂંટણી પછી યોજાયેલી મ્યુનિસિપલ કાઉન્સિલ, મ્યુનિસિપલ કોર્પોરેશન, નગર પંચાયત અને જિલ્લા પરિષદ ચૂંટણીઓમાં પક્ષનું પ્રદર્શન અપેક્ષા મુજબ ન રહ્યું. ઘણા વિસ્તારોમાં પક્ષ ચોથા કે પાંચમા સ્થાને ધકેલાઈ ગયો, જેના કારણે સાંસદોની ભવિષ્ય અંગે ચિંતા વધી ગઈ.

૪) મુંબઈને શિવસેનાનો પરંપરાગત ગઢ માનવામાં આવે છે. પાર્ટીએ મુંબઈ મ્યુનિસિપલ ચૂંટણીમાં એડીચોટીનું જોર લગાવવા છતાં અપેક્ષિત સફળતા ન મળી. પરિણામોએ પક્ષના સાંસદોને તેમની ભાવિ રાજકીય સંભાવનાઓ અંગે વિચારવા

(જુઓ પાનું ૪) ▸▸

## આઈએએસ અશ્વિની જોશીની બદલી મુલતવી

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાના એડિશનલ કમિશનર ડૉ. અશ્વિની જોશીની બદલી કરીને તેમની નિમણૂક એમએમઆરડીએના એડિશનલ મેટ્રોપોલિટન કમિશનર પદે કરવાનો આદેશ બહાર પાડવામાં આવ્યો હતો. જોકે, તેમનો કાર્યકાળ પૂરો થવામાં હજુ થોડા મહિના બાકી હોવા છતાં તેમની બદલી કરવામાં આવતા વહીવટી વર્તુળોમાં ભારે ચર્ચા જાગી હતી. આ દરમિયાન હવે અશ્વિની જોશીની બદલી પર ૨૪ કલાકમાં જ રોક લગાવી દેવામાં આવી છે.

અશ્વિની જોશીની બદલી બાદ મુંબઈ મહાનગરપાલિકામાં ખાલી પડેલા

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.